بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-નવેમ્બર-૨૦૧૨**

ઝીલ્ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૩-૧૪૩૪

વર્ષ : ૦૯, અંક : ૧૧, સળંગ અંક : ૧૦૭



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | મહબ્બતે રસૂલ ﷺ ની જ્યોતને અધિક તેજ કરો ! | ૦૨ |
| ૦૨ | શું આવી એકતા ઈસ્લામમાં જાઈઝ છે ?! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૪ |
| ૦૫ | હદાઈકે બખ્શિશ | ૧૬ |
| ૦૬ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૨૧ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો | ૨૩ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૪ |
| ૦૯ | કાનૂને શરીઅત | ૨૬ |
| ૧૦ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૩૦ |
| ૧૧ | હઝરત સલમાન ફારસીના ઈસ્લામ સ્વીકારની.... | ૩૧ |
| ૧૨ | ગુલામી પ્રથા : સઉદી અરબ અને ઈસ્લામ | ૩૫ |
| ૧૩ | અમરીકી ફિલ્મ : ક્યૂં બની ઔર હમેં ક્યા કરના... | ૩૯ |
| ૧૪ | તલાક વિશે સવાલ જવાબ | ૪૫ |
| ૧૫ | ફઝાઈલે હસ્નૈન رضی اللہ عنہما | ૪૬ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


જહાં બાની અતા કર દે ભરી જન્નત હેબા કર દે
નબી મુખ્તારે કુલ હૈ, જિસકો જો ચાહેં અતા કર દે
જહાં મેં ઉન્કી ચલતી હૈ, વો દમ મેં કયા સે કયા કર દે
ઝમીં કો આસ્માં કર દે, સુરૈયા કો શરા કર દે
ફિઝા મેં ઉળને વાલે, યૂં ન ઈતરાએં, નિદા કર દે
વો જબ ચાહેં, જિસે ચાહેં, ઉસે ફર્મા રવા કર દે
મેરી મુશ્કિલ કો યૂં આસાં મેરે મુશ્કિલ કુશા કર દે
હર ઈક મોજે બલા કો મેરે મૌલા નાખુદા કર દે
મુનવ્વર મેરી આંખો કો, મેરે શમ્સુદુહા કર દે
ગમોં કી ધૂપ મેં વો સાયએ ઝુલ્ફે દોતા કર દે
અતા હો બેખૂદી મુઝ કો, ખૂદી મેરી હવા કર દે
મુઝે યૂં અપની ઉલ્ફત મેં મેરે મૌલા ફના કર દે
જહાં મેં આમ પયગામે શહે અહમદ રઝા કર દે
પલટ કર પીછે દેખેં, ફિર સે તજદીદે વફા કર દે
નબી સે જો હો બૈગાના, ઉસે દિલ સે જુદા કર દે
પિદર, માદર, બિરાદર, માલો જાં ઉન પર ફિદા કર દે
મુઝે કયા ફિક્ર હો **"અખ્તર"** મેરે યાવર હૈં વો યાવર
બલાઓં કો જો મેરી ખૂદ ગિરફતારે બલા કર દે

*(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی)*

## આક઼ાએ કાયનાત ﷺની બેઅદબી કરતી ફિલ્મનો શ્રેષ્ઠ જવાબ

# મહબ્બતે રસૂલ ﷺની જ્યોતને અધિક તેજ કરો !

હુઝૂર ﷺની બરકતવંત જાત અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની સૌથી મોટી નેઅમત છે. રહમાન તથા રહીમ રબે આપને ''રહ્‌મતુલ્લિલ આલમીન''ના લક઼બથી નવાજ્યા. અલ્લાહની મખ્લૂક઼માં કોઈ એવું નથી જેને હુઝૂર ﷺની રહમતનો હિસ્સો ન મળ્યો હોય. અંબિયા, ફરિશ્તાઓ, પ્રાણી, પક્ષી, વનસ્પતિ, પથ્થર, જિન તથા ઈન્સાન બધાએ જ તેમની રહમતથી હિસ્સો મેળવ્યો. એ જ કારણે દરેક પર આપની ઈતાઅત (આજ્ઞાપાલન) જરૂરી કરી દેવામાં આવી. જેમ કે હુઝૂર ﷺએ વૃક્ષને બોલાવ્યું તો એ દોડતુ હાજર થયું, કાંકરીઓએ કલ્મો પઢયો, ચાંદ ટુકડા થઈ ગયો અને આપના હુકમથી સૂરજ પાછો ફર્યો. જેણે જેણે ઈતાઅત કરી તેણે ઈજ્જત પણ મેળવી અને ગુલામીની સનદ પણ મેળવી. હુઝૂર ﷺની આ ઈતાઅત જબરદસ્તીપૂર્વકની ન હતી પરંતુ મહોબ્બતભરી હતી કેમ કે મહોબ્બત વિના ઈતાઅત (આજ્ઞાપાલન) પુરકૈફ નથી હોતી પણ નિરર્થક હોય છે. એટલા માટે અલ્લાહે અને ખૂદ હુઝૂર ﷺએ પોતાની મહોબ્બતની તા'લીમ આપી અને સહાબાએ કિરામે મહબ્બતે રસૂલની તાક઼તથી જ દુનિયા ફતેહ કરી. ઈતિહાસ ગવાહ છે કે ઈશ્ક઼ે રસૂલમાં ડૂબેલા સહાબાએ કિરામ ચટાઈ પર બેસી, પેટ પર પથ્થર બાંધી, ઝુપડાંઓમાં રહી અને ગરમ રેતી પર ચાદર પાથરીને સૂઈ જતા, છતાં પણ એમણે દુનિયાના કેટલાય દેશોને ફતેહ કર્યા અને ત્યાં ઈસ્લામી જીવન વ્યવસ્થા લાગુ કરી.

આજે ઈશ્ક઼ે રસૂલ ﷺની જ્યોતને ઓલવવા અને તેની જ્યોતને મંદ કરવાની કોશિશ થઈ રહી છે, અને એના માટે નીચથી નીચ તરીક઼ો અપનાવવામાં આવી રહ્યો છે. પશ્ચિમી તાક઼તો (યૂરોપ–અમેરિકા) એવું સમજે છે કે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامની ગુસ્તાખી કરીને કામયાબ થઈ જાશું, અને ગુલામાને રસૂલ ﷺનાં દિલોમાંથી ઈશ્ક઼ે રસૂલ નીકળી જશે અને ઈસ્લામ પર અમને પ્રભુત્વ મળી જશે, પણ એમણે એ વાત હમેશા યાદ રાખવી જોઈએ કે એ ખ્વાબ ફક્ત ખ્વાબ રહેશે, ક્યારેય હક઼ીક઼ત નહીં બની શકે. ઈતિહાસ ગવાહ છે કે જે કોઈએ પણ હુઝૂર ﷺની ગુસ્તાખી કરી એનો અંજામ જલ્દી અથવા મોડેથી ઘણા જ ઈબ્રતનાક અંદાજમાં આવ્યો. હાલમાં અમેરિકામાં બનેલી ફિલ્મ જેમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાનમાં ખૂબ જ ગુસ્તાખી, તૌહીન ભરેલી વાતો કહેવામાં આવી જેનાથી આખી દુનિયાના મુસલમાનોમાં અજીબ અજંપો જોવામાં આવી રહ્યો છે. હક઼ીક઼તમાં ફિલ્મ બનાવવાવાળા અને એના સહાયકોએ ભયંકર ભૂલ કરી પોતાની તબાહીને દા'વત આપી છે. દુનિયા ગુસ્તાખોના અંજામને પોતાની આંખોથી જોશે, ઈન્શાઅલ્લાહ !

સવાલ એ પેદા થાય છે કે આવી હાલતમાં આપણી જિમ્મેદારી શું હોવી જોઈએ ? આપણા પર જરૂરી છે કે મહબ્બતે રસૂલ ﷺને એવી રીતે દિલમાં વસાવી લઈએ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી વધારે ઈન્સાનોમાં આપણને કોઈ મહબૂબ ન હોય, અને આ મહોબ્બત પૈદા થશે ઝિક્રે રસૂલ ﷺ કરવાથી, જેથી ઠેકઠેકાણે હુઝૂર ﷺના ઝિક્રની મહેફિલ કરો. હુઝૂર علیہ الصلوٰۃ والسلامના કમાલાત, ઉમદા અખ્લાક઼, ઉમ્મતની ફિકર, રૂખે ઝૈબાની ખૂબસૂરતી, ઝુલ્ફોની બરકતો, ક઼દમૈન શરીફૈનની અઝમત, ઈલ્મે મુસ્તફા ﷺ, કરમે મુસ્તફા ﷺ, દુરૂદની સૌગાત, સહાબાએ કિરામના ઈશ્ક઼ે રસૂલના વાક઼િઆત પોતે પણ પઢો અને એનો ખૂબ પ્રમાણમાં ફેલાવો, પ્રચાર કરો. અને એના ઉપરાંત શફાઅતની હદીષો પઢો અને સભળાવો, ખાસ કરીને સીરતે નબી علیہ الصلوٰۃ والسلام પર લખેલી કિતાબો દરેક ભાષામાં લોકો સુધી પહોંચાડો, જેથી કરીને લોકોના દિલોમાં મહબ્બતે રસૂલ ﷺ પેદા થાય. **એ ગુસ્તાખી ભરેલી ફિલ્મનો સાચો જવાબ એ છે કે પશ્ચિમી તરીક઼ાને છોડી હુઝૂર ﷺના ઉત્તમ અખ્લાક઼ને અપનાવવામાં આવે અને એમની મહોબ્બતની જ્યોતને વધુ તેજ કરવામાં આવે.** અને આ ગુસ્તાખોને એ બતાવી દેવામાં આવે કે તમે અમારા નબી علیہ الصلوٰۃ والسلامની શાનમાં જેટલી ગુસ્તાખીઓ કરશો અમે એટલું જ અધિક નામ લઈશું અને અમારા સીનાને એમના ઝિક્રથી રોશન કરીશું.

**એક નાની સરખી વિનંતિ** : દરેક જુમ્આની રાત્રે પોતાના ઘરોમાં ૧૨૦૦ વખત કમસેકમ દુરૂદ શરીફ પઢ યા કરો, ઈન્શાઅલ્લાહ ! એની બરકતો જરૂર મયસ્સર થશે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, નવેમ્બર–૨૦૧૨ અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી–અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, અનુવાદક : હાફેઝ મુહમ્મદ સજ્જાદ–દયાદરા)*

# શું આવી એકતા ઈસ્લામમાં જાઈઝ છે ?!

તંત્રી લેખ

વર્તમાન સમયમાં જાણે મુસ્લિમોના હમદર્દો ખૂબ જ પ્રમાણમાં પેદા થઈ ગયા છે ! દીને ઈસ્લામની તા'લીમનો જાણે ખૂબ પ્રચાર થઈ રહ્યો છે, દીને ઈસ્લામની તબ્લીગના નામે કહેવાતા મુસલમાનો ખૂબ ભાગદોડમાં તથા મહેનતમાં વ્યસ્ત જણાય રહ્યા છે, દરરોજ ઠેકઠેકાણે દીનના પ્રચારના નામે ઈજતેમાઓ થઈ રહ્યા છે, જલસાઓ થઈ રહ્યા છે, કહેવાતા ઉલમા તથા મુબલ્લિગો લોકોને દીનની શરીઅતની વાતો સમજાવવા જાણે ખૂબ કોશિશમાં લાગેલા છે, જો કે અલ્લાહ તો તેમની અસલ નિય્યતને જાણે જ છે ! કોઈ પોતાને ''અહલે હદીષ''થી ઓળખાવે છે અને હદીષો પર જ ચાલતો હોવાનો ડોળ કરી દીનના નામે ભોળી મુસ્લિમ પ્રજાને પોતાના પ્રતિ આકર્ષવા મથી રહ્યો છે, તો વળી કોઈ ક઼ૌમનો હમદર્દ બની મુસ્લિમ ક઼ૌમને સુધારવાનું બહાનુ આગળ ધરી પોતાને ''તબ્લીગી જમાઅત''નું નામ આપી ટોળીઓ બનાવી શેરીઓના ચક્કર કાપી રહેલ છે. કોઈ હઝરત અલી رضی اللہ عنہ, ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતની મહોબ્બતની વાતો કરીને તેની આડમાં લોકોને છેતરીને હઝરત અબૂબક્ર તથા ઉમર તથા અન્ય સહાબાની તથા હઝરત આઈશા સિદ્દીક઼ા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَની તૌહીન કરીને ''શીઆ'' તરીકે ઓળખાય છે. તો વળી ક્યાંક કોઈ સર્વ વિવિધ અક઼ીદાવાળા ફિર્ક઼ાઓને ભેગા કરી ''મુસ્લિમ એકતા''ના નામે ક઼ૌમને અવળે પાટે લઈ જઈ રહેલ છે ! અને તેમાં કહેવાતા સુન્ની પીર, મુફતી, શયખ તથા મોલ્વી પણ જોડાયેલા જણાય છે ! આવા નાઝુક સંજોગોમાં મુસલમાનો સાવધાન ન થાય અને હક઼્ક઼ને પહેચાનવાની દરકાર ન રાખે તો ગુમરાહીને ઈસ્લામ સમજીને ઘણા ભોળા ભાઈઓ હમેશાં માટે જહન્નમમાં જનારી ટોળીમાં સપડાવાનો સો ટકા ભય રહેલો છે. માટે હે મુસલમાનો ! સાવધાન થઈ જાવ અને સાચા માર્ગને પિછાણો ! સીધો માર્ગ, સિરાતે મુસ્તકીમ કયો છે તેને સમજો ! અને તેના પર જામી જાવ.

## ★ શું સર્વ ફિર્ક઼ાવાળા એક અલ્લાહ, એક રસૂલ, એક ક઼ુર્આનને માને છે ?! ★

કેટલાક દુનિયા પરસ્ત, રાજકરણી તથા અજ્ઞાન લોકો સામાન્યજનોને એ રીતે બહેકાવે છે કે બધુ જ સરખુ છે ! અહલે હદીષ હોય કે તબ્લીગી જમાઅતી હોય કે મૌદૂદી હોય કે અહલે સુન્નત (સુન્ની) હોય, **સૌ એક અલ્લાહ એક રસૂલ અને એક ક઼ુર્આનને માનનારા જ છે !** માટે સૌ એક થઈ જાવ અને ''મુસ્લિમ એકતા''ને મજૂબત કરો ! તો અમારો તેમને પ્રશ્ન છે કે **શું ખરેખર સર્વ ફિર્ક઼ાવાળા એક અલ્લાહ, એક રસૂલ તથા એક ક઼ુર્આનને જ માને છે જેવો કે માનવાનો હક઼્ક઼ છે ?!**

અમને જણાવો કે **જે એવું કહે કે, ''અલ્લાહ જૂઠુ બોલી શકે છે ?'' તેણે અલ્લાહ પર અયબ લગાડી કે નહીં ?** જૂઠુ બોલવું અયબ તથા ગુનોહ છે કે નથી ? અને અલ્લાહને સર્વ અયબોથી પાક માનવું જરૂરિયાતે દીનમાંથી છે કે નથી ? છે અને યક઼ીનન છે ! અરે ! મુસલમાન તો તે કહેવાય છે જે અલ્લાહ પર અયબની શંકા પણ ન લાવે ! અહીં હવાલો રજૂ કરીએ છીએ જેમાં સ્પષ્ટ કહેવાય રહ્યું છે કે ''ખુદા જૂઠુ બોલી શકે છે !'' જૂઠુ બોલવું ગુનોહ છે તો શું ખુદા ગુનોહ કરી શકશે ?! (મઆઝલ્લાહ !)

તો પછી અલ્લાહને અયબ લગાડનારે અલ્લાહને ક્યાં માન્યો જ છે ? ઝબાનથી **લાઈલાહ ઈલ્લલ્લાહ** (અલ્લાહ સિવાય કોઈ પૂજનીય નથી)ની રટ લગાડતો રહીને ઉપરથી અલ્લાહમાં અયબની શક્યતા માનનારો શું મુસલમાન કહેવાશે ?! સારાંશ કે એ અલ્લાહનો મુન્કિર છે ! *(જુઓ તબ્લીગ જમાઅતના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ "યકરોઝી" પેજ નં. : ૧૪૫ તથા મોલ્વી ખલીલ અહમદ અંબેઠવીની કિતાબ "બરાહીને કાતિઅહ", પેજ નં. ૭, ૮ તેમજ રશીદ અહમદ ગંગોહીની કિતાબ "ફતાવા રશીદિયહ", ભાગ : ૧, પેજ : ૧૮, ૧૯ તથા મોલ્વી મહેમૂદ હસન દેવબંદીની કિતાબ "જોહદુલ મિકલ", ભાગ : ૧, પેજ : ૭૭, વગેરે. વધુ ખુલાસા માટે વાંચો ગુજરાતી કિતાબ સુન્ની કોણ ? દારુલ ઉલૂમ શાહે આલમ, અમદાવાદ)*

**હવે એક કુર્આનને માનવાના દાવાને આ જ વિષયે જોઈ લઈએ** કે કુર્આને પાકમાં શું છે ? રબ ફર્માવે છે : وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا "અને અલ્લાહથી વધારે કોની વાત સાચી ?" *(સૂરએ નિસાઅ, પારા : ૫, આયત : ૮૭)*

તફસીરની કિતાબોમાં આ આયતની તફસીરોમાં આપણા બુઝુર્ગો વર્ષો પહેલાં દર્શાવી ગયા જ્યારે આ જમાઅતી તથા હાલના કહેવાતા અહલે હદીષ (ગૈર મુકલ્લિદ) ફિર્કા પેદા પણ થયા ન હતા કે, **"અલ્લાહનું જૂઠુ બોલવું અશક્ય છે, તે વાદા ખિલાફી નથી કરતો. તે જૂઠથી પાક છે."** *(જુઓ તફસીરે ખાઝિન તફસીરે મદારિક, તફસીરે બયઝાવી, તફસીરે કબીર, તફસીરે અબૂ સઊદ, તફસીરે રૂહુલ બયાન, શર્હે મુવાફિક, શર્હે અકાઈદે જલાલી....વગેરે)* **હવે તમે કહો કે શું આ જમાઅતી તથા ગૈર મુકલ્લિદો એક કુર્આનને પણ માનનારા રહ્યા છે ?** કુર્આનને માનતા હોત તો ખુદા જૂઠુ બોલી શકે ન કહેત !

**એક રસૂલને માનવાનો દાવો પણ જોઈ લો !** કહેવાતા અહલે હદીષ તથા દેવબંદી જમાઅતીના સંયુક્ત પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેણે એક જ સમયે બે ફિર્કા, ગૈર મુકલ્લિદ કહેવાતા અહલે હદીષ તથા જમાતી દેવબંદીનો પાયો નાખ્યો તે પોતાની કિતાબ "તકવિયતુલ ઈમાન" (પેજ : ૧૨૩)માં (જે દારુલ ઉલૂમ અરબિયા, કંથારીયા, તા. જિ. ભરૂચ ખાતે ગુજરાતીમાં પણ મળે છે તેનો જ પેજ નંબર અહીં રજૂ કર્યો છે) રસૂલે પાક ﷺ વિશે શું લખે છે તેની ઝલક જોઈ લો :–

**જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કશી ચીજના માલિક અને મુખ્તાર નથી."**

પોતાના મોલ્વીઓને હઝરત, અલ્લામા, કાસિમુલ ઉલૂમ, શયખુલ ઈસ્લામ, શયખુલ હિંદ, મુફતીએ આ'ઝમ....વગેરે મહાન મહાન લકબોથી સંબોધવામાં આવે છે, જ્યારે આ લખાણનો અંદાઝ જુઓ, એમાં તમને બદ્તમીઝી તથા બેઅદબી નથી જણાતી કે અલ્લાહના નબી તથા મહાન સહાબીને ડાયરેક્ટ નામથી સંબોધીને પછી તેમને કશા ઈખ્તિયાર વિનાના લાચાર બંદા જાહેર કરી દેવામાં આવ્યા છે !

તેમજ આ જ ફિર્કાવાળા પોતાની જમીનો ઘરોની લે વેચ કરે તો ગવર્નમેન્ટી દસ્તાવેજમાં પોતાને "કુલ મુખ્તાર" દર્શાવે અને તેને રજીસ્ટર્ડ કરાવે તો વાંધો નહીં ! પોતાના ઘરના પોતે માલિક તથા મુખ્તાર ! દુકાનના માલિક તથા મુખ્તાર ! આ બધું ઘર, જમીન, દુકાન, મિલ્કત એમને કોણે આપી ? અલ્લાહે જ ને ! તો એઓ માલિક તથા મુખ્તાર ઠર્યા, જ્યારે **અલ્લાહના રસૂલ ﷺની એ પણ હૈસિયત એમને ત્યાં નથી કે અલ્લાહના આપવાથી પણ કોઈ ચીજના માલિક કે મુખ્તાર બને ?!** શું આ

રસૂલને માનવું છે કે કેવળ કલમાનું જૂઠુ રટણ છે ?! જાતે જ સમજો ! એને પણ જવા દો ! બલ્કે એમના (જમાતીઓના) પેશવા રશીદ અહમદ ગંગોહી પોતાની કિતાબ તઝકેરતુર્રશીદમાં લખે છે કે :–

"હું જ્યારે હકીકતમાં સરકાર (અંગ્રેજ)નો ફર્માંબરદાર રહ્યો છું તો જૂઠા આક્ષેપથી મારો વાળ પણ વાંકો ન થશે અને જો માર્યો પણ ગયો તો (અંગ્રેજ) સરકાર **માલિક છે તેને ઈખ્તિયાર છે જે ચાહે કરે !"** *(તઝકેરતુર્રશીદ, ૧/૮૦)*

**એ અંગ્રેજ સરકારનો કલ્મો પઢયા છે કે અલ્લાહના રસૂલનો ?! કેમ કે સરકાર રસૂલે પાક ﷺ માટે તો લખ્યું છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કશી ચીજના માલિક તથા મુખ્તાર નથી !" અને અંગ્રેજ સરકારની પ્રતિ આ અકીદત ?! આ ગુલામે રસૂલ છે કે ગુલામે અંગ્રેજ ?!**

સારાંશ કે કેવળ ઝબાનથી કલમો પઢી લેવાથી મુસલમાન નથી થઈ શકાતું બલ્કે સર્વ જરૂરિયાતે દીનને સ્વીકારવાથી જ મુસલમાન કહેવાશે, નહીં તો કલ્મો તો ગાંધીજી તેમજ અન્ય ગૈર મુસ્લિમોએ પણ ઝબાનથી પઢેલો છે તો એમને પણ મુસલમાન કહીશું ?! અસલ ચીજ ઝબાન સાથે દિલથી સ્વીકારવું છે, એક તરફ કલ્માનું રટણ બીજી બાજુ અલ્લાહનું જૂઠુ બોલવું શક્ય માનવું, નબી ﷺની બેઅદબી કરવી, તેમને લાચાર તથા આજિઝ બંદા સમજવા, આ મુસલમાની છે ?! કુર્આનમાં તો રબના કલામમાં હઝરત ઈસા عليه السلامના માટે આ પ્રમાણે ઈખ્તિયાર, ઈલ્મે ગયબ વગેરેની જાહેરાત છે કે :–

*"(ઈસા عليه السلامએ ફર્માવ્યું) હું તમારા માટે પક્ષીઓ જેવી સૂરત બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તરત જ ઉડનાર (પક્ષી) બની જાય છે અલ્લાહના હુકમથી, અને (હું) શિફા આપુ છું જન્મજાત આંધળાઓને અને કોઢવાળાઓને, અને હું મુડદાં જીવંત કરું છું અલ્લાહના હુકમથી. અને તમને બતાવી દઉં છું જે તમે ખાવ છો અને જે તમે તમારા ઘરોમાં ભેગુ કરી રાખો છો. બેશક ! આ વાતોમાં તમારા માટે ઘણી નિશાનીઓ છે, જો તમે ઈમાન રાખતા હોઉ તો." (સૂરએ આલે ઈમ્રાન, પારા : ૩, રુકૂઅ : ૧૪, આયત : ૪૯)*

શું આ સ્પષ્ટ આયતો પર દેવબંદી જમાતી, અહલે હદીષનું ઈમાન નથી ?! જો છે તો પછી શા માટે તેમની કિતાબ "તકવિયતુલ ઈમાન"માં નબીઓના ઈમામ, રસૂલે આ'ઝમ ﷺ માટે એક આયતનું અર્થઘટન આ રીતે રજૂ કર્યું છે કે :–

*એટલે કે નબી ﷺ ફર્માવે છે : ".....મને કાંઈ જ કુદરત નથી અને હું ગયબ પણ નથી જાણતો. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાવી લો કે હું સ્વજાત માટે નફા–નુકસાનનો માલિક નથી, તો બીજાઓને તો શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?! (તકવિયતુલ ઈમાન, પેજ : ૭૪, ૪૫)*

આ જમાતીઓના પેશવાની કિતાબ સાબિત કરી રહી છે કે, "સૈયદુલ અંબિયા ﷺને ન ઈલ્મે ગયબ છે ન કાંઈ ઈખ્તિયાર છે, એઓ પોતાની જાત માટે નફા નુકસાનનો અધિકાર નથી ધરાવતા તો અન્યને શું લાભ પહોંચાડી શકે ?!" ઉપર દર્શાવ્યું તેમ કુર્આનમાં રબ એલાન કરાવે છે કે હઝરત ઈસા عليه السلام મુડદાંને જીવંત કરે છે, તેમની ફૂંકમાં જીવન છે, તે ગયબની વાતો જાણી લે છે, કોઢી, આંધળા, બીમારને સાજા કરી આપે છે, આ બધા ઈખ્તિયાર અલ્લાહે તેમને આપ્યા છે. ઉપરાંત ખૂદ નબી ﷺના ઈખ્તિયાર તથા ઈલ્મે ગયબ સંબંધે ઘણી આયતો હદીષો છે જેમાં નબી ગની કરે છે, નબી આપનાર છે, અલ્લાહ નબીને ગયબનો ઈલ્મ આપે છે, નબી ગયબ જાણનાર છે,...વગેરે દર્શાવ્યું છે. તો હવે તમે કોના

પર ઈમાન ધરાવો છો ? નબીઓને લાચાર, અજાણ બંદા માનનારાઓની કિતાબો પર કે અલ્લાહના કલામ પર ?! ખૂદ ફૈસલો કરી લો ! યાદ રાખશો ! કુર્આનની એક આયતનો ઈન્કાર એ પૂરા કુર્આનનો ઈન્કાર છે. કુર્આનમાં અમુકને માનો અને અમુકને ન માનો એ શક્ય જ નથી ! અને **હવે કહો કે શું સર્વ ફિર્કા એક અલ્લાહ, એક રસૂલ અને એક કુર્આન પર ઈમાન ધરાવે છે ?** ઉપરોક્ત લખાણમાં અમે સાબિત કર્યુ કે કેવળ ઝબાનથી તેઓ કલમો જ પઢે છે, નહીં તો ન અલ્લાહ પર, ન રસૂલ પર ન કુર્આન પર તેમનું ઈમાન છે !

પરંતુ અફસોસ સાથે લખવું પડે છે કે કુર્આન હદીષની વિરુદ્ધ જઈને નવા અક઼ીદા ઘડનારા આવા ફિર્કાઓ જેઓ નબી વલીની ગુસ્તાખી અલલ એલાન કરતા રહે છે તેમની સાથે આજકાલ કેટલાક કહેવાતા સુન્ની રહબરો તથા મોલ્વી પણ જીવનભર તો તેમના ગુમરાહ તથા બદ્અક઼ીદા હોવાનુ કહેતા લખતા રહ્યા પણ હવે જીવનની સંધ્યાએ પહોંચીને આખેરતથી જાણે બેખૌફ બનીને સર્વ ફિર્કાની એકતાની હિલચાલમાં પડી ગયેલા જણાય છે ! તેનું દષ્ટાંત અમારી પાસે એક સર્વ ફિર્કાની એકતા માટેના "ઈજલાસે આમ"નું પોસ્ટર છે જેમાં સૌને એક કરવાની વાત છે અને સ્પષ્ટ શબ્દોમાં એમાં આ "ઈજલાસે આમ"નો હેતુ લખ્યો છે કે, "મુસલમાનોમાં ફેલાયેલા અંદર અંદરના મતભેદોને દૂર કરવા" ભેગા થવાનો છે.

તો શું કહેવાતા મુસલમાન નામી ફિર્કાઓમાં રહેલો મતભેદ એટલો સામાન્ય છે કે સૌને કેવળ ભેગા કરીને તેને મિટાવી શકાય ? **શું અલ્લાહ માટે જૂઠુ બોલવું શક્ય બતાવનાર અને બીજો એને જ અશક્ય માનનાર એક થઈ શકે ? શું નબી વલીને ઈલ્મે ગયબ હોવું, ઈખ્તિયાર હોવું, તેમને મદદગાર તથા મુશ્કિલકુશા માનવા પર ઈમાન ધરાવનાર તથા નબીને યા રસૂલલ્લાહ ! (ﷺ)થી પોકારનાર અને બીજી બાજુ એવી માન્યતાવાળા, એવા અક઼ીદાવાળાને મુશ્રિક કહેનાર એક થઈ શકે છે ?!** અને શરીઅતમાં કુર્આન હદીષથી એવી એકતા શક્ય પણ છે ? આવો ! એ વિશેનો હુકમ ફત્વાની શકલમાં જોઈ લઈએ :–

## ★ વિવિધ ફિર્કાવાળાઓની એકતા વિશેનો શરઈ હુકમ ★

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે આજથી અઢી મહિના અગાઉ કચ્છ સાઈડમાં તા. ૧૫–૭–૨૦૧૨ના રોજ ભુજ ટાઉન હોલ ખાતે એક "ઈજલાસે આમ" થયો જેનો હેતુ તેના પોસ્ટરમાં લખ્યો હતો જેના લોભામણા શબ્દો આ પ્રમાણે હતા :–

*"અમન ઔર અદલવાલે મઝહબે ઈસ્લામ કો માનનેવાલી, એક અલ્લાહ ઔર એક રસૂલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) કો માનનેવાલી 'ઉમ્મતે મુસ્લિમામેં ફૈલે હુએ આપસી ઈખ્તેલાફાત (મતભેદ) કો દૂર કરને કે લિએ' ઔર* **ઉમ્મતે મુસ્લિમા કો એક કરને કી કોશિશ** *કે લિએ એક શાનદાર ઈજલાસ ભુજ કી સરઝમીન પર રખ્ખા ગયા હૈ. ઈસ ઈજલાસમેં શરીક હોકર હમારી કોશિશ કો કામ્યાબ બનાને કે લિએ આપ હઝરાત કો તહે દિલસે દા'વત દી જાતી હૈ."*

ત્યારબાદ પોસ્ટરમાં છે : (એ વિસ્તારના) **ત્રણેવ મસ્લક** (સુન્ની, દેવબંદી, અહલે હદીષ)ના અમીરોની **રઝામંદી** તથા **દુઆઓ સાથે** આ ઈજલાસનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં (૧) સુન્નીઓના મશ્હૂર પીર તથા મુફ્તી સાહબનું નામ છાપ્યું છે (૨) બીજા અહલે હદીષના અમીરનું નામ છે (૩) ત્રીજા તબ્લીગી જમાઅતના દેવબંદી અમીરનું નામ છે.

તથા "મુકર્રિરે ખાસ"માં (૧) અહલે સુન્નત વ જમાઅતના મૌલાનાનું નામ છે. (૨) તબ્લીગી

જમાઅતના કોઈ મૌલાનાનું નામ છે (૩) અહલે હદીષ વહાબી જમાઅતના મૌલાનાનું નામ છે.

એટલે કે "મુસ્લિમ એકતા" માટે આ ત્રણેવ ફિર્કા઼ના મોલ્વીઓ બયાનો કરશે. અને પ્રોગ્રામના આયોજક તરીકે "ફલાહુલ મુસ્લિમીન ટ્રસ્ટ–ભુજ" એ અહલે હદીષ જમાઅતના ટ્રસ્ટનું નામ છે.

તો પ્રશ્ન એ છે કે :–

૧. આ પ્રમાણે સર્વ ફિર્કા઼વાળાઓની એકતા માટેનો આવો "ઈજલાસે આમ" કરવો કેવો છે ?

૨. શું "તબ્લીગી જમાઅત" તથા "અહલે હદીષ"વાળાઓ સાથે "અહલે સુન્નત વ જમાઅત"ની એકતા શક્ય છે ?

૩. આવા ઈજલાસ કરવાથી સુન્નિયતને નુકસાન થશે કે નહીં ? થશે તો શું નુકસાન થશે ? સુન્ની અવામ શું અસર લેશે ?

૪. આવો "ઈજલાસે આમ"ના જે સર્વ ફિર્કા઼વાળાને એક કરવા માટે થતો હોય, મુસ્લિમ એકતાના નામે સર્વ ફિર્કા઼વાળાને મુસલમાન સમજવા ગણવા તથા ભાઈચારો કરવા માટે થતો હોય તેમાં સુન્ની પીરનું કે મુફતીનું કે મોલ્વીનું હાજરી આપી સદારત લેવું કે એકતા માટે બયાન કરવું કેવું ? કે ફક્ત ઘરે રહીને તેને ટેકો જાહેર કરી દુઆ આપનાર પર શો હુકમ લાગશે ?!

૫. આવા સર્વ ફિર્કા઼ની એકતા કરવા માટે થતા એકતાના ઈજલાસમાં સુન્નીઓએ હાજર થવું કેવું ?

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**જવાબ નં. ૧–૨ :** દેવબંદી પોતાના કૃતઈ કુફ્રી અકી઼દાઓના કારણે હરમૈન તૈયેબૈનના ઉલમાની એકમતિએ ઈસ્લામી વર્તુળથી બહાર અને કાફિર છે અને એ જ જમાઅતની એક શાખ "તબ્લીગી જમાઅત" તબ્લીગના પર્દામાં પોતાનો અસલી ચહેરો છુપાવીને અસ્તિત્વમાં આવી. અને "અહલે હદીષ જમાઅત" પણ ગુમરાહ તથા બેદીન છે અને અગણિત કારણોએ એના પર કુફ્ર લાઝિમ છે. વિગતવાર જાણવા માટે અલ્કૌકબતુશ્શહાબિયહ્, સલ્લુસ્સુયફિલ હિંદિયહ્, ખાલિસુલ એતેકા઼દ, હુસ્સામુલ હરમૈન અને અન્નહયુલ અકીદ વગેરેનો અભ્યાસ કરો. અને **એવા લોકો સાથે એકતા કરવી અને એકતાના નામ પર જલસા કરવા સૌ શરીઅત વિરુદ્ધ, નાજાઈઝ તથા હરામ** છે અને એના માટે કુર્આને મુક઼દસની ઘણી બધી આયતો સાક્ષી છે. જેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફર્માવે છે :–

**يَآ يُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا وَّ لَعِبًا مِّنَ الَّذِيْنَ اُوْ تُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ الْكُفَّارَ اَوْلِيَآءَ ج وَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ**

"હે ઈમાનવાળાઓ ! તેઓ જે તમારા દીનને હંસી ખેલ ઠરાવે છે જેમને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી, અન્ય સર્વ કાફિરો, એમાંથી કોઈની સાથે એકતા તથા મહોબ્બત ન કરો અને અલ્લાહથી ડરો જો તમે ઈમાન ધરાવો છો." *(સૂરએ માઈદા, પારા : ૬, આયત : ૫૭)*

અને ફર્માવે છે :–

**لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَلَوْ كَانُوْآ اٰبَآءَ هُمْ اَوْ اَبْنَآءَ هُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ**

"ન પામશો એમને જેઓ અલ્લાહ તથા ક઼યામત પર ઈમાન ધરાવે છે કે એમની સાથે મિત્રતા કરે

જેમણે અલ્લાહ વ રસૂલથી મુખાલફત કરી, ભલે તે તેમના બાપ અથવા પુત્ર અથવા ભાઈ અથવા સગા હોય.'' *(સૂ. મુજાદિલહ, આયત : ૨૨, પારા : ૨૮)*

તેમજ એક અન્ય સ્થળે ફર્માવે છે : **وَمَنْ يَّتَوَلَّهُمْ مِنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ** ''તમારામાંથી જે એમની સાથે દોસ્તી રાખે બેશક ! તેઓમાંથી છે.'' *(સૂરએ માઈદહ, આયત : ૫૧, પારા–૬)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. 3** : આ પ્રકારના ભેળસેળિયા ઈજલાસમાં યકીનન અહલે સુન્નતનું સરાસર નુકસાન છે. આજે આ જ મેલજોલનાં પરિણામો મુસલમાન પોતાની આંખો વડે જોઈ રહ્યા છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**જવાબ નં. ૪–૫** : આ પ્રકારના ઈજલાસમાં (સુન્ની) અવામ તથા ખવાસ (સામાન્ય લોકો તથા રહબરો, મોલ્વીઓ)નું હાજર થવું નાજાઈઝ છે. કેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે : **وَاِمَّا يُنْسِيَنَّكَ الشَّيْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ** ''જો શૈતાન તને ભૂલાવી દે તો યાદ આવવા પર જાલિમોની પાસે ન બેસ. *(સૂરએ અન્આમ, આયત : ૬૮, પારા : ૭)*

અને હદીષે પાકમાં સ્પષ્ટ શબ્દોમાં ફર્માવવામાં આવ્યું : **اِيَّاكُمْ وَاِيَّاهُمْ لَا يُضِلُّوْنَكُمْ وَلَا يَفْتِنُوْنَكُمْ** ''તમે એમનાથી દૂર ભાગો અને તેમને પોતાનાથી દૂર રાખો ક્યાંક તે તમને ગુમરાહ ન કરી નાખે, ક્યાંક તમને ફિત્નામાં ન નાખી દે.'' અને ફર્માવવામાં આવ્યું : **لَا تُجَالِسُوْهُمْ وَلَا تُشَارِبُوْهُمْ وَلَا تُوَاكِلُوْهُمْ** ''ન એમની પાસે બેસો ન સાથે પીઓ ન સાથે ખાવા ખાવ.'' સારાંશ કે બદ્મઝહબોની સાથે ન એકતા જાઈઝ છે ન તો મુસ્લિમ એકતાના નામે આ પ્રકારના ઈજલાસે આમનું આયોજન અને એમાં શરીક થવું ન આમ તથા ખાસ, ન આલિમો તથા પીરો મશાઈખ માટે જાઈઝ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : (મુફતી) મુહમ્મદ મુઝ્ઝમ્મિલ બરકાતી મિસ્બાહી *(ખાદિમ દારુલ ઈફતા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, ૨૩ ઝી કઅદા, હિ.સ. ૧૪૩૩)*

## ★ સુન્નીઓ તમારી ગૈરત ક્યાં જતી રહી ?! ★

અફસોસ એ વાતનો છે કે આવા મુસ્લિમ એકતાના નામે સર્વ ફિર્કાવાળાનો શંભૂ મેળો કરતા અલલ એલાન ''ઈજલાસે આમ'' થાય અને તેમાં કહેવાતા સુન્ની પીર મુફતીનું નામ રઝામંદી સાથે દુઆ આપનાર તરીકે પરચામાં વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થાય અને સુન્ની મૌલાના આવા મુસ્લિમ એકતાના ઈજલાસે આમમાં તકરીર માટે જાય છતાં તેના તરફ સુન્ની જગત આંખ આડા કાન કરીને ચૂપ રહે તો સુલેહકુલ્લિયતને ઉત્તેજન નહીં મળે ?! આ સુન્નિયતના પાયામાં ઘા સમાન નથી ?!

હે સુન્નીઓ ! શું તમે નબી કરીમ ﷺને સિફારશી નથી માનતા ? શું હુઝૂરે અકદસ ﷺની શફાઅતના ઉમ્મીદવાર નથી ? જો છો તો સાંભળો ! આ જમાઅતી તથા કહેવાતા અહલે હદીષના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબમાં ઉર્દૂ ગુજરાતીમાં હજીય સ્પષ્ટ છપાય છે, જે કોઈ નબી વલીને પુકારે, એમની મન્નતો માને, એમને સિફારશી તથા મદદગાર સમજે તેમના માટે લખ્યું છે કે :–

**''જે કોઈ આ પ્રમાણેનો વર્તાવ કોઈની સાથે કરે, પછી ભલે ને તે એને બંદો અને મખ્લૂક જ સમજતો હોય તો તે માણસ અને અબૂ જહલ શિર્કમાં બંને એક સરખા જ છે.''** *–(તકવિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૩૩, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

હે સુન્નીઓ ! તમારી ગૈરત કેમ કરી મરી પરવારી ? આ બાતિલ ફિર્કાવાળા તમારા પ્યારા નબી ﷺની કોઈ હેસિયત તથા શાન સ્વીકારવા તૈયાર નથી બલ્કે તમે નબી ﷺને શાનવાળા, ઈખ્તિયારવાળા, ઈલ્મે ગયબવાળા, મદદગાર, સિફારશી માનો તો તમને મુશ્રિક કહે અને તે પણ અબૂ જહલ સમાન મુશ્રિક કહે ! છતાં તમે તેમની સાથે એકતા કરવા દોડો ?! આ ક્યાંની સુન્નિયત છે ?! અને જેઓ આ બધું જાણવા છતાં આવા "ઈજલાસે આમ" ને રદિયો આપવાને બદલે દુઆ આપે કે રઝામંદી જાહેર કરે તથા કહેવાતા સુન્ની મૌલાના તેમાં એકતાની તકરીર કરવા જાય અને તેમના વિશે જાણવા છતાં આપણે તેને રદિયો આપવા માટે આગળ ન આવીએ અને સૌ અજાણ બનીને બેસી રહીએ તો એ ગુજરાતના સુન્ની જગત માટે અશુભ સમાચાર નથી ?! નાની નાની વાતોમાં ઠેક ઠેકાણે હંગામો કરનારા, પરચાઓ થકી સુન્ની અવામને ઉશ્કેરીને અંદરો અંદર વિખવાદ કરનારા આ બાબતે કેમ કાન તથા આંખો બંધ કરીને ચૂપ બેસી ગયા છે ?!

## ★ શું હુસૈની તથા યઝીદીની એકતા શક્ય છે ?! ★

પ્યારા સુન્ની ભાઈઓ ! હે અહલે બયતના ચાહકો ! હે ઈમામ હુસૈનના આશિકો ! આ જમાઅતી તથા કહેવાતા અહલે હદીષના અકીદા આપણાથી તદ્દન વિરોધાભાસી તથા કુફ્રી છે, એઓ એનાથી તૌબા કરવા તૈયાર નથી તો પછી કયા આધાર પર એમની સાથે એકતા શક્ય થશે ?! અને આવા "ઈજલાસે આમ"થી સુન્નિયત તૂટશે કે મજબૂત થશે તે તમો ખૂદ વિચારી લો ! બીજું કે મુહર્રમ શરીફમાં સર્વ સુન્નીઓ ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા કર્બલાના શહીદોની યાદ મનાવીને તેમની બારગાહમાં ખિરાજે અકીદત પેશ કરે છે. તો આ બાતિલ ફિર્કાવાળાઓ ઈમામે હુસૈન رضی اللہ عنہને શું માને છે અને યઝીદ પલીદને શું માને છે તે પણ અંતમાં જોઈ લો !

મક્તબએ દેવબંદથી "ઈઝહારે હક્ક" નામની કિતાબ ઓકટોબર ઈ.સ. ૧૯૯૯માં છપાયી જે મારા હાથમાં છે, જેનો લેખક મૌલાના નઝર મુહમ્મદ કાસમી છે, તેના પેજ નં. ૧૩ ઉપર જે લખ્યું છે તેને વાંચો અને અહલે બયતના કાતિલ યઝીદ પલીદથી વહાબી દેવબંદીઓની મહોબ્બતનો નઝારો કરી લો ! લખે છે :–

*"હઝરત યઝીદ જે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના સાહબઝાદા હતા. આપના બાદ ખિલાફતના તખ્ત પર બિરાજમાન થયા. યઝીદના વિશે લોકોમાં જાત જાતના ખયાલો જોવા મળે છે. કર્બલાના મેદાનમાં અહલે બયતની સાથે તેમની ફોજે જુલ્મ તથા ઝિયાદતી કરી છે એનો સૌને સ્વીકાર છે પરંતુ આ મહાન જુલ્મને યઝીદના માથે નથી થોપી શકાતો, જે લોકો એવું કરે છે તેઓ ગલત કરે છે. અમારા દેવબંદી ઉલમાએ હમેશાં યઝીદની તરફદારી કરી છે. હઝરત કારી તૈયબ સાહબે તેમને **(યઝીદને) મુત્તકી** તથા **અમીરુલ મો'મિનીન**ના લકબથી યાદ કર્યા છે...." (દેવબંદી કિતાબ ઈઝહારે હક્ક, પેજ : ૧૩)*

હે સુન્નીઓ ! જોઈ લીધી દેવબંદી જમાઅતીઓની યઝીદથી પ્રેમભાવના ?! અહલે સુન્નતના આગલા સર્વ ઈમામોએ બુઝુર્ગોએ યઝીદને ફાસિક, ફાજિર, બદ્કાર, ઝાની, જાલિમ, શરાબી તથા પલીદ કહ્યો, જ્યારે આ દેવબંદી જમાઅતીઓ તેને મુત્તકી તથા અમીરુલ મો'મિનીન કહે છે ! આટલુ જાણવા છતાં તમે કયા મોઢે તેમની સાથે એકતા કરવા દોડો છો ?!

હવે અંતમાં કહેવાતા ગૈર મુકલ્લિદ અહલે હદીષના ઠેકેદાર ડો. ઝાકિર નાયક જેની ઝબાન ચાલાકીમાં કેટલાક કહેવાતા સુન્ની પણ લપેટાયેલા છે તો તેઓ પણ આ નાયકની વાતો સાંભળી લે ! ઝાકિર નાયકે

પોતાના લેક્ચરમાં કહ્યું :–

*"હુઝૂર (ﷺ) મરી ચૂક્યા છે એમનાથી માગવું હરામ છે અને શિર્ક છે. જ્યારે એમનાથી માગવું હરામ છે તો એ નાના નાના બાબાઓ (વલીઓ) સંતોની શું હૈસિયત છે !"* એ દરમ્યાન જોશમાં આવી આવું પણ કહી ચૂકેલ છે કે, *"મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺને માનવું પણ હરામ છે !"* તેમજ કહ્યું કે, *"હુઝૂર ﷺને પણ વસીલો બનાવવું હરામ છે...."* એક જગાએ કહ્યું, *".....મઝાર પર જવું હરામ છે, તેઓ (વલીઓ) મરી ચૂક્યા છે. આપણે તેમના માટે દુઆ કરી શકીએ છીએ કે હે અલ્લાહ ! તેમને જન્નત આપી દે....વગેરે પણ આપણે તેમને એવું નથી કહી શક્તા કે તમો અમારા માટે દુઆ કરો કે અમારું આ કામ થઈ જાય તે કામ થઈ જાય."*

અંતમાં સાંભળી લો ! ડો. ઝાકિર નાયક કહે છે, *"યઝીદ અમીરુલ મો'મિનીન હતા, હક્ક઼ પર હતા."* અને *યઝીદની સાથે "રદિયલ્લાહુ અન્હૂ"* તથા *"રહમતુલ્લાહિ અલૈહિ"* પણ તે કહે છે, અને કર્બલાના જંગને રાજકરણ તથા સત્તા પ્રાપ્તિ માટેની જંગ ઠરાવે છે.

હે સુન્ની ભાઈઓ ! બહેનો ! હવે કહો કે આવા ગુસ્તાખે નબી તથા દુશ્મને હુસૈન અને યઝીદના ચાહક યઝીદીઓ સાથે એકતાના આવા "ઈજલાસે આમ" યોજવા, તેમાં ભાગ લેવો, તેને પ્રત્યક્ષ રીતે સમર્થન કરવું કે દુઆ આપવી કે તેમાં હાજરી આપી બયાનો કરવાં સાંભળવા એ સુન્નિયતને તોડવાનું કામ નથી ?! બસ ! અંતમાં આ ઈમાન અફરોઝ બે શેઅર પર વાત ખત્મ કરું છું જે બદ્અક઼ીદાની ઓળખ તથા સાચા સુન્નીની ઓળખ દર્શાવે છે કે :–

**ઝિક્ર રોકે, ફઝ્લ કાટે, નક઼્સ કા જોયાં રહે**
**ફિર કહે મર્દક કે હૂં ઉમ્મત રસૂલુલ્લાહ ﷺ કી !**

*–(આ'લા હઝરત رضی اللہ عنہ)*

★ ★ ★

**નબી ﷺ સે જો હો બેગાના ઉસે દિલસે જુદા કર દે**
**પિદર, માદર, બિરાદર, માલો જાં ઉન પર ફિદા કર દે**

*–(હુઝૂર તાજુશ્શરીઅહ مدظلہ العالی)*

**★ મેહફિલે સમાએ નઅત ★**

**ભરૂચ** : તા. ૨–૧૧–૨૦૧૨ બરોઝ જુમ્આ ઈશા બાદ સંતોષી વસાહત પાછળ, બીજલી નગર, ગૌષિયા મસ્જિદ પાસે બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી મુહમ્મદ રિઝવાન ખાન સાહબ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી) મુંબઈથી તશરીફ લાવી નઅતે પાકના ગુલદસ્તા પેશ કરશે તેમજ......... **હાડગુડ (આણંદ)** : ખાતે પણ તા. ૭–૧૧–૨૦૧૨ બુધવારે ઈશા બાદ ક઼ારી મુહમ્મદ રિઝવાન સાહબ મેહફિલે નઅત સજાવશે. તો આશિક઼ાને મુસ્તફાને હાર્દિક આમંત્રણ છે.

**દયાદરા** : થી હજીયાણી અમીનાબેન મુન્શી તરફથી મર્હૂમ હાજી યાકૂબ મુન્શી તથા મર્હૂમ હાજી ઈબ્રાહીમ મુન્શીના સવાબ અર્થે રૂા. ત્રીસ હજાર લિલ્લાહ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ આ નેકી ક઼બૂલ ફર્માવે અને મર્હૂમોને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે.

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

قُلْ يَآهْلَ الْكِتٰبِ لِمَ تَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ۖ
وَاللّٰهُ شَهِيْدٌ عَلٰى مَا تَعْمَلُوْنَ ﴿۹۸﴾ قُلْ يٰاَهْلَ الْكِتٰبِ
لِمَ تَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ مَنْ اٰمَنَ تَبْغُوْنَهَا
عِوَجًا وَّ اَنْتُمْ شُهَدَآءُ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا
تَعْمَلُوْنَ ﴿۹۹﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ تُطِيْعُوْا
فَرِيْقًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ يَرُدُّوْكُمْ
بَعْدَ اِيْمَانِكُمْ كٰفِرِيْنَ ﴿۱۰۰﴾ وَكَيْفَ تَكْفُرُوْنَ وَاَنْتُمْ
تُتْلٰى عَلَيْكُمْ اٰيٰتُ اللّٰهِ وَفِيْكُمْ رَسُوْلُهٗ ؕ وَمَنْ
يَّعْتَصِمْ بِاللّٰهِ فَقَدْ هُدِىَ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۱۰۱﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ وَلَا
تَمُوْتُنَّ اِلَّا وَ اَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿۱۰۲﴾

### ત.....ર્જુ.....મો.....

આપ ફર્માવો, હે અહલે કિતાબ ! શા માટે ઈન્કાર કરો (નકારો) છો અલ્લાહની આયતોનો ?[૧૦૪] અને અલ્લાહ જોઈ રહ્યો છે જે કાંઈ તમે કરો છો. આપ ફર્માવો, હે અહલે કિતાબ ! તમે શા માટે રોકો છો[૧૦૫] અલ્લાહની રાહથી એને જે ઈમાન લાવી ચૂક્યો. તમે ચાહો છો કે આ (સીધા માર્ગ)ને વાંકો બનાવી આપો જ્યારે કે તમે ખૂદ (એના માર્ગના) ગવાહ છો[૧૦૬] અને અલ્લાહ અજાણ નથી એ (કરતૂતો)થી જે તમે કરો છો. હે ઈમાનવાળાઓ ![૧૦૭] જો તમો કહ્યું માનશો એક અન્ય ગિરોહનું એહલે કિતાબથી (તો પરિણામ એ થશે કે) પલટાવીને છોડશે તમને તમારા ઈમાન કુબૂલ કર્યા બાદ કાફિરોમાં. અને એવું કેવી રીતે થઈ શકે છે કે તમે હવે ફરી કુફ્ર કરવા લાગો જ્યારે કે તમે તે છો કે પઢવામાં આવે છે તમારા પર અલ્લાહની આયતો અને તમારામાં અલ્લાહનો રસૂલ પણ મૌજૂદ છે. અને જે મજબૂતીથી પકડે છે અલ્લાહ (ના દામન)ને તો જરૂર પહોંચાડવામાં આવે છે તેને સીધી રાહ સુધી. હે ઈમાનવાળાઓ ! ડરો અલ્લાહથી જેવો હક્ક છે તેનાથી ડરવાનો[૧૦૮], અને ન મૃત્યુ પામશો પણ મુસલમાન થઈને[૧૦૯].

### તફસીર.........

**૧૦૪.** આયતોથી મુરાદ તે અકલી તથા નકલી દલીલો છે જેનાથી ઈસ્લામની હક્કાનિયત અને હુઝૂર રહ્મતુલ લિલ્ આલમીન ﷺની સચ્ચાઈ ચમકતા સૂરજની જેમ સ્પષ્ટ થઈ ચૂકી હતી. *(બયઝાવી)* એમાં હુઝૂર ﷺના મો'જિઝાઓ, કુર્આને હકીમ, ખુલ્કે અઝીમ અને ઈસ્લામી શરીઅતની પવિત્રતા તથા ઉચ્ચતા અને તેમના ઉપરાંત તૌરાત તથા ઈન્જીલની ઉઘાડી સ્પષ્ટતાઓ સૌ સામેલ છે. આશ્ચર્યના રૂપે અહલે કિતાબથી પ્રશ્ન કરવામાં આવી રહ્યો છે કે શું તમને એ શોભે છે કે તમે એ ચમકતી દલીલોને જાણવા ઓળખવા છતાં તેમનો ઈન્કાર કરી આપો ?! તમે તમારી હેરફેર (અસલમાં ફેરફાર) તથા પ્રપંચ વડે અમુક લોકોને તો ધોકો આપી શકો છો, પણ

જાણકાર તથા જોનાર ખુદાને શો જવાબ આપશો ?! તે તો તમારા જાહેર તથા અંતરને એક સરખુ જોઈ રહ્યો છે.

**★ યહૂદીઓ ઈસાઈઓની આ પૂરાણી બુરી ટેવ આજે પણ છે જ ! ★**

**૧૦૫.** અહલે કિતાબ ન કેવળ એ કે પોતે ઈસ્લામ સ્વીકારવાથી મોં ફેરવતા હતા બલ્કે અન્યોને પણ આ હક્ક઼ (સાચા) ધર્મથી ફેરવવા માટે સઘળી સ્કીમો કર્યા કરતા હતા. એમની આ નીચ તથા ઝલીલ હરકતો પર તેમની ટીકા (બુરાઈ) કરવાના માટે તેમને ફરીવાર સંબોધન થઈ રહ્યું છે. تَبۡغُوۡنَهَا عِوَجًاમાં هَاનો મરજઅ સબીલ છે. આયતના આ શબ્દોથી એ બતાવવામાં આવી રહ્યું છે કે તેઓ લોકોને ઈસ્લામથી વિરુદ્ધ કર્યા કરતા હતા, એટલે કે ક્યાં તો તેઓ આ હક્ક઼ રાહ (સત્ય માર્ગ)માં વિવિધ ખામીઓ કાઢતા, અથવા એને એ રીતે લોકો સમક્ષ રજૂ કરતા કે સાંભળનાર એવું ગુમાન કરવા લાગતો કે આ હિદાયત (સન્માર્ગ)નો ધોરી માર્ગ નથી બલ્કે ગુમરાહીનો માર્ગ છે. *(જેમ કે આજના યહૂદી, ઈસાઈ પણ એ જ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. જેમ કે હાલમાં અમેરિકામાં ઈસ્લામ વિરુદ્ધ ફિલ્મ રજૂ થઈ. –તત્રી)*

**૧૦૬.** "શોહદા"નો એક અર્થ તો એ છે કે ઈસ્લામની હક્ક઼ાનિયત અને હુઝૂર સરવરે આલમ ﷺની સચ્ચાઈના તમો પોતે જ ગવાહ (સાક્ષી) છો. પરંતુ અલ્લામા કુર્તબીએ "શોહદા"નો અર્થ બુદ્ધિમાન પણ કર્યો છે કે તમો તો ઘણા જ બુદ્ધિમાન છો, તો વળી કોઈ તમારી જેવો ડાહ્યો પુરૂષ આવી હરકતો કરી શકે છે જેનાથી દુનિયામાં બેઈજ્જતી અને આખેરતમાં બદ્‌નામી તથા શર્મિંદગી થાય.

**૧૦૭.** યષરબના બે ક઼બીલાઓ અવસ તથા ખઝરજમાં પૂરાણાકાળથી દુશ્મની ચાલ્યી આવતી હતી. વારંવાર તેઓ એકબીજા સાથે જંગ કરી ચૂક્યા હતા જેમાં તેઓ એકબીજાને ઘણા જ ક્રૂરતાપૂર્વક ક઼ત્લ કર્યા કરતા હતા. હુઝૂર સરાપા નૂર ﷺએ જ્યારે યષરબની ભૂમિને પોતાના મુબારક ક઼દમો વડે નવાઝી તો હુઝૂર ﷺની તા'લીમની બરકતથી તેમની પૂરાણી અદાવત તથા ખાનદાની દુશ્મની ભાઈચારા તથા મહોબ્બતમાં બદલાઈ ગઈ, તે ચીરો જેને સંધાવાની શક્યતા ન હતી, તે ઊંડા ઘા જેના રુઝાવાની કોઈ સ્થિતિ ન હતી તે સૌનો હુઝૂર ﷺની મહોબ્બતની અકસીરે નિવેડો લાવી દીધો. અવસ તથા ખઝરજની આપસમાં સુલહ તથા દોસ્તી યહૂદીઓના માટે અસહ્ય હતી.

એક દિવસ શાસ બિન ક઼ૈસ યહૂદી એક એવી મજલિસ પાસેથી પસાર થયો જેમાં અવસ તથા ખઝરજ મહોબ્બત તથા પ્યારની ભાવનાઓમાં ડૂબીને વાતચીતમાં વ્યસ્ત હતા. આ જોઈને તે તો બળી મર્યો ! એની ઉશ્કેરણી પર એક અન્ય યહૂદી તે મહેફિલમાં ગયો અને એવા શેઅરો પઢવાના શરૂ કરી આપ્યા જેમાં તેઓની પૂરાણી જંગોનું વર્ણન હતું. તેની એ ચાલ કામયાબ સાબિત થઈ અને અવસ તથા ખઝરજમાં કટુવાણીની બોલાચાલી શરૂ થઈ ગઈ જેણે વધીને જંગનું સ્વરૂપ ધારણ કરી લીધું, તલ્વારો સંભાળી લેવામાં આવી, ભાલા તાણી લેવામાં આવ્યા અને સફો સીધી કરી લેવામાં આવી. એ જ અરસામાં એની ખબર નબી ﷺને પહોંચી. હુઝૂર પોતાના સહાબાની સાથે એ સ્થળે પહોંચ્યા અને પોતે બંનેવ સફોની વચ્ચે ઉભા થઈ ગયા અને ફર્માવ્યું, હે અવસ તથા ખઝરજ ! તમને શું થઈ ગયું ?! મારી મૌજૂદગીમાં તમે જાહિલિયતના યુગની રસમને તાજી કરી રહ્યા છો ?! તે અદાવત તથા દુશ્મની જેના શોલાઓને ઈસ્લામના રહમતનાં વાદળોએ ઓલવી નાખ્યા, તેને શું તમો ફરીથી ભડકાવવા ચાહો છો ?! આ શયતાનની વસવસાઅંદાઝી છે ! અને તમારા દુશ્મન (યહૂદી)ની સાઝિશ છે. હુઝૂર ﷺનું આ ફર્માન સાંભળીને તેમની આંખો ખુલી ગઈ અને એકાએક તેમણે હથિયારો જમીન પર ફેંકી દીધાં અને તે આંખો જેમાંથી એક ક્ષણ પહેલાં ગુસ્સો તથા ગઝબની આગ વરસી રહી હતી તે હવે અશ્રુમય થઈ ગઈ, અને તેઓ દોડી દોડીને એકબીજાને ગળે લગાડી રહ્યા હતા. આ પ્રસંગે આ આયતે કરીમા નાઝિલ થઈ. આ આયતમાં તે હમેશાંની હક઼ીક઼ત રજૂ કરવામાં

આવી છે જેના પર જમાનાના દરેક વળાંકે સમર્થનની મોહર મારી છે. ૧૯મી સદી પર જ નજર દોડાવો, અખંડ ભારત (પાક. તથા હિંદ)માં મુસ્લિમ કૌમ પર શું વીત્યું ? યૂરોપના ઈસાઈઓએ મુસલમાન હાકિમોને કઈ રીતે એકબીજા વિરુદ્ધ ઉશ્કેરીને ઈસ્લામી રાજ્ય સત્તાનો ખાત્મો બોલાવી દીધો. મધ્યપૂર્વ (અરબ)ના હાકિમોએ કોની ઉશ્કેરણી પર "ખિલાફતે ઉષ્માનિયહ"ની વિરુદ્ધ બગાવતનો ઝંડો બુલંદ કર્યો ?! અને કેવી રીતે જગતભરમાં મુસ્લિમ કૌમના દબદબાનો જનાઝો કાઢયો ?! (અંગ્રેજના જોર પર જુલ્મથી મક્કા મદીના શરીફૈન પર કબજો જમાવનાર સઊદી રાજાઓની દાસ્તાન વાંચી લો તો સમજાઈ જશે) મુસલમાનોએ જ્યારે પણ ગૈરો પર આવો આંધળો ભરોસો કર્યો તો તેમને આ જ પ્રમાણે મુશ્કેલીભર્યી સ્થિતિઓનો સામનો કરવો પડયો છે. ઈસ્લામે કોઈની સાથે ભલાઈના કાર્યમાં મના નથી કર્યુ પરંતું તેણે બીજાઓથી પ્રપંચ તથા ધોકો ખાવાથી જરૂર રોકેલ છે.

**૧૦૮.** આ શબ્દોની તફસીર હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ રહમતે આલમ ﷺના આ શબ્દો થકી નકલ કરી છે : "અલ્લાહ તઆલાની એવી ઈતાઅત (આજ્ઞાપાલન) કરવામાં આવે કે એમાં નાફર્માનીઓનો પડછાયો પણ ન હોય, એને એવો યાદ કરવામાં આવે કે ગફલત છવાય નહીં, અને એનો એવો શુક્ર અદા કરવામાં આવે કે એમાં નાશુક્રીની ભેળસેળ ન થાય. બીજી આયતે આ આયતને તદ્દન સ્પષ્ટ કરી આપી فاتقوا الله ما استطعتم કે તમે પોતાના તરફથી તક્વા (ખુદાના ડર)નો હક્ક અદા કરવામાં કોઈ કસર ન રાખો.

**૧૦૯.** તમને મૃત્યુ આવે તો એ હાલમાં આવે કે તમે અલ્લાહની સમક્ષ માથુ નમાવેલ હોઉ. અને કેમ કે મૌતનો નિશ્ચિત સમય આપણને ખબર નથી એટલા માટે આપણે દરેક પળ એના માટે તૈયાર રહેવું જોઈએ, કોઈ ક્ષણે પણ નાફર્માનીની હિંમત ન કરવામાં આવે, શક્ય છે કે આપણી મૌતના માટે એ જ ઘડી નિશ્ચિત હોય.

પેજ નં. **૧૫** નું ચાલુ...

ફિત્નો હશે. એનો મતલબ એ નથી કે સર્વ આલિમો ખરાબ થઈ જશે, નહીં તો દીન નાબૂદ થઈ જાત, અલ્લાહ આ દીનમાં કયામત સુધી હક્કવાળા નેક લોકો રાખશે જેઓ દીનને અસલી રંગમાં બાકી રાખશે, જેમ કે આજે પણ જોવા મળી રહ્યું છે.

**૧૧.** આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે, અન્સારી છે, ઝુરકી છે. હુઝૂર ﷺની સાથે સર્વ ગઝવાતમાં સાથે રહ્યા. હિજરતથી પહેલાં હુઝૂર ﷺની પાસે મક્કા મોઅઝ્ઝમા પહોંચી ગયા હતા પછી મદીના મુનવ્વરા હિજરત કરીને આવ્યા, એટલા માટે આપને સર્વ સહાબા મુહાજિર અન્સાર કહ્યા કરતા હતા. હુઝૂર ﷺએ આપને હઝરે મૂતના હાકિમ નિયુક્ત કર્યા. અમીર મુઆવિયહના ગવર્નર બનવાના શરૂ જમાનામાં વફાત પામ્યા.

**૧૨.** જ્યારે આ અતિ ભયાનક બનાવો બનશે ત્યારે દુનિયાથી ઈલ્મે દીન ઉઠી ગયો હશે.

**૧૩.** અહીં કુર્આન પઢવા પઢાવવાથી મુરાદ પૂરો ઈલ્મ શીખવું શીખવાડવું છે, એટલે કે જ્યારે શીખવા શીખવાડવાની વ્યસ્તતા કાયમ રહેશે પછી ઈલ્મ શાથી ઉઠી જશે. મસ્દરના હોવા છતાં હાસિલે મસ્દર ક્યાં જઈ શકે છે !

**૧૪.** એનાથી જાણવા મળ્યું કે ઉસ્તાદ પોતાના શાગિર્દને અયોગ્ય સવાલ કરવા પર ધમકાવી શકે છે. આ શબ્દો કે, અમે તમને આવો જાણતા હતા, એ થપકો પ્રદર્શિત કરવા માટે હોય છે, ન કે પોતાની બેઈલ્મી દર્શાવવા માટે. જેમ કે અમુક નાસમજ લોકોએ આ હદીષથી હુઝૂર ﷺના ઈલ્મે ગયબનો ઈન્કાર કર્યો છે.

**૧૫.** એટલે કે ઈલ્મથી આપણી મુરાદ ઈલ્મનું પરિણામ છે, એટલે દીની ઈલ્મ હશે પણ અમલ હશે નહીં. યાદ રાખશો કે ઈસાઈઓના પાદરી તથા જોગીઓ લાંચ લઈને પબ્લિકને અમલોથી માફી આપી દે છે અને તેમના ગુનાહ માફ કરતા રહે છે તો ખૂદ શું નેકી કરતા હશે ?! મહિનામાં એક દિવસ ગાય વગાડી લેવું એ એમનો અમલ છે.

**હદીષ :** *હઝરત હુઝૈફહ رضی اللہ عنہ થી[1] રિવાયત છે. આપે ફર્માવ્યું, હે કારીઓના ગિરોહ સીધા રહો! કેમ કે તમે ખૂબ જ પહેલા છો[2] જો તમે જ ઉલ્ટા સીધા થઈ ગયા તો તમે મોટી ગુમરાહીમાં પડી જશો. (બુખારી શરીફ)*

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, ગમના કૂવાથી અલ્લાહની પનાહ માગો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ ગમનો કૂવો શું છે? ફર્માવ્યું, દોઝખમાં એક જંગલ છે જેનાથી ખૂદ દોઝખ દરરોજ ચારસો વખત પનાહ માગે છે.[5] અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ! ﷺ એમાં કોણ જશે? ફર્માવ્યું, પોતાના અમલોમાં દેખાડો કરવાવાળો કારી.[6] એને તિર્મિઝીએ રિવાયત કરી છે, એ જ પ્રમાણે ઈબ્ને માજહએ. એમાં એટલુ અધિક છે કે ખુદાને ઘણો જ નાપસંદ તે કારી છે જે અમીરોની મુલાકાતો કરે છે. મુહારબીએ ફર્માવ્યું, એટલે કે જાલિમ અમીરોની.[7]*

*હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નજીકમાં જ લોકો પર તે સમય આવશે જ્યારે ઈસ્લામનું કેવળ નામ[8] અને કુર્આનનો કેવળ રિવાજ જ રહી જશે[9] તેમની મસ્જિદો આબાદ હશે પણ હિદાયતથી ખાલી.[10] તેમના આલિમો આસ્માનની નીચે બદતરીન ખલ્ક (સૌથી બુરી મખ્લૂક) હશે, તેમનાથી ફિત્નો નીકળશે અને એમનામાં પલ્ટાઈ જશે.[11] એને બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી.*

*ઝિયાદ ઈબ્ને લબીદથી[12] રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ કોઈ ચીજનો ઉલ્લેખ કર્યો અને ફર્માવ્યું, એ ઈલ્મ જતો રહેવાના સમયે થશે.[13] મેં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ! ઈલ્મ કઈ રીતે જઈ શકે છે! અમે કુર્આન પઢીએ છે અને અમારાં બાળકોને પઢાવતા રહીશું, અને કયામત સુધી અમારી ઔલાદ પોતાની ઔલાદને[14] તો ફર્માવ્યું, હે ઝિયાદ! તમને તમારી મા રડે! અમે તો તમને મદીનાના મહાન સમજદારોમાંથી જાણતા હતા![15] શું યહૂદીઓ તથા ઈસાઈઓ તૌરાત તથા ઈન્જીલ નથી પઢતા! પરંતું એમાં જે છે એના પર અમલ નથી કરતા.[16]*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપનુ નામ હુઝૈફા ઈબ્ને યમાન છે, કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. આપના પિતા યમાનનું નામ જમીલ અને લકબ યમાન હતો. આપ હુઝૂર ﷺ ના સાહિબે અસ્રાર (રાઝદાર) સહાબી છે. આપને મુનાફિકોના તથા કયામતના એક એક ફિત્નાનો ઈલ્મ હતો. આપનો વિસાલ હિ.સ. ૩૫ કે હિ.સ. ૩૬ માં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની શહાદત પછી મદાઈનમાં થયો. ત્યાં જ આપનું મઝાર શરીફ છે. *(અકમાલ, અશિઅતુલ લમ્આત)*

**૨.** એટલે કે હે સહાબા તથા તાબઈનના ઉલમા! તમે અકીદા તથા અમલોમાં બરાબર રહો! કેમ કે સર્વ મુસલમાનોમાં તમે પ્રથમ છો. જેવા તમે હશો તેવા બાદના મુસલમાન પણ થશે કે તેઓ તમારા નકશે કદમ પર ચાલશે અને તમારી નકલ કરશે. યાદ રાખશો કે એ સમયમાં આલિમો સામાન્યપણે

આલિમ તથા કારી પણ હોતા હતા એટલા માટે એમને "કુર્રા" (કારીઓ) ફર્માવવામાં આવ્યું. સૂફીઓ ફર્માવે છે કે એક ઈસ્તિકામત હજાર કરામતોથી બેહતર છે. હઝરત શયખે ફર્માવ્યું કે એનો અર્થ છે, હે સહાબીઓ ! તમો સર્વ મુસલમાનોથી અફઝલ છો, કે કોઈ શખ્સ કેટલો પણ અમલ કરે પણ તમારા પગની ધૂળ સુધી નથી પહોંચી શક્તો, જેથી તમારા અમલો સૌથી શ્રેષ્ઠ હોવા જોઈએ.

**૩.** એટલે કે જો તમારા અકીદા તથા અમલો ગલત થઈ ગયા તો તમને જોઈને આખી ઉમ્મત ગુમરાહ થઈ જશે, જેથી તમારી ગલતી ઘણી જ ખતરનાક છે.

**૪.** આ હદીષ તદ્દન પોતાના જાહેર પર છે, કેમ કે એ જંગલ ઘણુ જ ગાઢ છે અને ત્યાં ગમના સિવાય અન્ય કાંઈ નથી, એટલા માટે એને ગમનો કૂવો કહેવામાં આવ્યું. દોઝખની ચાર હદો છે, દરેક હદ દરરોજ સો વખત એ વાદીથી પનાહ માગે છે અથવા તો ત્યાં નિયુક્ત કરેલ ફરિશ્તો દરરોજ એનાથી પનાહ માગે છે અથવા ખૂદ દોઝખની આગ પનાહ માગે છે. દરેક ચીજમાં સમજશક્તિ છે જેના વડે તે જાણે પહેચાને છે. યાદ રાખશો કે જેવી રીતે દુનિયાની આગોની ગરમી જુદી જુદી છે, ઘાસ કચરાની આગ ઓછી ગરમ હોય છે, બાવળની આગ ખૂબ જ તીવ્ર, પેટ્રોલ સ્પ્રિટની આગ એનાથી વધુ તીવ્ર. અમુક આગ લોખંડ તથા ફૌલાદને ઓગાળી નાખે છે, એ જ પ્રમાણે દોઝખની આગ પણ જુદી જુદી હોય છે.

**૫.** એટલે કે તે બેદીન આલિમો જેઓ સારા અમલોના લિબાસમાં લોકોની સામે આવે અને લોકોને ગુમરાહ બેદીન કરી નાખે.

**૬.** જેથી કરીને તેમની પાસેથી દૌલત લઈને તેમની બદકારીઓને જાઈઝ સાબિત કરે અને જુલ્મમાં તેમના મદદગાર બને. બલ્કે ચાપલૂશ આલિમ પણ ખતરનાક છે જે દરેક જગાએ પહોંચીને ત્યાંના જેવો બની જાય. આપણો અલ્લાહ, નબી, કુર્આન તથા કાબા એક છે તો દીન પણ એક જ હોવો જોઈએ.

**૭.** એ રીતે કે મુસલમાનોનાં નામ ઈસ્લામી હશે અને પોતાને મુસલમાન કહેતા હશે પણ રંગઢંગ સર્વ કાફિરો જેવા, જેમ કે આજે જોવામાં આવી રહ્યું છે. અથવા ઈસ્લામી અરકાનનાં નામ તથા સ્વરૂપ તો બાકી રહેશે પણ હેતુઓ નષ્ટ થઈ જશે. નમાઝનું માળખુ હશે પણ ખુશૂઅ ખુઝૂઅ (દિલથી તલ્લીનતા) નથી, ઝકાત આપશે પણ કૌમની લાગણી ખત્મ થઈ જશે. હજ કરશે પણ કેવળ સૈર કરવા માટે. જેહાદ હશે પણ કેવળ રાજ્ય સત્તા માટે.

**૮.** 'રસ્મ' નક્શ (અક્સ)ને પણ કહે છે અને તરીકાને પણ કહે છે, અહીં બંનેવ અર્થો દુરુસ્ત છે. એટલે કે કુર્આનના નક્શો કાગળમાં અને શબ્દો જીભ પર હશે, પણ દિલમાં એહતેરામ અને કાલિબ (સ્વજાત)માં અમલ હશે નહીં. અથવા રસમ રૂપે કુર્આન પઢવામાં આવશે, કચેરીઓમાં જૂઠી કસમો ખાવા માટે અને ઘરોમાં મૈયત પર પઢવાના માટે કુર્આન હશે, અને અમલના માટે ઈસાઈઓના કાનૂનો હશે !

**૯.** એટલે કે મસ્જિદોની ઈમારત આલીશન, દરો દિવાર, નક્શો નિગાર, વીજળીનો શણગાર ખૂબ હશે પણ નમાઝીઓ કોઈ નહીં ! તેમના ઈમામો બેદીન હશે, જાણે મસ્જિદો હિદાયતના બદલે બેદીનોનું ઉદ્ભવ સ્થાન બની જશે. દરેક મસ્જિદેથી લાઉડ સ્પીકરના થકી દર્સના અવાજો આવશે પણ તે દર્સ કાતિલ ઝહેર હશે જેમાં કુર્આનના નામ પર કુફ્ર તથા શૈતાનિયત ફેલાવવામાં આવશે.

**૧૦.** એટલે કે બેદીન ઉલમાએ સૂઅ્‌ની અધિક્તા હશે જેનો ફિત્નો સર્વ મુસલમાનોને ઘેરી લેશે, જેવી રીતે વર્તુળની લીટી જ્યાંથી શરૂ થાય છે ત્યાં પહોંચીને વર્તુળને સંપૂર્ણ બનાવી દે છે અને સર્વ સપાટીને પોતાના ઘેરાવમાં લઈ લે છે, વધુ પેજ નં. ૧૩....પર

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**સર તા બકદમ હૈ તને સુલ્તાને ઝમન ફૂલ**
**લબ ફૂલ, દહન ફૂલ, ઝકન ફૂલ, બદન ફૂલ**

*(સર તા બકદમ = માથાથી પગ સુધી, તન = શરીર, સુલ્તાને ઝમન =સમયનો બાદશાહ, લબ = હોઠ, દહન = મોઢું, ઝકન = દાઢીના નીચેનો ભાગ, બદન = શરીર, ફૂલ = પુષ્પ)*

**અર્થ** : સુલ્તાને ઝમાના શાહે મદીનાનું બદન માથાથી પગ સુધી ફૂલ જેવું સુગંધિત, સુંદર, લતીફ, નરમ નાઝુક છે. હોઠ, મોઢું, હડપચી બધું શરીર ફૂલ છે.

હુઝૂર ﷺના જિસ્મેપાકને ફૂલ કહેવામાં આવ્યું છે કારણ કે ફૂલ લતીફ એટલે નરમ, નાઝુક, મુલાયમ, સાફ સુથરુ, ખુશ્બુદાર હોય છે, હુઝૂર علیہ الصلوٰۃ والسلام પણ એવા જ હતા બલ્કે આપ સર્વ મખ્લૂકથી વધુ લતીફ હતા. ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : મખ્લૂકમાં હુઝૂર ﷺથી વધારે કોઈ વસ્તુ લતીફ નથી કારણ કે ખુદા પાકે આપનો પડછાયો નથી બનાવ્યો, કેમ કે સાયો દરેક વસ્તુનો તે વસ્તુ કરતાં વધારે લતીફ હોય છે, જો આપનો સાયો હોત તો આપના શરીરથી લતીફ હોત, પરંતુ આપના શરીરથી વધુ કોઈ ચીજ લતીફ નથી એટલે આપનો સાયો નથી.

### ✪ હુઝૂર ﷺના જિસ્મ મુબારકના સુગંધિત હોવાની રિવાયતો ✪

★ હઝરત હલીમા સાદીયા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺની મારા ઘરમાં પધરામણી બાદ બની સઅદના કબીલાના દરેક ઘરમાંથી કસ્તૂરીની જેમ ખુશ્બુ આવતી હતી. *(સુબુલુલ હુદા, પેજ-૪૭૭)*

★ હઝરત આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺની પેદાઈશ વખતે આખુ ઘર સુગંધિત થઈ ગયું.

★ હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પોતાના ઘર મુબારકથી મસ્જિદે નબવીમાં આવવા માટે નીકળતા તો સહાબાએ કિરામને આપની ખુશ્બુથી ખબર પડી જતી હતી. *(દારમી, બયહકી, અબૂ યઅલા, બઝ્ઝાઝ)*

★ ઈબ્રાહીમ નખઈ رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે સહાબીઓ રાત્રીના અંધારામાં હુઝૂર ﷺને ખુશ્બુથી ઓળખી લેતા હતા. *(દારમી)*

★ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام જે રસ્તાથી પસાર થતા હતા તે આપની ખુશ્બુથી સુગંધિત થઈ જતો હતો. દરેક રાહદારી જાણી લેતો હતો કે હુઝૂર ﷺ અહિયાંથી પસાર થયા છે.

★ હઝરત હુઝૈફા તથા યઝીદ બિન અસ્વદ رضی اللہ عنہما ની રિવાયત છે, હુઝૂર ﷺના હાથ મુબારક બરફથી વધુ ઠંડો અને મુશ્કથી વધારે સુગંધિત હતો.

★ હઝરત અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم થી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના વિસાલ બાદ જયારે મેં ગુસ્લ આપ્યું તો આપના શરીરથી એવી ખુશ્બુ મહેકી કે એવી ખુશ્બુ મેં કદી નથી સુંઘી. *(દલાઈલુન્નબુવ્વત–૩૮૦)*

**સદક઼ેમેં તેરે બાગ તો ક્યા, લાએ હૈં બન ફૂલ**
**ઈસ ગુંચએ દિલ કો ભી ઈમા હો કે બન ફૂલ**

*(સદક઼ે મેં તેરે = તારા વસીલાથી, બન = જંગલ, ગુંચએ દિલ = દિલની કળી, ઈમા = ઈશારો, બન = બની જા)*

**અર્થ :** યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم આપના સદક઼ામાં બાગ બગીચાઓમાં જ નહીં બલ્કે જંગલોમાં પણ ફૂલ ઉગ્યાં છે અને વેરાન જંગલ આબાદ થયાં છે, મારા દિલની કળીને પણ ઈશારો કરી દો કે તે આપની મહોબ્બતનું ફૂલ બની જાય.

**તિન્કા ભી હમારે તો હિલાએ નહીં હિલતા**
**તુમ ચાહો તો હો જાએ અભી કોહે મિહન ફૂલ**

*(તિન્કા = તણખલુ, હિલાએ = હલાવવાથી, કોહ = પહાડ, મિહન = મહેનતનું બહુવચન, પરેશાનીઓ, તકલીફો)*

**અર્થ :** અમારાથી તો તણખલુ પણ હલાવી શકાતુ નથી પરંતું યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم આપ જો ચાહો તો હમણાં જ દુઃખના પહાડ ફૂલ બની જાય, એટલે દુઃખી સુખી થઈ જાય.

આપના ઈશારાથી ચાંદ ટુકડા થયા, સૂરજ રોકાઈ ગયો અને ડૂબેલો પાછો ફર્યો, બીમારો સારા થયા, વગેરે અસંખ્ય વાક઼િઆ છે જેનાથી હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના ઈખ્તિયાર અને તાક઼તનું સબૂત મળે છે.

**વલ્લાહ જો મિલ જાએ મિરે ગુલ કા પસીના**
**માંગે ન કભી ઈત્ર ન ફિર ચાહે દુલ્હન ફૂલ**

*(વલ્લાહ = અલ્લાહની ક઼સમ, ગુલ = ફૂલ, ઈત્ર = અત્તર, ચાહે = ઈચ્છે)*

**અર્થ :** ખુદાની ક઼સમ ! જો હુઝૂર صلى الله عليه وسلم નો પસીનો (પરસેવો) મળી જાય તો શાદી માટે દુલ્હન ન તો કોઈ અત્તર (પરફ્યુમ) માંગશે ન કોઈ ફૂલોની ઈચ્છા કરશે.

## ✪ હુઝૂર صلى الله عليه وسلم ના પસીનાનું ખુશ્બુદાર હોવા વિશે રિવાયતો ✪

★ હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا હુઝૂર صلى الله عليه وسلم ના પસીનાને એક શીશીમાં ભરી લેતાં હતાં અને શાદીમાં દુલ્હનોને લગાડવા માટે આપતાં હતાં અને દુલ્હનો અત્તરના બદલે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નો પસીનો લગાડતી હતી કારણ કે હુઝૂર صلى الله عليه وسلم નો પસીનો અત્તર કરતાં વધારે ખુશ્બુદાર હતો અને જો કોઈ તે પસીનાને પોતાના બદન પર લગાડી લેતો તો મરતા દમ સુધી તેના શરીરથી ખુશ્બુ જતી ન હતી.

★ એક વ્યક્તિએ હુઝૂર صلى الله عليه وسلم ની બારગાહમાં અરજ કરી : હું મારી બેટીની શાદી કરી રહ્યો છું મારી મદદ ફર્માવો ! આપે ફર્માવ્યું, એક શીશી અને ડાળી લઈ આવ ! તે લાવ્યો તો હુઝૂર صلى الله عليه وسلم એ પોતાના હાથ પરનો પસીનો તે શીશી ભરી દીધો અને ફર્માવ્યું, આ શીશી તારી બેટીને આપી દેજે અને કહેજે કે આ લાકડી શીશીમાં ડૂબાડીને ખુશ્બુ લગાડે. તો તે છોકરીએ એવું જ કર્યું એના કારણે તે ઘર બૈતુલ મુતીબીન (ખુશ્બુવાળાઓનું ઘર)થી મશ્હૂર થઈ ગયું. *(ખસાઈસે કુબ્રા)*

**દિલ બસ્તા વ ખૂં ગશ્તા ન ખુશ્બૂ ન લતાફત**
**ક્યૂં ગુંચા કહૂં હૈ મેરે આક઼ા કા દહન ફૂલ**

*(દિલ બસ્તા = બંધાયેલું દિલ, ખું ગશ્તા = લોહીમાં ડૂબેલુ, લતાફત = સફાઈ, ગુંચા = ફૂલની કળી, દહન = મોઢું)*

**અર્થ** : દિલ બાંધેલું લોહીમાં ડૂબેલું છે, ન કોઈ ખુશ્બુ છે ન સફાઈ. મારા આક઼ાના મોઢા મુબારકને કળી કેમ કરીને કહું ! આપનું મોઢું મુબારક તો ફૂલ છે. કારણ કે કળી તો બંધ હોય છે અને તે ખિલે તો ફૂલ બની જાય છે જ્યારે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નું મોઢું મુબારક તો ખિલેલું છે અને રુશ્દો હિદાયતનાં ફૂલ વસાવી રહ્યું છે.

**શબ યાદ થી કિન દાંતોં કી શબનમ કે દમે સુબ્હ**
**શોખાને બહારી કે જળાઉ હૈં કિરન ફૂલ**

*(શબ = રાત, શબનમ = ઝાકળ, દમે સુબ્હ = સવારનો સમય, શોખાને બહારી = વસંત ઋતુની ઝિંદા દિલી, જળાઉ = ઝવેરાતથી જડેલ, કિરન = ચમક)*

**અર્થ** : રાત્રે કયા દાંતોથી યાદ આવી રહી હતી જે સવારના શબનમ જે ચમકે છે વસંત ઋતુની ઝિંદા દિલીએ જડેલા ચમકદાર ફૂલ છે. સારાંશ કે રાત્રે હુઝૂર ﷺની મુસ્કુરાહત યાદ આવી રહી હતી કે જ્યારે હુઝૂર ﷺ મુસ્કુરાતા તો આપના મુબારક દાંત જાહેર થતાં એવું લાગતું જાણે ઝાંકળના ઉપર સૂર્યનાં કિરણ પડવાથી ચમકતી હોય છે, એવા લાગે છે હુઝૂર ﷺના દાંત મુબારક.

**દન્દાનો લબો ઝુલ્ફ વ રુખે શહ કે ફિદાઈ**
**હૈં દુર્રે અદન, લઅલે યમન, મુશ્કે ખુતન ફૂલ**

*(દન્દાન = દાંતનું બહુવચન, લબ = હોઠ, રૂખે શહ = બાદશાહનો ચહેરો મુરાદ, હુઝૂર ﷺનો મુકદ્દસ ચહેરો, દુર્રે અદન = અદનનું મોતી, અદન અરબના દક્ષિણી પશ્ચિમી ખૂણામાં આવેલ ટાપુ છે, લઅલે યમન = યમનનો કિંમતી લાલ પથ્થર, મુશ્કે ખુતન = ખુતનની ખૂશ્બુ આપનાર મુશ્ક, ખુતન તુર્કીસ્તાનનો એક ઈલાકો જ્યાંની મુશ્ક મશહૂર છે, ફિદાઈ = કુર્બાન થનાર)*

**અર્થ** : હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દાંત મુબારક પર અદનનાં મોતી, લબ મુબારક પર યમનના લઅલ, ઝુલ્ફ મુબારક પર ખુતનની મુશ્ક અને શાહે અરબના મુબારક ચેહરા પર ફૂલ જાન કુર્બાન કરે છે.

**બૂ હો કે નિહાં હો ગએ તાબે રુખે શહ મેં**
**લૂ બન ગએ હૈં અબ તો હસીનોં કે દહન ફૂલ**

*(બૂ = મહક, નિહાં = છુપી, તાબ = ચમક, રૂખે શહ = બાદશાહનો ચહેરો, લૂ = ગરમ હવા)*

**અર્થ** : હુઝૂર ﷺના ચહરેએ મુબારકના સામે તમામ હસીનોના હુસ્ન સુંદરતાની ચમક મહક બનીને છુપાઈ ગઈ છે અને તેઓનાં દહન મોઢાં જે ફૂલની જેમ હતાં તે મહબૂબે ખુદા ﷺની ખુશ્બુની સામે લૂ બની ગયાં છે.

**હોં બારે ગુનાહ સે ન ખજિલ દોશે અઝીઝાં**
**લિલ્લાહ મેરી નઅશ કર અય જાને ચમન ફૂલ**

*(બારે ગુનાહ = ગુનાહનો બોજ, ખજિલ = શર્મિંદા, દોશ = ખભા, અઝીઝાં = સબંધીઓ, લિલ્લાહ = ખુદા વાસ્તે, નઅશ = લાશ, જાને ચમન = બગીચાની જાન)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ ગુનાહોના બોજ સાથે દુનિયાથી રુખ્સત થઈશ તો મારા જનાઝાને

ઉઠાવનાર મારા સગા સંબંધીઓ એ બોજના કારણે શર્મિંદા ન થઈ જાય, એટલા માટે હે ચમને કાઈનાતની જાન ! અલ્લાહના વાસ્તે મારી લાશને ફૂલની જેમ ગુનાહોથી પાક કરી હલ્કી બનાવી દો.

**દિલ અપના ભી શૈદાઈ હૈ ઉસ નાખૂને પા કા**
**ઈતના ભી મહે નૌ પે ન અય ચર્ખે કોહન ફૂલ**

*(શૈદાઈ = કુર્બાન થનાર, નાખૂને પા = પગના નખ, મહે નૌ = નવો ચાંદ, પહેલો ચાંદ, ચર્ખે કોહન = જૂનો આકાશ, ફૂલ = ખુશીથી ફૂલાઈ જવું)*

**અર્થ** : હે આકાશ ! તું નવા ચાંદને જોઈને ખુશીથી ન ફૂલાઈ જા ! મારું દિલ તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના મુબારક પગના ચાંદ જેવા નખ પર કુર્બાન છે !

**દિલ ખોલકે ખૂં રોલે ગમે આરિઝે શહમેં**
**નિકલે તો કહીં હસરત ખૂંનાબા શુદન ફૂલ**

*(ખૂં રોલે = લોહી રડી લે, ગમે આરિઝ = આવનાર ગમ, ખૂંનાબા = લોહીનાં આસૂં, શુદન = થવું)*

**અર્થ** : હે મારી આંખો ! નિકટમાં મદીનાથી રવાના થવાનું છે શાહે મદીનાની જુદાઈના આવનાર ગમમાં લોહીના આસું રડી લે કે તે આસૂં ફૂલ બની જાય અને તારી હસરત નીકળી જાય.

**ક્યા ગાઝા મલા ગર્દે મદીના કા જો હૈ આજ**
**નિખરે હુએ જોબનપે કયામતકી ફબન ફૂલ**

*(ગાઝા = પાવડર, મલા = લગાડયું, ગર્દે મદીના = મદીના શરીફની ધૂળ, જોબન = જવાની, સુંદરતા, ફબન = સજાવટ)*

**અર્થ** : ફૂલોએ મદીના શરીફની ધૂળનો પાવડર લગાડી લીધો છે એટલે આજે નિખરેલી જવાનીમાં કયામતની સજાવટ છે.

## ✪ મદીના શરીફની ધૂળની ફઝીલત ✪

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, મને તે ઝાતની કસમ જેના કબ્ઝામાં મારી જાન છે ! મદીના પાકની ધૂળમાં દરેક બીમારીની શિફા છે. *(ખુલાસતુલ વફા)*

જંગે તબૂકથી વાપસી પર ધૂળ ઉડી તો એક સહાબીએ મોઢું ઢાંકી દીધું. તો હુઝૂર ﷺ એ તેના મોઢા પરથી કપડુ હટાવી ફર્માવ્યું, મદીનાની ધૂળમાં દરેક બીમારીની શિફા છે.

**ગર્મીએ કયામત હૈ કે કાંટે હૈં ઝબાં પર**
**બુલબુલ કો ભી અય સાકી સહબા વ લબન ફૂલ**

*(કાંટે હૈં ઝબાં પર = પ્યાસના કારણે જીભ સુકાઈ ગઈ છે, સાકી = પીવડાવનાર, સહબા = સફેદ દ્રાક્ષની શરાબ, લબન = દૂધ)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ કયામત કાયમ થઈ ગઈ છે, પ્યાસના કારણે ઝબાનો કાંટા થઈ ગઈ છે, તમારાં ગીત ગાનાર બુલબુલ ગુલામોને હોઝે કૌષરથી પવાડાવીને પ્યાસ મટાડો !

**હો કૌન કે ગિર્યા કરે યા ફાતેહા કો આએ**
**બેકસ કે ઉઠાએ તેરી રહમત કી ભરન ફૂલ**

*(ગિર્યા = રૂદન કરવું, ફાતેહા = મર્હૂમ માટે મગફેરતની દુઆ, બેકસ = મોહતાજ, ભરન = તેજ વરસાદ)*

**અર્થ** : મારા મોહતાજનું કોણ છે જે રડે અથવા કબ્ર પર આવી ફાતેહા પઢે ! આપની રહમતનાં ફૂલ

ભાદરવાના વરસાદની જેમ વરસી જાય તો મારું કામ થઈ જાય.

**દિલ ગમ તુઝે ઘેરે હૈં ખુદા તુઝકો વો ચમકાએ**
**સૂરજ તેરે ખિરમન કો બને તેરી કિરન ફૂલ**

*(ઘેરે હૈં = ઘેરી લીધેલ છે, ખિરમન = ખલયાન જ્યાં અનાજ કાઢવામાં આવે છે, કિરન = ચમક)*

**અર્થ** : દિલ તને ગમે ઘેરી લીધું છે, ખુદા તને એવું ચમકાવશે કે સૂરજ તારી ખળીના ફૂલોની એક કિરણ બની જશે.

**ક્યા બાત "રઝા" ઉસ ચમનિસ્તાને કરમ કી**
**ઝહ્રા હૈ કલી જિસમેં હુસૈન ઔર હસન ફૂલ**

*(ચમનિસ્તાન = બાગ, કરમ = સખાવત, ઝહ્રા = હઝરત ફાતિમા બિન્તે રસૂલનો મુબારક લક્બ, અર્થ જન્નતની કળી, હુસૈન–હસન = હુઝૂર ﷺના નવાસા)*

**અર્થ** : હે અહમદ રઝા ! (رحمۃ اللہ علیہ) તે બાગે કરમની શું વાત છે ! એહલે બૈતની ફઝીલતમાં અસંખ્ય હદીષો ભરોસાપાત્ર કિતાબોમાં વર્ણન થયેલ છે જે અહિયાં લખવી અશક્ય છે. વધુ જાણકારી માટે અલ્લામા યુસૂફ નબહાનીની કિતાબનો ઉર્દૂ તર્જૂમો શર્ફુસ્સાદતનો અભ્યાસ કરો.

*તેરી નસ્લે પાક મેં હૈ બચ્ચા બચ્ચા નૂર કા–તૂ હૈ અયને નૂર તેરા સબ ઘરાના નૂર કા*

## આશિકાને એહલે બયત માટે ચિંતનની એક પળ !

જે લોકો આશિકે રસૂલ અને આશિકે આલે રસૂલ તથા આશિકે હુસૈન હોવાના દાવેદાર છે તેઓ જરા ધ્યાન આપે કે હઝરત ઈમામ હુસૈન તથા પૂરા આલે રસૂલના ખાનદાને શહીદ થવું પડયું તેનું કારણ આ ગુનાહો હતો જે યઝીદ કરતો હતો, કે તે **દાઢી મૂંડાવતો હતો, ફાસિક હતો, જાહેરમાં હરામ કામો કરતો હતો, નમાઝો છોડતો હતો, દારૂ પીતો હતો, પરાઈ સ્ત્રીઓના નાચ જોવાનો શોખિન હતો, વ્યભિચારી (ઝિનાખોર) લંપટ હતો.....વગેરે.** હવે જે ખરેખર આલે રસૂલને ચાહવાવાળો તથા ઈમામ હુસૈનનો ચાહક હોય તે જો એ જ કામ કરતો હોય **તેણે વિચારવું જોઈએ કે હું તે જ કામો કરી રહ્યો છું જેના સબબે ખાનદાને અહલે બયતને કર્બલામાં કતલ થવું પડયું ! તો હું કયા મોઢે આશિકે અહલે બયત પોતાને કહી શકું ?!**

સારાંશ કે ઈમામ હુસૈન رضی اللہ عنہ એ કર્બલાની ભૂમિ પર ભૂખ્યા પ્યાસા રહીને હક્કને ખાતર પૂરા ખાનદાન સાથે **શહાદત વહોરી લીધી પણ એક ફાસિકના હાથમાં હાથ ન આપ્યો.** આ પ્રસંગ ક્યામત સુધી રહેનારા મુસલમાનોને હક્કનું મહત્વ સમજાવી રહેલો છે અને હક્કના વટેમાર્ગુ માટે દીવાદાંડી સમાન છે.

શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન
દીનસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન
સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ
હક્કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન

*–(હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

# દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(**દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### મુસલમાનને તકલીફ આપવા વિશે

પછી ફર્માવ્યું કે મર્તબાએ સોમમાં જેને સુલૂકવાળા પણ કબીરા ગુનોહ ખયાલ કરે છે તે એ છે કે, ''એનાથી વધીને કોઈ કબીરા ગુનોહ નથી કે મુસલમાન ભાઈને વિના સબબે તકલીફ આપવામાં આવે. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :

وَالَّذِيۡنَ يُؤۡذُوۡنَ الۡمُؤۡمِنِيۡنَ وَالۡمُؤۡمِنٰتِ بِغَيۡرِ مَا اكۡتَسَبُوۡا فَقَدِ احۡتَمَلُوۡا بُهۡتَانًا وَّاِثۡمًا مُّبِيۡنًا

*''અને જેઓ ઈમાનવાળા પુરૂષો તથા સ્ત્રીઓને વિના વાંકે સતાવે છે તેઓએ બોહતાન તથા ઉઘાડો ગુનોહ પોતાના માથે લીધો.'' (પારા : ૨૨, સૂરએ અહઝાબ, આયત : ૫૮)* મુસલમાન ભાઈને સતાવવું કબીરા ગુનોહ છે એમાં ખુદા વ રસૂલ બંનેવ નારાજ થાય છે.

ત્યારબાદ ખ્વાજા સાહબે હિકાયત ફર્માવી કે એક બાદશાહે પ્રજા પર જુલ્મો સિતમ કરીને દેશને બર્બાદ કરી રાખ્યો હતો અને ઘણી તકલીફ આપતો હતો. મુદ્દત બાદ એ જ બાદશાહને બગદાદમાં કંકરી મસ્જિદ પાસે ઉભેલા જોયો કે માથુ તથા દાઢીના વાળ વિખરાયેલા છે અને ધૂળમાં ભળેલો છે. અગાઉની હાલત તદ્દન બદલાય ચૂકી છે અને શરીર પર માટી નાખેલી છે. એક શખ્સે તેને ઓળખીને પૂછયું કે તું તે જ બાદશાહ છે જે મક્કામાં લોકો પર જુલ્મો સિતમ કરતો હતો ?! શર્મિંદા થઈને જવાબ આપ્યો, તેં મને કેવી રીતે ઓળખી કાઢયો ? કહ્યું, તે દિવસે મેં તને નેઅમત તથા દૌલતમાં જોયો છે જ્યારે તું ખુદાની મખ્લૂક પર રહેમ કરતો ન હતો, બલ્કે ઉલ્ટો જુલ્મો સિતમ કરતો હતો. કહ્યું, હા ! હું તે સમયે ખુદાની નિઃસહાય મખ્લૂકને તકલીફ પહોંચાડતો હતો અને તેમના પર જુલ્મ કરતો હતો એટલા માટે મારા કર્યાની સજા પામી લીધી.

ત્યારબાદ ખ્વાજા સાહબે એક અધિક હિકાયત ફર્માવી કે એકવાર બગદાદમાં દરિયા કિનારે એક ઝુપડી જોઈ જેમાં એક બુઝુર્ગ રહેતા હતા. જ્યારે હું ઝુપડીમાં આવ્યો તો સલામ કહી. સલામનો જવાબ તેમણે ઈશારાથી આપ્યો અને ઈશારામાં જ કહ્યું, બેસી જાવ ! થોડીકવાર હું બેઠો તો મને સંબોધ્યું કે હે દરવેશ ! લગભગ ૫૦ વરસોથી મેં એકાંત ખૂણો (ગોશાનશીની) અપનાવ્યો છે. જે રીતે તમે દુનિયામાં સફર કરી રહ્યા છો એ પ્રમાણે હું સફર કરતો હતો. મેં એક દુનિયાદાર ઉમરવાળાને એક શહેરમાં જોયો જે ખુદાની મખ્લૂકને લેણદેણમાં સતાવતો હતો. મેં તેને કાંઈ ન કહ્યું કે ન તેનાથી અટકાવ્યો અને હું જોઈને ચાલ્યો ગયો. ફરિશ્તાએ અવાજ આપ્યો, હે દરવેશ ! જો હક્કને ખાતર આ દુનિયાદારને કહી આપત કે, ''અલ્લાહ તઆલાથી ડર ! અને લોકો સાથે જુલ્મ ન કર ! તો તે તારા કહેવાથી રોકાઈ જાત. પરંતું તું એ વાતથી ડરી ગયો કે તે દુનિયાદાર તારા પર જે મહેરબાની કરતો હતો તે કદાચ ન કરે !'' જ્યારથી મેં ગયબનો અવાજ સાંભળ્યો ત્યારથી શરમનો માર્યો કેટલાય વરસોથી આ ઝુપડીમાં રહું છું અને કદમ

બહાર નથી રાખતો. હું એ અંદેશામાં છું કે જો કયામતમાં મને આ મામલાના બાબતે પૂછવામાં આવશે તો શો જવાબ આપીશ ?! વળી હે દરવેશ ! એ દિવસથી મેં કસમ ખાધી છે કે હું કોઈ બાજુ નીકળીશ નહીં જેથી કોઈ કાર્યને જોઈને તેનો ગવાહ ન બનવું પડે.

ત્યારબાદ જ્યારે સાંજનો સમય થયો તો તેના માટે જવની બે રોટીઓ, એક પ્યાલો અને એક કૂજો પાણીનો ઉતર્યો. મેં તથા એ ફકીરે ભેગા બેસી ઈફતાર કર્યો. જ્યારે હું ત્યાંથી રવાના થયો તો તેણે બે સફરજન મુસલ્લા નીચેથી કાઢીને મને આપ્યાં અને હું આદાબ બજાવી લાવીને પરત ચાલ્યો આવ્યો.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે **સુલૂકમાં** ચોથો મર્તબો એ છે કે **એ પણ કબીરા ગુનોહ છે કે જ્યારે અલ્લાહ તઆલાનું નામ સાંભળે અથવા કલામુલ્લાહ સાંભળે તો એનું દિલ નરમ ન થાય, અને અલ્લાહના ડરથી તેના ઈમાની એતેકાદ (વિશ્વાસ)માં વધારો ન થાય.** તો જો અયાઝન્ બિલ્લાહ ! ઝિક્રે ઈલાહી, કુર્આન મજીદ સાંભળતી વખતે સાંભળનારાઓનું દિલ નરમ ન થાય અથવા તેમના ઈમાનનો એતેકાદ ન વધે, બલ્કે હંસી ખેલકૂદમાં વ્યસ્ત રહે તો કબીરા ગુનોહ છે. જેમ કે ખૂદ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ وَاِذَا تُلِيَتْ عَلَيْهِمْ اٰيٰتُهٗ زَادَتْهُمْ اِيْمَانًا وَّعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ۔

*"ઈમાનવાળા તે જ છે કે જ્યારે અલ્લાહને યાદ કરવામાં આવે (ત્યારે) તેમના હૃદયો ડરી જાય અને જ્યારે તેમની પાસે તેની આયતો પઢવામાં આવે ત્યારે તેમનું ઈમાન પ્રગતિ પામે, અને પોતાના રબ પર જ ભરોસો રાખે." (પારા : ૯, સૂરએ અન્ફાલ, આયત : ૨)*

ઈમામ ઝાહિદ તફસીરમાં લખે છે કે આ આયતનો અર્થ એ છે કે હકીકતમાં મોમિન તે લોકો છે કે જ્યારે અલ્લાહ તઆલાનું નામ સાંભળે છે તો તેનો ઈમાનમાં એતેકાદ (યકીન) અધિક થાય છે. જે વખતે ઝિક્રે ઈલાહી અથવા કલામે ઈલાહી સાંભળે છે તે વખતે જેઓ હસે છે તેઓ જરૂર જરૂરથી મુનાફિક છે.

પછી એ પ્રસંગને અનુરૂપ ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ કેટલાક માણસોને જોયા કે ઝિક્રે ખુદા કરે છે પણ હંસી તથા ખેલકૂદમાં વ્યસ્ત છે, અને ઝિક્રથી એમનાં દિલ નરમ નથી થતાં. આં હઝરત ﷺએ ઉભા થઈને ફર્માવ્યું, આ મુનાફિકોનો ત્રીજો ગિરોહ છે જેમનું દિલ કલામે ઈલાહી સાંભળતી વખતે નરમ નથી થતું.

પછી હિકાયત વર્ણવી કે ઈબ્રાહીમ ખવાસે કેટલાક માણસોને જોયા જેઓ ઝાકિર હતા અને બેસીને ઝિક્ર કરી રહ્યા હતા. જેવું ખ્વાજા સાહબે અલ્લાહ તઆલાનું નામ સાંભળ્યું તો એવો શોખ તથા દર્દ પેદા થયું કે રક્સ કરવા લાગ્યા. સાત દિવસ રાત રક્સ કરતા રહ્યા અને બેહોશ થઈ જતા, જે વખતે હોશમાં આવતા પછી ખુદાનું નામ ઝબાન પર લાવતા ફરી બેહોશ થઈ જતા. જ્યારે હોશમાં આવ્યા તો તાજુ વુઝૂ કરીને બે રકાત નમાઝ અદા કરી અને માથુ સજદામાં રાખીને "યા અલ્લાહ !" કહ્યું અને અલ્લાહને પ્યારા થઈ ગયા.

ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ આ શેઅર પઢયો :–

**(અર્થ)** : *"આશિક દોસ્તની ખ્વાહિશમાં બેહોશ હતો, અને પોતાની મહોબ્બતના અતિરેકમાં બેહોશ હતો. ખુશી એ વખતે કે મખ્લૂક જ્યારે પરેશાન હશે તારું નામ દિલો દિમાગમાં મહેફૂઝ રહેશે."*

ત્યારબાદ ખ્વાજા સાહબે આ હિકાયત વર્ણવી કે એકવાર ખ્વાજા ચિશ્ત رحمۃ اللہ علیہની ખાનકાહમાં અમુક દરવેશ સાહિબે મજાલ વ નેઅમત મજલિસમાં હાજર હતા અને હું પણ મૌજૂદ હતો. આ જ શેઅર પઢી રહ્યા હતા. હું તથા તે દરવેશ આ શેઅરને સાંભળવાથી સાત દિવસ રાત બેહોશ રહ્યા અને રક્સ કરતા રહ્યા. જ્યારે પઢનારા અન્ય શેઅર પઢવા ચાહતા તો અમે આ જ કહેવડાવતા. એ દરવેશોમાંથી બે તો એવા બેખબર થઈ ગયા કે જમીન પર ગબડી પડયા અને દરમ્યાનથી ગાયબ થઈ ગયા. જ્યારે ખ્વાજા સાહબે આ ફવાઈદને ખત્મ કર્યા તો તિલાવતમાં મશ્ગૂલ થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ
બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ★ એક બાળકની કરામત ! ★

મેં અબૂ અબ્દુલ્લાહ શીરાઝી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે અબ્દુલવાહિદ બિન બકર અલ્વર ષાનીએ તેમને કહ્યું કે મુહમ્મદ બિન અલી હુસૈન મુક઼ર્રી તરસૂસીએ તેમને કહ્યું કે અબૂ અબ્દુલ્લાહ બિન જલાઅ્ ફર્માવતા હતા કે એક દિવસે મારાં વાલિદા (માતા)એ મારા વાલિદ (પિતા)થી માછલીની ઈચ્છા દર્શાવી. મારા વાલિદ બજાર ગયા. હું એમની સાથે હતો. તેમણે માછલી ખરીદી અને રોકાઈ ગયા કે કોઈ ઉઠાવનાર મળી જાય. આપે પોતાની સમક્ષ એક બાળકને એક અન્ય બાળકની સાથે ઉભો કરી આપ્યો. તે બાળકે કહ્યું, કાકા ! આપ કોઈ વજન ઉઠાવનારની રાહ જોઈ રહ્યા છો ? મારા વાલિદે કહ્યું, હા ! બાળકે માછલી ઉઠાવી અને અમારી સાથે ચાલવા લાગ્યો. રસ્તામાં અમે અઝાનનો અવાજ સાંભળ્યો. બાળકે કહ્યું કે મોઅઝ્ઝિને અઝાન આપી દીધી છે તો હું વુઝૂ કરીને નમાઝ પઢવા ચાહું છું, જો તમે રાજી હોઉ તો બેહતર છે, નહીં તો આ માછલી લઈ લો. બાળક માછલી રાખીને ચાલ્યો ગયો. મારા વાલિદે કહ્યું, આપણા પર અધિક હક્ક઼ બને છે કે આપણે માછલીના બારામાં અલ્લાહ પર ભરોસો કરીએ. અમે મસ્જિદમાં જઈને નમાઝ પઢી અને બાળકે પણ આવીને નમાઝ પઢી. જ્યારે બહાર આવ્યા તો જોયું કે માછલી ત્યાંની ત્યાં જ પડી છે. બાળકે ફરી તેને ઉઠાવી લીધી અને અમારા ઘરની તરફ ચાલી નીકળ્યો. મારા વાલિદે એનો ઉલ્લેખ મારાં વાલિદાને કર્યો. વાલિદાએ કહ્યું, એને કહો કે અહીં રોકાય અને અમારી સાથે ખાવા ખાય. જ્યારે અમે તેને કહ્યું તો કહેવા લાગ્યો, મારે તો રોઝો છે ! અમે કહ્યું, તો પછી સાંજના આવી જજે. તેણે કહ્યું, એક બોજ ઉઠાવ્યા બાદ બીજીવાર બોજ નથી ઉઠાવ્યા કરતો, પરંતુ હું મસ્જિદમાં જઈશ અને હું સાંજ સુધી ત્યાં જ રહીશ, ત્યારબાદ આપની પાસે આવીશ. આમ કહીને તે ચાલ્યો ગયો. જ્યારે રાત પડી તો બાળક આવ્યો અને અમે ખાવા ખાધુ. જ્યારે પરવાર્યા તો અમે તેને ક઼ઝાએ હાજત (જાજરૂ પેશાબ)ની જગા બતાવી આપી. પછી અમે જોયું કે તે એકાંત ચાહે છે જેથી અમે તેને એક ઓરડો રહેવા આપ્યો. જ્યારે અમુક રાત પસાર થઈ ગઈ તો અમારા એક સંબંધની છોકરી જાતે ચાલીને આવી, જ્યારે કે તે ચાલવા ફરવાથી લાચાર હતી. અમે તેને એના સંબંધે પૂછયું તો બોલી, મેં અલ્લાહથી દુઆ કરી હતી કે ઈલાહી ! આ મહેમાનના સદક઼ા (વસીલા)માં મને સાજી કરી આપ ! જેથી ઉભી થઈ ગઈ. મારાં વાલિદા કહે છે, અમે બાળકને જોવા ગયાં પણ તે ક્યાંય ન હતો અને દરવાજો યથાવત બંધ હતો ! આ હાલ જોઈને મારા વાલિદે કહ્યું, અમુક નાનાં બાળકો હોય છે અને અમુક મોટાં !

## ★ કાંકરીઓ સોનુ બની ગઈ ! ★

મેં મુહમ્મદ બિન હુસૈન رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે અબૂ હારિષ ખિતાબીએ એમને વર્ણવ્યું કે મુહમ્મદ બિન ફઝ્લે તેમને કહ્યું. અલી બિન મુસ્લિમે કહ્યું કે સઈદ બિન યહયા ફર્માવતા હતા કે હું અબ્દુલવાહિદ બિન ઝયદ رحمۃ اللہ علیہની પાસે આવ્યો તો તે છાંયડામાં બેઠા હતા. મેં કહ્યું, જો તમે અલ્લાહથી દરખાસ્ત કરો કે તે આપને રિઝ્ક઼ આપે, તો મને ઉમ્મીદ છે કે તે જરૂર એવું કરશે. અબ્દુલવાહિદે કહ્યું, મારો રબ પોતાના બંદાઓની મસ્લેહતોને ખૂબ સારી રીતે જાણે છે. ત્યારબાદ તેમણે જમીનથી કાંકરીઓ ઉઠાવી અને કહ્યું, "હે ખુદા ! જો તું આને સોનુ બનાવવા ચાહે તો બનાવી શકે છે." ખુદાની ક઼સમ ! તે કાંકરીઓ તેમના હાથમાં સોનુ બની ગઈ ! તેને તેમણે મારી તરફ ફેંકી આપી અને ફર્માવ્યું, તું એને ખર્ચ કર ! દુનિયામાં કોઈ ભલાઈ નથી, સિવાય એ નેકીઓના જે આખેરતના માટે છે.

(ચાબુક)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક !
# દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

### ★ આ છે દેવબંદી પીરના મુરીદનો ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર ! ★

હમણાં સુધી તો વાત ચાલી રહી હતી, ખૂદ હઝરત શયખ (હુસૈન એહમદ ટાંડવી)ની કે તેમને 'ગયબનો ઈલ્મ' કેટલી હદે હતો અને સેંકડો માઈલ દૂર પોતાના 'મુરીદો'ની મદદ માટે પહોંચવાને તેમને માત્ર પલવાર લાગતી હતી, એ 'શયખ'ના એક 'મુરીદ' ભાગલપુર જિલ્લાના એક ગામડામાં રહેતા હતા. જેમનું નામ હાજી જમાલુદ્દીન હતું, તેમણે 'અલ્જમીઅત'ના શયખુલ ઈસ્લામ નંબરમાં પોતાના શયખ (પીર)ના અવસાન પછીનો એક હેરતઅંગેઝ બનાવ લખેલ છે :–

*હું હઝરત (હુસૈન એહમદ)ના મૃત્યુ પછી જુમ્આની રાત્રે બાર તસ્બીહ પઢી લીધા પછી થોડી વાર માટે 'મુરાક઼િબ' થઈને બેસી ગયો, શું જોઉં છું કે હઝરત (હુસૈન એહમદ)નું અવસાન થઈ ચૂક્યું છે અને લોકો મોટી સંખ્યામાં હાજર છે અને હઝરતના જનાઝાની નમાઝ થઈ રહી છે, હું પણ તેમાં સામેલ થઈ ગયો, ત્યાર પછી લોકો હઝરતને કબ્રસ્તાન તરફ લઈ ચાલ્યા. (શયખુલ ઈસ્લામ નંબર, પેજ–૧૬૩)*

કેટલો આશ્ચર્યજનક 'મુરાકેબો' છે કે, કોઈપણ 'સંદેશવાહક' વિના પોતાના 'શયખ'ના મૃત્યુની ખબર ઘરે બેઠા થઈ ગઈ ! ઘરે બેઠાં બેઠાં આંખોથી જનાઝામાં કેટલા માણસો હતા તે પણ જોઈ લીધા અને પલવારમાં ત્યાં પહોંચીને જનાઝામાં સામેલ પણ થઈ ગયા !' યાદ રહે કે, ''મુરાકેબહ''ની સ્થિતિ ખ્વાબની નહીં બલ્કે જાગૃતિની હોય છે.

ભાગલપુરથી દેવબંદનું અંતર સેંકડો માઈલોનું છે, 'શયખે દેવબંદ' (મૌલ્વી હુસૈન એહમદ ટાંડવીના એક 'મુરીદે' (ભાગલપુરમાં પોતાના ઘરમાં બેસીને 'મુરાકેબો' (ધ્યાનગ્રસ્ત) કરીને પોતાના શયખ (પીર)ના અવસાનની હક઼ીક઼ત જાણી જનાઝામાં કેટલા માણસો છે તેને જોઈ લીધા અને પલવારમાં પોતે પણ ભાગલપુરથી દેવબંદ પહોંચી ગયા અને પોતાના 'શયખ'ના જનાઝાની નમાઝ અદા કરીને પાછા ભાગલપુર ભાગી આવ્યા, 'ખુદાઈ તસર્રુફ'નો આ ખુલ્લો દાવો જોઈ લો, દરમ્યાનના 'હિજાબ' ઉઠાવવાને માટે અહીં 'જિબ્રઈલે અમીન' علیہ السلام ની પણ જરૂરત પડી નથી, **બીજી તરફ આપણા નબીએ આ'ઝમ ﷺના સંબંધે એ 'શ્રીમાનો'ની સ્પષ્ટ માન્યતા છે કે, (મઆઝલ્લાહ) 'સરકારે કાએનાત'ને દીવાલની પાછળ શું છે તેની ખબર નથી,** આપને હઝરત 'જિબ્રઈલ' علیہ السلام આવીને તમામ વસ્તુઓ બતાવી જતા હતા ત્યારે જ ખબર પડતી હતી.

### ★ દેવબંદી શયખના ઈલ્મે ગયબનું એલાન ! ★

'તબ્લીગ જમાઅત'ના સરગર્મ સભ્ય મુફ઼તી અઝીઝુર્રહમાન સાહેબ બીજનોરીને પોતાની કિતાબ નામે 'અન્ફ઼ાસે કુદ્સિય્યહ'માં પોતાના હઝરતની 'ગયબદાની'ના ચિત્ર વિચિત્ર કિસ્સા ટાંકયા છે, તેને વાંચો અને 'તવહીદપરસ્તી'ના મુકાબલે 'શયખ પરસ્તી'ની ભાવનાની વિશાળતાઓ તમારો જુઓ લખ્યું છે કે :–

*માહે રમઝાનના મૌકા પર અનેક વખત એવું બન્યું છે કે, જે દિવસે આપ (હુસૈન એહમદ) 'સૂરએ ઈન્ના અન્ઝલ્ના' 'વિત્રો'માં પઢતા, એ હકીકતમાં 'શબેકદ્ર' હોતી અને ઈદની ચાંદરાતના સંબંધે અનેકવાર અનુભવ કરવામાં આવ્યો છે કે જે દિવસે ચાંદરાત થતી, હઝરત તેની સવારથી જ ઈદની વ્યવસ્થા શરૂ કરી દેતા હતા અને એક દિવસ પહેલાં કુર્આન શરીફ ખત્મ કરી દેતા હતા, પછી ભલે ૨૯ તારીખ કેમ ન હોય ! હઝરતની આ પ્રકારની રીતને કારણે હઝરતનો* ***દરેક ખાનકાહી બતાવી શક્તો હતો કે આજે 'ચાંદરાત' છે.*** *(અન્ફાસે કુદ્સિય્યહ', પેજ–૧૮૫)*

''જિસ દિન આપ સૂરએ ઈન્ના અન્ઝલ્ના વિતરોમેં તિલાવત ફર્માતે ઉસી દિન શબે કદ્ર હોતી થી'', નો મતલબ એ ન પણ લેવામાં આવે કે, આપ (હુસૈન એહમદ)ના તિલાવત કરવાના કારણે જ ગમે તેમ કરીને એ જ દિવસે 'શબેકદ્ર' (સત્તાવીસમી) થઈ જતી હતી, તો પણ એ અર્થ પોતાના સ્થાને સ્પષ્ટ છે કે, **તેમને 'શબેકદ્ર'નો ઈલ્મ થઈ જતો હતો !** હકીકતમાં 'એહલે ઈલ્મ' ખૂબ સારી પેઠે જાણે છે કે, 'શબેકદ્ર' મખ્લૂકની દરમ્યાન એક 'સિર્રે ઈલાહી' (ખુદાઈ રહસ્ય)ની જેમ છે, ખૂદ રસૂલેપાક સાહેબે લવલાક ﷺ પણ ચોક્કસ રીતે એ 'નિયત રાત્રી નિર્દેશિત કરી નથી, તો શું દેવબંદના આ 'શયખ' પોતાની 'ગયબી શક્તિ'થી ખુદાના હરમમાં ધાડ પાડીને એ જાણી લેતા હતા કે, આજે નક્કી 'શબે કદ્ર' છે ?!

માત્ર એટલું જ નહીં, બલ્કે, કેટલાયે દિવસો પહેલાં એ પણ જાણી લેતા હતા કે, કયા દિવસે 'ચંદ્ર દર્શન થશે અને એ 'ઈલ્મ' અને એ જાણકારી એટલી હદે ચોક્કસ હતી કે, તેની બુનિયાદ પર તેઓ પોતે પણ સમયથી પહેલાં ઈદની તૈયારીઓ શરૂ કરી દેતા હતા અને તેમની ખાનકાહમાં 'દુરવેશો'ને પણ ચાંદરાતની જાણકારી માટે આકાશ તરફ જોવાની જરૂરત પણ પડતી ન હતી ! હવે ઈન્સાફથી ''દેવબંદી તૌહીદ'' શીખવતી કિતાબનું આ લખાણ પણ વાંચી લો ! એક કુર્આની આયતનું ગલત અર્થઘટન કરતાં લખે છે :–

*''મજકૂર આયતથી ફલિત થાય છે કે* ***ગૈબ જાણવાનો દાવો કરનારા બધા જૂઠા છે. કશ્ફ, ઈસ્તિખારહ,*** *જ્યોતિષ, રમલ (પાસાં ફેંકીને શુભાશુભ ફળ જાણવું તે)* ***બધું જ જૂઠુ, છળકપટ અને શયતાનની જાળ છે...''*** *–(તકવિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૭૧, ૭૨, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

હવે કહે દેવબંદી, કંથારવી, મનુબરીઓ કે આ દેવબંદી મુફતી જૂઠ ચલાવનાર, છળકપટ કરનાર તથા શયતાનની જાળ ફેલાવનાર છે કે નહીં ?! પણ ના ! એના વિશે તેમની બોલતી બંધ છે !

'પોતાના શયખ'ના સંબંધે 'તવહીદના અલમબરદારો'નું આ માનસ જોઈ લો ! કુર્આન અને હદીષની તમામ હિદાયતો અહીં નકામી થઈ ગઈ, હવે ત્યાં તેમના 'શયખ'ની માત્ર 'અકીદત' છે અને તેઓ છે ! આવી જ બાબત કોઈ નબી કે વલી સંબંધે માને તેને 'એ શ્રીમાનો' 'મુશ્રિક' કહે છે. એટલે જ લાગે છે કે, ''દેવબંદી શ્રીમાનો'ની એક નહીં પણ 'બે શરીઅત' છે !

'દેવબંદી વર્ગ'ના 'શયખ' મૌલ્વી હુસૈન એહમદ સાહબ મદની (ટાંડવી) સંબંધના બનાવો અહીં પૂરા થયા. **હવે તમારે ફેંસલો કરવાનો છે કે, જે જે બાબતોને એ 'શ્રીમાનો' અંબિયા અને અવલિયાના સંબંધે 'શિર્ક' જાહેર કરી ચૂક્યા છે, એ જ બાબતોને 'પોતાના બુઝુર્ગોના હક્કમાં 'ઐન ઈસ્લામ' બતાવવામાં આવી છે તે કેવી રીતે ?** તસ્વીરની એક બાજુમાં જે જે 'અકીદાઓ' જાહેર કરવામાં આવ્યાં છે તે ક્યાં તો બાતિલ છે અથવા તો 'તસ્વીરની બીજી બાજુ' જે જે બનાવો ટાંકવામાં આવ્યા છે તે ગલત છે, આ બંને બાબતોમાંથી ગમે તે એક બાબતનો સ્વીકાર કરવામાં આવશે તેમાં મઝહબી–દયાનત, દીની–વિશ્વાસ અને 'ઈલ્મ–કાબેલિયત'નું ખૂન જરૂર થશે. ગૈરતે–હક્કના જલાલની તમને કસમ છે, કોઈપણ પ્રકારની પક્ષપાતી–નીતિને અપનાવ્યા વિના ઉપરોક્ત લખાણો સંબંધે તમારો સાચો નિર્ણય તમે જ કરો.

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ★ ખુત્બાના અમુક અન્ય મસ્અલા ★

**જ્યારે ઈમામ ખુત્બાને માટે ઉભો થાય તે વખતથી લઈને નમાઝ પૂરી થાય ત્યાં સુધી બીજી નમાઝ કે ઝિક્ર વગેરે તેમજ દરેક પ્રકારની વાતચીત મના છે** પરંતું જેને માટે તરતીબ ફરજ છે તે પોતાની કૂઝા નમાઝ પઢી લે. એ જ રીતે જે માણસ સુન્નત કે નફ્લ પઢી રહ્યો છે તે જલ્દી જલ્દી પઢી લે. જે ચીજો નમાઝમાં હરામ છે દા.ત. ખાવુ પીવું, સલામ અને તેનો જવાબ વગેરે એ સર્વ ખુત્બામાં પણ હરામ છે, ત્યાં સુધી કે નેક વાત બતાવવી પણ.

ખતીબ નેક વાત બતાવી શકે છે. જ્યારે ખુત્બો પઢે ત્યારે હાજર રહેલાઓ પર સાંભળવું અને ચૂપ રહેવું ફર્ઝ છે. જે લોકો ઈમામથી દૂર હોય અને ખુત્બાનો અવાજ તેમના સુધી પહોંચતો ન હોય તેમણે પણ ચૂપ રહેવું વાજિબ છે અને કોઈને કાંઈ ખરાબ કામ કરતાં જુએ તો હાથ કે માથાના ઈશારાથી રોકી શકે છે, ઝબાનથી રોકવું જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)* **મસ્અલો** : ખુત્બો સાંભળવાની હાલતમાં જોયું કે આંધળો કૂવામાં પડી જાય તેમ છે અથવા કોઈને વીંછી વગેરે કરડી ખાય તેમ છે તો ઝબાનથી કહી શકે છે, જો ઈશારા કે દબાવવાથી બચાવી શકે છે તો એવી હાલતમાં પણ ઝબાનથી કહેવાની ઈજાઝત નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર અને બહાર)*

**મસ્અલો** : ખતીબે મુસલમાનો માટે દુઆ કરી તો **સાંભળનારાઓએ હાથ ઉઠાવવો કે આમીન કહેવી મના છે,** જો એવું કરશે તો **ગુનેહગાર થશે.** ખુત્બામાં દુરૂદ શરીફ પઢતી વખતે ખતીબે ડાબે જમણે મોં કરવું બિદઅત છે. *(રદ્દુલ મોહતાર, બહાર)*

**મસ્અલો** : હુઝૂરનું નામ મુબારક ખતીબે લીધું તો **હાજરજનોએ** દિલમાં દુરૂદ શરીફ પઢવું, એ વખતે **ઝબાનથી પઢવાની ઈજાઝત નથી** એજ રીતે સહાબાએ કિરામના મુબારક નામ વખતે પણ "રદીઅલ્લાહુ અન્હુ" ઝબાનથી પઢવાની ઈજાઝત નથી. *(દર્રૂ મુખ્તાર, બહાર)* **મસ્અલો** : જુમ્આના ખુત્બા સિવાય બીજા ખુત્બાઓને પણ સાંભળવા વાજિબ છે જેમ કે ઈદો અને નિકાહ વગેરેના ખુત્બા. *(સૂરએ જુમ્અહ, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પહેલી અઝાન થતાં જ મસ્જિદ તરફ જવાની તૈયારી કરવી વાજિબ છે અને ખરીદ વેચાણ વગેરે તે બાબતો કે જે મસ્જિદ તરફ જવામાં રોકાણ કરતી હોય તેને છોડી દેવી વાજિબ છે, ત્યાં સુધી કે રસ્તે જતાં જતાં ખરીદ વેચાણ કર્યું તો તે પણ નાજાઈઝ છે અને મસ્જિદમાં ખરીદ વેચાણ કરવું ઘણો જ મહાન ગુનો છે. ખાવા ખાઈ રહ્યો હતો કે જુમ્આની અઝાનનો અવાજ આવ્યો, જો એ ડર હોય કે જુમ્આ જતી રહેશે તો ખાવું છોડી દઈ જુમ્આ માટે જાય. વળી જુમ્આને માટે શાંતિ અને ભપકાની સાથે જવું. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જ્યારે ખતીબ મિમ્બર ઉપર ખુત્બો પઢવા બેસે ત્યારે એની સામે બીજીવાર અઝાન દેવામાં આવે. સામેનો મતલબ એ નથી કે મિમ્બર પાસે જ મસ્જિદમાં (જમાઅતખાનામાં) પઢવામાં આવે, કારણ કે મસ્જિદમાં અઝાન પઢવાને ફુકહાએ કિરામે મકરૂહ ફર્માવ્યું છે. *(ખુલાસા, આલમગીરી, કાઝીખાન)*

**મસ્અલો** : અઝાને ષાની (અર્થાત બીજીવારની અઝાન જે ખુત્બા સમયે મિમ્બર ઉપર ઈમામ ખતીબ બેસે છે ત્યારે આપવામાં આવે છે) પણ જોરથી મોટા અવાજે પઢવામાં આવે કારણ કે એનાથી પણ એલાન મતલબ છે (અર્થાત લોકોને ખુત્બાની તૈયારીની જાણ કરવાનો હેતુ છે) કે જેણે પહેલી અઝાન ન સાંભળી હોય તે બીજી અઝાન સાંભળી હાજર થઈ જાય. *(બહરુર્રાઈક વગેરે)*

**મસ્અલો** : ખુત્બો પૂરો થાય કે તરત જ ઈક઼ામત (તકબીર) કહેવામાં આવે ખુત્બા અને તકબીરની વચમાં દુનિયાની વાતચીત કરવી મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : જેણે ખુત્બો પઢાવ્યો તે જ નમાઝ પઢાવે, બીજો ન પઢાવે જો બીજાએ નમાઝ પઢાવી તો પણ થઈ જશે પરંતું ત્યારે જ કે ખતીબે તેને રજા આપી હોય.

**મસ્અલો** : જુમ્આની નમાઝમાં બેહતર એ છે કે પહેલી રકાતમાં સૂરએ જુમ્અહ્ અને બીજી રકાતમાં સૂરએ મુનાફેકુન પઢે. અથવા પહેલી રકાતમાં سبح اسم અને બીજી રકાતમાં **هل اتك**ની સૂરતો પઢે. પરંતું હમેશાં એને ન પઢે કદી કદી બીજી સૂરતો પણ પઢે.

**મસ્અલો** : જુમ્આના દિવસે મુસાફરીએ નીકળ્યો અને ઝવાલ પહેલાં શહેરની વસ્તી બહાર નીકળી ગયો છે તો વાંધો નથી, નહીં તો મના છે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત વગેરે)*

**ફાયદો** : જુમ્આના દિવસે મુર્દાઓની રૂહો ભેગી થાય છે માટે કબરોની ઝિયારત કરવી જોઈએ. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

## ★ ઈદોનુ બયાન ★

ઈદો (ઈદુલ ફિત્ર અને ઈદુદ્દોહા)ની નમાઝ વાજિબ છે. પરંતું સૌના ઉપર નહીં બલ્કે તેના ઉપર કે જેના ઉપર જુમ્આની નમાઝ વાજિબ છે અને એને પઢવાની તે જ શરતો છે જે જુમ્આની નમાઝ માટે છે પરંતું તફાવત એટલો છે કે જુમ્આમાં ખુત્બો શર્ત છે, જ્યારે ઈદોમાં સુન્નત છે. જો જુમ્આમાં ખુત્બો ન પઢયો તો જુમ્આની નમાઝ ન થઈ જ્યારે કે ઈદોમાં ન પઢયો તો ઈદની નમાઝ થઈ ગઈ, પરંતું સારું ન કર્યું ગણાશે.

બીજો તફાવત એ છે કે જુમ્આમાં નમાઝથી પહેલાં ખુત્બો છે જ્યારે ઈદોમાં નમાઝની પછીથી ખુત્બો છે. જો ઈદોનો ખુત્બો નમાઝથી પહેલાં પઢી લીધો તો નમાઝ તો થઈ ગઈ પરંતું ખરાબ કામ કર્યું. નમાઝ અને ખુત્બાને પણ ફરી પઢવાની જરૂરત નથી. વળી ઈદોમાં ન તો અઝાન પઢવાની છે અને ન તો ઈક઼ામત (તકબીર) પઢવાની છે. ફક્ત બે વખત આટલું જ કહેવાની છૂટ છે, અસ્સલાતલ્ જામિઅહ. *(કાઝીખાન, આલમગીરી, દુર્રેમુખ્તાર વગેરે)*

**મસ્અલો** : વિના કારણે ઈદની નમાઝ છોડવી ગુમરાહી અને બિદઅત છે. *(જૌહરા, નયૈરા, બહારે શરીઅત)* **મસ્અલો** : ગામડામાં ઈદની નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)*

**મસ્અલો** : ઈદના દિવસે આ બાબતો મુસ્તહબ છે : ૧. હજામત બનાવવી. ૨. નખ કાપવા. ૩. નહાવું. ૪. દાતણ કરવું. ૫. સારાં કપડાં પહેરવાં (નવુ હોય તો નવુ નહીં તો ધોએલુ) ૬. વીંટી પહેરવી. ૭. ખુશ્બુ લગાડવી. ૮. ઈદગાહમાં જલ્દી જતા રહેવું. ૧૦. નમાઝથી પહેલાં ફિત્રો આપવો. ૧૧. ઈદગાહમાં ચાલતા જવું. ૧૨. જે રસ્તે ગયા તેના બીજા રસ્તે પાછા ફરવું. ૧૩. નમાઝ માટે જતાં પહેલાં થોડીક ખજૂર ખાઈ લેવી. (ત્રણ, પાંચ, સાત કે તેથી ઓછી વત્તી પરંતું એકી સંખ્યામાં હોય.) ખજૂર ન હોય તો ગમે તે કાંઈક મીઠી ચીજ ખાઈ લેવી. નમાઝથી પહેલાં કોઈક ચીજ પણ ન ખાધી તો ગુનેહગાર થયો, પરંતું જો ઈશા સુધી કાંઈ ન ખાધું તો ધમકી પાત્ર બનશે. *(રદ્દુલ મુહતાર વગેરે)* ૧૪. ખુશી જાહેર કરવી. ૧૫. ખૈરાત વધુ કરવી ૧૬. ઈદગાહમાં શાંતિથી દબદબાપૂર્વક નીચી નજરે જવું. ૧૭. પરસ્પર મુબારકબાદ આપવી. આ બધીયે બાબતો મુસ્તહબ છે. **મસ્અલો** : રસ્તામાં જોર જોરથી તકબીર ન પઢવી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત વગેરે)*

**મસ્અલો** : ઈદગાહે સવારી ઉપર બેસી જવામાં પણ વાંધો નથી, પરંતું જે ચાલીને જઈ શક્તો હોય તેણે પગપાળા જવું અફઝલ છે અને પાછા ફરતાં સવારી ઉપર પાછા ફરવામાં વાંધો નથી. *(જૌહરા, આલમગીરી, બહાર)*

**મસ્અલો** : ઈદોની નમાઝનો ટાઈમ સૂર્ય એક ભાલા જેટલો ઊંચે ચઢી જાય (મકરૂહ સમય ખત્મ

થાય) ત્યારથી શરૂ થાય છે અને તે ઝવાલ સુધી પઢી શકાય છે, પરંતું ઈદુલ ફિત્રમાં મોડુ કરવું તેમજ બકરી ઈદમાં જલ્દી કરવું મુસ્તહબ છે. જો સલામ ફેરવતાં પહેલાં ઝવાલનો ટાઈમ થઈ ગયો તો નમાઝ જતી રહી. *(હિદાયા, કાઝીખાન, દુર્રે મુખ્તાર)*

ઝવાલનો મતલબ શરીઅત પ્રમાણે અડધો દિવસ છે. જેનું વર્ણન આગળ ''સમયના બયાન''માં આવી ગયું છે. *(બહારે શરીઅત)*

### ★ ઈદની નમાઝની રીત ★

ઈદની નમાઝની રીત એ છે કે બે રકાત નમાઝ વાજિબ ઈદુદ્દોહા કે ઈદુલ ફિત્રની નિય્યત કરીને કાનો સુધી બંને હાથ ઉઠાવીને ડૂંટીની નીચે બાંધી લેવા. પછીથી 'ષના' પઢવી. પછી અલ્લાહુ અકબર કહી કાનો સુધી હાથ ઉઠાવી છોડી દેવા. ફરીથી કાનો સુધી હાથ ઉઠાવી અલ્લાહુ અકબર કહી છોડી દેવા. ફરીથી અલ્લાહુ અકબર કહી હાથ ઉઠાવી બાંધી લેવા. અર્થાત પહેલી તકબીરમાં હાથ બાંધ્યા પછી બીજી બે તકબીરોમાં છૂટા રાખવા અને ચોથીમાં બાંધી લેવા. એને એવી રીતે યાદ રાખે કે જે તકબીરમાં કંઈક પઢવાનું છે તેમાં હાથને બાંધી લે અને જ્યાં પઢવાનું નથી ત્યાં છોડી દેવા. જ્યારે ચોથી તકબીરમાં હાથ બાંધી લે ત્યારે ઈમામે અઊઝુ અને બિસ્મિલ્લાહ મનમાં પઢી અવાજથી અલ્હમ્દુ અને બીજી કોઈ સૂરત પઢી પછી રુકૂઅ કરીને એક રકઅત પૂરી કરવી, જ્યારે બીજી રકઅતમાં ઉભા થાય ત્યારે પહેલી અલ્હમ્દુ અને કોઈ સૂરત પઢે અને પછી તકબીર કહી કાનો સુધી હાથ ઉઠાવી છોડી દે, એ જ રીતે ત્રણવાર તકબીર કહી કાનો સુધી હાથ ઉઠાવી છોડી દેવા અને ચોથી તકબીરમાં હાથ ઉઠાવ્યા વગર અલ્લાહુ અકબર કહી રુકૂઅમાં જવું. આથી એ માલમ પડયું કે બીજી નમાઝો કરતાં ઈદની નમાઝમાં છ તકબીરો વધારાની છે. પહેલી રકઅતમાં અલ્હમ્દુ શરૂ કર્યા પહેલાં અને બીજી રકાતમાં અલ્હમ્દ અને કિ્રાઅત પછી ત્રણ તકબીરો વધારાની છે. આ વધારાની છ તકબીરોમાં કાનો સુધી હાથ ઉઠાવવામાં આવશે અને દરેક તકબીરની વચમાં ત્રણવાર સુબ્હાનલ્લાહ કહી શકાય એટલીવાર થોભવું. ઈદની નમાઝમાં પહેલી રકઅતમાં અલ્હમ્દુ પઢી સૂરએ જુમ્આ અને બીજી રકઅતમાં સૂરએ મુનાફિકૂન અથવા પહેલીમાં سبح اسم અને બીજીમાં هل اتٰك સૂરત પઢવી મુસ્તહબ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

નમાઝ પછી ઈમામે બે ખુત્બા પઢવા. અને જુમ્આના ખુત્બામાં જે ચીજો સુન્નત છે તે ઈદના ખુત્બામાં પણ સુન્નત છે. અને જે વાતો જુમ્આના ખુત્બામાં મકરૂહ છે તે વાતો ઈદના ખુત્બામાં પણ મકરૂહ છે. ફક્ત બે વાતોમાં તફાવત છે, એક એ કે જુમ્આમાં પહેલા ખુત્બાથી પહેલાં ઈમામે બેસવું સુન્નત હતું. જ્યારે અહીં ન બેસવું સુન્નત છે. બીજું એ કે ઈદમાં પહેલો ખુત્બો શરૂ કરતાં પહેલાં નવ વખત અને બીજા ખુત્બાથી પહેલાં સાત વખત અને મિમ્બર પરથી ઉતરતાં પહેલાં ૧૪ વખત અલ્લાહુ અકબર કહેવું સુન્નત છે, અને જુમ્આમાં નહીં. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પહેલી રકઅતમાં ઈમામે તકબીર કહી લીધા પછી કોઈ નમાઝમાં દાખલ થયો હોય, તેણે એ જ વખતે પોતે છૂટેલી ત્રણ તકબીરો કહી લેવી, ભલે ઈમામે કિ્રાઅત શરૂ કરી દીધી હોય. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઈમામને રુકૂઅમાં જોયા તો પાછળ થી દાખલ થનારે પ્રથમ તકબીરે તેહરીમા કહીને હાથ બાંધી લેવા અને જો એમ લાગે કે ઈદની તકબીરો કહી લઈશ તો પણ ઈમામને રુકૂઅમાં મળી શકીશ તો ઈદની તકબીરો કહી લે અને પછી રુકૂઅ કરે. અને જો એમ લાગે કે ઈદની તકબીરો કહેવા રહીશ તો ઈમામ રુકૂઅમાંથી ઉભા થઈ જશે તો ઈદની તકબીરો કહેવાને બદલે રુકૂઅની તકબીર કહી ઈમામ સાથે રુકૂઅમાં સામેલ થઈ જાય, અને રુકૂઅમાં હાથ ઉઠાવ્યા સિવાય ઈદની તકબીરો કહે. પછી જ્યારે કે રુકૂઅમાં હજુ ત્રણ તકબીરો પૂરી ન કરી શક્યો હોય અને ઈમામ રુકૂઅમાંથી માથું ઉઠાવી લે તો એણે પણ ઈમામની સાથે માથુ ઉઠાવી લેવું અને બાકી રહેલી તકબીરો છોડી દે. એ તકબીરો એને હવે

કહેવાની જરૂર નથી. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : બીજી રકઅતમાં દાખલ થયો, તો પહેલી રકઅતમાં છૂટેલી તકબીરો તે વખતે કહેવી જ્યારે એ પોતાની છૂટેલી રકઅત પઢવા ઉભો થયા. (આલમગીરી વગેરે)

**મસ્અલો** : ઈમામે રુકૂઅમાંથી ઉભા થયા પછી નમાઝમાં દાખલ થનારે તકબીરો કહેવાની નથી. પરંતુ જ્યારે છૂટેલી રકઅત પોતે એકલો પઢવા ઉભો થાય ત્યારે કહેવી. (આલમગીરી)

**મસ્અલો** : છેલ્લી રકઅતમાં સલામ ફેરવ્યા પહેલાં દાખલ થયો તો પોતાની બંને રકઅતોમાં તકબીરો કહી પૂરી કરે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કોઈ શરઈ બહાનાને કારણે ઈદના દિવસે નમાઝ ન પઢી શક્યા (દા.ત. સખ્ત વરસાદને કારણે, વાદળ હોવાથી ચાંદ ન દેખાયો અને એવા સમયે ગવાહી મળી કે ઝવાલ થઈ ગયો હતો અથવા ગવાહી મળ્યા પછી નમાઝ પઢી પરંતુ નમાઝ પઢતાં પઢતાં ઝવાલ થઈ ગયો) તો બીજા દિવસે ઈદની નમાઝ પઢવી અને બીજા દિવસે પણ નમાઝ ન પઢી તો ત્રીજા દિવસે ઈદુલ ફિત્રની નમાઝ થઈ શક્તી નથી. અને બીજે દિવસે પણ ઈદની નમાઝનો સમય તે જ છે જે પહેલા દિવસે હતો. (આગળ જણાવ્યા મુજબ સૂરજ એક ભાલા જેટલો ઊંચો થયા પછી ઝવાલ સુધીનો સમય) જો પહેલા દિવસે વગર કારણે ઈદુલ ફિત્રની નમાઝ ન પઢી તો બીજા દિવસે પઢી શકાતી નથી. *(કાઝીખાન, આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)* **મસ્અલો** : ઈદુદોહા બધા જ હુકમોમાં ઈદુલ ફિત્રની જેમ છે ફક્ત કેટલીક વાતોમાં તફાવત છે. એમાં (૧) મુસ્તહબ એ છે કે નમાઝ પહેલાં કાંઈ ન ખાવું, જો કુર્બાની ન કરે અને ખાઈ લીધું તો વાંધો નથી. (૨) રસ્તામાં મોટા અવાજથી તકબીર કહેતાં જવું. (૩) ઈદુદોહાની નમાઝ કોઈ કારણને લીધે ૧૨મી સુધી પઢી શકાય છે. ૧૨મી પછી પઢી શક્તા નથી અને ખાસ કારણ વિના દસમી પછી મકરૂહ છે. *(કાઝીખાન, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કુર્બાની કરવી હોય તો મુસ્તહબ એ છે કે પહેલીથી દસમી ઝિલહજ્જ સુધી હજામત પણ ન બનાવે અને નખ પણ ન કપાવે. *(રદ્દુલ મુહતાર અને બહાર)*

**મસ્અલો** : ઈદની નમાઝ પછી હાથ મિલાવવા અને ગળે મળવું જેવું કે મુસલમાનોમાં રિવાજ છે તે ઘણુ સારું છે. *(વશાહુલ જયદ અને બહાર)*

**તકબીરે તશરીક** : નવમી ઝિલહજ્જની ફજરની નમાઝથી લઈને તેરમી ઝિલહજ્જની અસરની નમાઝ સુધી દરેક નમાઝ ફર્ઝ પછી જે મુસ્તહબ સમયમાં જમાઅત સાથે પઢવામાં આવી હોય તેમાં સલામ ફેરવ્યા બાદ **એક વખત મોટા અવાજે તકબીર કહેવી વાજિબ છે અને ત્રણ વખત અફઝલ છે** એને **તકબીરે તશરીક કહે છે** અને એ તકબીર આ છે : *અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, લાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર અલ્લાહુ અકબર વલિલ્લાહિલ્ હમ્દ. (તન્વીરૂલ અબસાર અને બહાર વગેરે)*

**મસ્અલો** : તકબીરે તશરીક **સલામ ફેરવ્યા પછી તરત વાજિબ** છે. એટલે કે જ્યાં સુધી કોઈ એવું કામ ન કર્યું હોય કે જેને એ નમાઝથી અલગ ગણી શકાય. જો મસ્જિદની બહાર નીકળી ગયો, કે જાણીબુઝી વુઝૂ તોડી નાખ્યું અથવા વાતચીત કરી પછી તે ભૂલથી હોય તો તકબીર ઉઠી ગઈ, અને જો ઈરાદા વિના વુઝૂ તૂટી ગયું તો તકબીર કહી લેવી. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : તકબીરે તશરીક તેના ઉપર વાજિબ છે કે શહેરમાં મુકીમ હોય અથવા જેણે મુકીમ મુસાફિરની ઈક્તેદા કરી હોય, પછી ભલે તે ઈક્તેદા કરનાર ઔરત કે મુસાફર હોય કે ગામડીયો હોય, અને જો એ લોકો મુકીમની ઈક્તેદા કરનાર ન હોય તો એમના ઉપર તકબીર વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : તકબીરે તશરીક તે દિવસોમાં જુમ્આની નમાઝ પછી પણ વાજિબ છે અને નફ્લ, સુન્નત અને વિત્રની નમાઝ પછી નથી. પરંતુ હા, ઈદની નમાઝ પછી પણ કહેવી. *(દુર્રે મુખ્તાર)*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ ફાતેહામાં ખાવાનું અને પાણી સામે રાખવાનો મસ્અલો ★

આ બારામાં બે પ્રકારના લોકો જોવા મળે છે. કેટલાક લોકો (વહાબીઓ) એવા છે કે જો ખાવાનું સામે રાખીને સૂરએ ફાતિહા વગેરે કુર્આની આયતો પઢવામાં આવે તો તેમને આવા ખાવાથી સૂગ ચઢે છે અને તે આ ખાણાના દુશ્મન બની જાય છે અને તેને હરામ ખયાલ કરે છે. આ તે લોકો છે જેઓનાં દિલમાં બીમારી છે, તો ખુદાએ તઆલાએ તેઓની બીમારીને એથી વધારી આપી. ઘણી જ હદીષો અને અઈમ્માના અકવાલ અને બુઝુર્ગાને દીનના અમલથી મોઢું ફેરવીને પોતાની ચલાવે છે અને નાહક્ક મુસલમાનોને મુશ્રિક અને બિદઅતી બતાવે છે.

બીજા આપણા એ મુસલમાન (અજ્ઞાન) ભાઈઓ છે જે પોતાની અજ્ઞાનતા અને વહેમીપણાને આધારે એવું સમજે છે કે જો ખાવાનું સામે ન હોય તો કુર્આનની તિલાવત અને ઈસાલે સવાબ મના છે.

કેટલીક જગ્યાએ જોવા મળ્યું છે કે મીલાદ પઢયા પછી વાત જુએ છે કે મીઠાઈ આવી ગયા પછી તિલાવત શરૂ કરે. એટલે સુધી કે મીઠાઈ આવી જવામાં જો વાર લાગે તો ગ્લાસમાં પાણી નાખીને રાખવામાં આવે છે જેથી કરીને તેમની અજ્ઞાનતા ભરી વિચારસરણીમાં તેમના માટે ફાતિહા પઢવું જાઈઝ થઈ જાય. ક્યારેક એવું થાય છે કે ઈમામ સાહબ આવીને બેસી ગયા હોય છે અને મુસલ્લા ઉપર બેસીને રાહ જોઈ રહ્યા હોય છે કે જો ખાવાનું આવી જાય તો કુર્આન પઢે. આ બધી મનઘડત વાતો છે. હકીકત તો એ છે કે ફાતિહામાં ખાવાનું સામે હોવું જરૂરી નથી. જો આયતો અને સૂરતો વગર જ વહેંચી આપી તો પણ ઈસાલે સવાબ થઈ જશે અને ફાતિહામાં કોઈ કમી આવશે નહીં.

સૈયદી આ'લા હઝરત મૌલાના અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ફાતિહા અને ઈસાલે સવાબ માટે ખાવાનું સામે હોવું કાંઈ જરૂરી નથી." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૨૨૫)*

અને બીજી જગ્યાએ લખે છે : "જો કોઈ વ્યક્તિ એવું માને છે કે જ્યાં સુધી ખાવાનું સામે ન આવે ત્યાં સુધી સવાબ પહોંચતો નથી તો તેનું માનવું ખોટુ છે." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૧૯૫)*

ખુલાસો એ જ છે કે **ખાવા પીવાની વસ્તુઓ સામે રાખેને ફાતિહા પઢવામાં કોઈ વાંધો નથી બલ્કે હદીષોથી તેની અસ્લ સાબિત છે અને ફાતિહામાં ખાવાનું સામે રાખવાને જરૂરી સમજવું કે તેના વગર ફાતિહા થશે નહીં આ પણ ઈસ્લામમાં વધુ પડતું, વહેમપરસ્તી અને ખોટો ખ્યાલ છે જેને મિટાવવું મુસલમાનો માટે જરૂરી છે.**

હઝરત મૌલાના ખલીલ અહમદ સાહબ બરકાતી મારેહરવી ફર્માવે છે, "તમે ન્યાઝ, દુરૂદ અને ફાતિહામાં દિવસ અને તારીખ નક્કી કરવાની બાબતમાં એમ સમજી લીધું છે કે એ જ દિવસોમાં સવાબ મળશે, આગળ પાછળના દિવસોમાં નહીં, તો આ પ્રમાણે સમજવું શરીઅતના હુકમની વિરુદ્ધ છે, એ જ પ્રમાણે ફાતિહા અને ઈસાલે સવાબ માટે ખાવાનું સામે હોવું કાંઈ જરૂરી નથી અથવા હઝરત ફાતિમા ખાતૂને જન્નતની ન્યાઝનું ખાણુ પર્દામાં રાખવું અને પુરૂષોને તેમાંથી ખાવાનું ન આપવું એ સ્ત્રીઓની અજ્ઞાનતાઓ છે, સાબિતી વગરની અને મનઘડત વાતો છે. પુરૂષોએ જોઈએ કે આવી વાતોને ખત્મ કરે અને સ્ત્રીઓને સીધા રસ્તા અને શરીઅતના હુકમો ઉપર ચલાવે. *(તૌઝીઅ વ તશ્રીહ, ફૈસલએ હફ્ત મસ્અલા, પેજ : ૧૪૨)*

# હઝરત સલમાન ફારસીના رضی اللہ عنہ

## ઈસ્લામ સ્વીકારની દાસ્તાન !

રજૂકર્તા : **સીરાજ ક઼ાદરી-અહમદાબાદ**

એ આસ્માનમાં ચમકતા સૂરજની જેમ રોશન છે કે જે લોકોને હક્ક઼ની તલાશ હોય છે તેવા લોકો તખ્તો તાજને પણ ઠોકર મારે છે, તેવા લોકો ઉપર મુસીબતના પહાડ તોડવામાં આવે છતાં આવા સમયે પણ તેઓ અડગ રહીને હક્ક઼ને પામી લે છે. આવો ! આવા જ એક હક્ક઼ના તલબગાર અને હુઝૂર صلی اللہ علیہ وسلمના પ્યારા સહાબી હઝરત સલમાન ફારસી رضی اللہ عنہના ઈસ્લામ લાવવાની દાસ્તાન તેમની જ જબાનથી સાંભળીએ :

હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ ફર્માવે છે કે હું ઈસ્ફહાન (ઈરાનનું એક પ્રાચીન અને પ્રસિદ્ધ નગર)ની એક વસ્તી હઈનામીના જમીનદારનો પુત્ર હતો. મારા બાપનું નામ નૂર ખિસાં હતું. તે ખૂબ માલદાર હતો અને આગની પૂજા કરતો હતો. તે મારાથી એવી મહોબ્બત કરતો કે મને હમેશાં પોતાની આંખોની સામે રાખતો અને ઘરની બહાર જવા ન દેતો. મારો બાપ રોજ ખેતીવાડીના કામ માટે તેની જમીન પર જતો. એક દિવસ કોઈક કારણસર તે ત્યાં ન જઈ શક્યો અને મને મોકલી દીધો, પણ સાથે તાકીદ કરી કે હું જલ્દી પાછો આઉં.

હું ઘરેથી ખેતરની તરફ જવા નીકળ્યો તો રસ્તામાં ઈસાઈઓનું એક ચર્ચ હતું. મેં ત્યાં પહોંચીને જોયું કે કેટલાક રાહિબ (પાદરી) ઈન્જીલ વાંચી રહેલ છે અને કેટલાક ઈબાદતમાં મગ્ન છે. તે લોકોનો ઈબાદત કરવાનો તરીક઼ો મને ખૂબ પસંદ આવ્યો અને મેં તેમને પૂછયું, આ કેવો ધર્મ છે ?!

ઈસાઈઓએ જવાબ આપ્યો : આ હઝરત ઈસા علیہ السلامનો ધર્મ છે.

મારું દિલ ઈસાઈઓના ધર્મની તરફ ખેંચાઈ ગયું અને આતિશ પરસ્ત (આગની પૂજા)થી નફરત થઈ ગઈ.

તે આખો દિવસ હું ઈસાઈઓ સાથે રહ્યો અને ઈસાઈઓને પોતાની હાલત કહી અને ઈસાઈયત તરફ જે આકર્ષણ થયું તેને મેં જાહેર કર્યું.

મેં (હઝરત સલામન ફારસીએ) કહ્યું : આ શહરેમાં રહી હું ઈસાઈ ધર્મથી ફાયદો હાંસલ નહીં કરી શકું તો હવે હું શું કરું ?

ઈસાઈઓએ કહ્યું : તમે મુલ્કે શામ (આજનું સીરિયા દેશ) ચાલ્યા જાવ કે ત્યાં તમારી ઈચ્છા પૂરી થશે અને જો કોઈ કાફલો મુલ્કે શામની તરફ જશે તો અમે તમને તેની ખબર કરી દઈશું.

સાંજના સમયે ઘરે પહોંચીને જોયું તો મારા પિતા ખૂબ જ પરેશાન છે અને મારી શોધખોળમાં ચારેબાજુ માણસો દોડાવ્યા છે.

મને જોતાં જ પૂછયું કે અત્યાર સુધી તું ક્યાં હતો ? મેં ઈસાઈઓ અને ચર્ચની સમગ્ર ઘટના કહી દીધી અને ઈસાઈ ધર્મ પ્રત્યે આકર્ષણની વાત કરી. તેથી મારા બાપને એવો ડર લાગ્યો કે ક્યાંક હું ભાગી ન જાઉં માટે તેણે મને કેદ કરી દીધો અને મારા પગ બાંધી દીધા.

મેં છુપી રીતે એક માણસને ઈસાઈઓ પાસે મોકલ્યો કે જ્યારે કોઈ કાફલો મુલ્કે શામની બાજુ જાય તો મને જાણ કરી દે. સંજોગોવસાત તે દિવસોમાં મુલ્કે શામથી એક કાફલો આવ્યો હતો અને હવે પાછો જઈ રહ્યો હતો. ઈસાઈઓએ આ વાતની મને જાણ કરી દીધી.

જે રીતે પણ બની શક્યું હું ક઼ેદમાંથી ભાગી કાફલાવાળા સાથે મળીને મુલ્કે શામ પહોંચી ગયો. ત્યાં મેં એક માણસને પૂછયું, તેણે મને એક રાહિબની ખબર આપી જે ખાનક઼ાહમાં રહેતો હતો.

હું તે રાહિબ પાસે પહોંચ્યો. તેને પોતાના હાલ કહી સંભળાવ્યા અને ઈસાઈ ધર્મ પ્રત્યેનું આકર્ષણ જાહેર કરી તેની ખિદમતમાં રહેવાની વિનંતિ કરી. તેણે મને પોતાની ખિદમતમાં રાખી લીધો.

હું જોતો કે તે રાહિબ લોકોને ખૈરાત

કરવાનું કહેતો, માલદાર લોકો તેને ઘણો માલ આપતા કે તે ગરીબોને આપી દે પણ તે ગરીબોને એક ફૂટી કોળી પણ ન આપતો અને બધો માલ પોતે રાખી લેતો, ત્યાં સુધી કે દિરહમ અને દીનારથી તેણે સાત માટલાં ભરી લીધાં. તેની આ લાલચ જોઈ મને તેનાથી નફરત થઈ ગઈ.

પછી એક દિવસ મૌતે તેને પકડી લીધો. તેની દીનદારીની ખ્યાતિ હતી માટે લોકો ઉમટી પડયા અને મેં તે લોકોને સામે રાહિબની બેઈમાનીનો હાલ બયાન કર્યો અને તે લોકોને રાહિબના ખજાના સુધી લઈ ગયો. સોનાના સિક્કાથી ભરેલાં માટલાં દેખાડયાં. લોકો ખૂબ જ ગુસ્સે થયા અને. તે લોકોએ રાહિબને દફન કરવાને બદલે તેની લાશને ફાંસી પર લટકાવી દીધી. પછી એક બીજા માણસને તેની ગાદી ઉપર બેસાડી દીધો અને તે માણસ મોટો આબિદ, ઝાહિદ, નેક અને ઈબાદતગુજાર હતો.

હવે હું તે માણસની ખિદમતમાં રહેવા લાગ્યો ત્યાં સુધી કે તે માણસનો આખરી સમય આવી ગયો. જ્યારે તેના છેલ્લા શ્વાસ બાકી હતા ત્યારે મેં તેને પૂછયું, તમે મને કોને ત્યાં મોકલો છો ?

તેણે જવાબ આપ્યો, મોસિલમાં એક માણસ એવો છે જે સીધી રાહ ઉપર છે. મારા મુર્શિદના કફન દફનથી પરવારી હું મોસિલની બાજુ રવાના થયો. ત્યાં પહોંચી મેં તે ઝાહિદને શોધી લીધો અને તેની ખિદમતમાં હાજર થઈ મેં કહ્યું, મને ફલાણા ઝાહિદે તમારે ત્યાં મોકલ્યો છે. તે નેક માણસે મને પોતાની ખિદમતમાં રાખી લીધો. તે ખૂબ જ નેક અને પારસા માણસ હતો. અને મૌતનો બુલાવો તેને પણ આવી ગયો. મૃત્યુથી પહેલાં તે માણસે મને એકબીજા ઝાહિદની ખબર આપી જે નસીબૈનમાં રહેતો હતો. તેના કફન દફનથી પરવારી હું નસીબૈન પહોંચ્યો અને તે ઝાહિદને શોધી લીધો. તેણે પણ મને પોતાની ખિદમતમાં રાખી લીધો. જ્યારે તેનો આખરી સમય આવ્યો તો મેં તેને આ સવાલ પૂછયો, તમે મને કોને ત્યાં મોકલો છો ?

તેણે કહ્યું : મને કોઈ એવો માણસ નથી દેખાતો જેની જિંદગી મારા જેવી હોય. પણ આખરી પયગંબરને જાહેર થવાનો જમાનો આવી રહ્યો છે. તે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના દીનને જીવંત કરશે. તેમનો અરબ દેશમાં જન્મ થશે અને પોતાના વતનથી હિજરત કરી તે ખજૂરોની વાડીઓમાં જશે જે બે પહાડોની વચમાં વસેલુ છે. તેમની એક ઓળખ એ છે કે તે સદકો નહીં ખાશે, પણ હદિયો કબૂલ કરશે. તેમની બીજી નિશાની એ છે કે તેમના બંને ખભાની વચ્ચે નબુવ્વતની મહોર હશે.

હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ બયાન કરે છે કે, હું અમરિયા (ગામ) એક પ્રકારનું કામ કરતો હતો જેનાથી મેં થોડીક ગાયો અને બકરીઓ ખરીદી હતી. મારા મુર્શિદની વફાત પછી મેં બની કલ્બના એક કાફલાની સાથે મુલાકાત કરી, પોતાની ગાયો અને બકરીઓ તેમને આપી કહ્યું કે મને આના બદલામાં અરબની જમીનમાં પહોંચાડી દો !

અને હું તેમના કાફલા સાથે અરબ દેશની બાજુ રવાના થયો. જ્યારે અમારો કાફલો વાદીએ ઉમ્મુલ કુરામાં પહોંચ્યો તો કાફલાવાળાઓએ મારી સાથે દગો કર્યો અને મને એક યહૂદીના હાથે વેચી દીધો. તે યહૂદીનું નામ ઉષ્માન અશહલી હતુ. ત્યાં ખજૂરોના બાગ હતા. મેં વિચાર્યુ કે આખરી પયગંબરની હિજરતની જગ્યા આ જ હશે પણ મને ખાત્રી ન હતી.

તે અરસામાં ઉષ્માન અશહલીનો કાકાનો દિકરો એટલે તેનો પિત્રાઈ ભાઈ મદીનાથી આવ્યો અને મને ખરીદી મદીના લઈ ગયો. જ્યારે હું ત્યાં પહોંચ્યો તો ખુદાની કસમ ! મને એવું લાગી રહ્યું હતું કે મેં આ શહેરને પહેલાં પણ જોયું છે.

તે દિવસોમાં હુઝૂર ﷺ મક્કાથી હિજરત કરી મદીનામાં તશરીફ લાવ્યા. એકાએક એક દિવસ હું એક ઝાડ ઉપર કામ કરી રહ્યો હતો અને મારો માલિક ઝાડની નીચે બેઠો હતો એવામાં તેના પિત્રાઈ ભાઈએ આવીને કહ્યું, "ખુદા અવસ અને ખઝરજને (બે કબીલાનાં નામ) હલાક કરે ! તેઓ કુબામાં એક માણસની આજુબાજુ ભેગા થયા છે જે માણસ મક્કાથી આવ્યો છે અને પયગંબરીનો દાવો કરે છે."

જ્યારે મેં આ વાત સાંભળી તો ખુશીના માર્યા (મારો એ હાલ થયો કે) હું ઝાડ ઉપરથી પડતાં પડતાં બચી ગયો. હું જલ્દી જલ્દી ઝાડ ઉપરથી નીચે ઉતર્યો અને પૂછયું, તમે શું કહ્યું ?!

આ વાત પર માલિકે ગુસ્સાની હાલતમાં મારી સામે જોયું અને ખૂબ જ જોરદાર થપ્પડ મારા ચહેરા ઉપર મારીને કહ્યું, તારે આવી નકામી વાતોથી શું લેવા દેવા ? જા તારું કામ કર !

જ્યારે રાત થઈ અને અંધારું છવાઈ ગયું તો મેં થોડીક ખજૂરો લીધી અને કુબા પહોંચ્યો. તે સમયે હુઝૂર ﷺએ ખજૂરોની તરફ હાથ મુબારક વધાર્યો હતો કે મેં કહ્યું, આ સદકો છે ! હુઝૂર ﷺએ તુરંત જ હાથ પાછો ખેંચી લીધો અને સહાબાને ફર્માવ્યું, ખાવ ! મેં દિલમાં કહ્યું, તે ઝાહિદની કહેલી નિશાનીઓમાં એક આ છે (કે નબી સદકો કબૂલ નહીં કરે) હું પાછો ઘરે આવી ગયો.

બીજા દિવસે જ્યારે અજવાળાને રાતના અંધારાએ ગળી લીધું તો મેં ફરીથી થોડીક ખજૂરો લીધી અને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને આ ખજૂરો હુઝૂર ﷺની ખિદમતમાં પેશ કરીને કહ્યું, આ હદિયો છે !

હુઝૂર ﷺ અને સહાબાએ કિરામે સાથે ભેગા મળીને ખજૂરો ખાધી. મેં દિલમાં કહ્યું, આ નિશાની પણ સાચી નીકળી.

ત્રીજીવાર હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો તો તે સમયે હુઝૂર ﷺ સહાબાએ કિરામની વચ્ચે બેઠા હતા. હું સલામ કરીને સામે બેસી ગયો અને પડખુ ફેરવી ફેરવી ગળુ લાંબુ કરી હુઝૂર ﷺની પીઠ મુબારક જોવાની કોશિશ કરવા લાગ્યો. હુઝૂર ﷺએ જાણી લીધું કે હું શું ચાહું છે. તુરંત જ હુઝૂર ﷺએ ખભા મુબારક ઉપરથી ચાદર હટાવી દીધી. બંને ખભા મુબારકની વચ્ચે નબુવ્વતની મહોર મુબારક ચમકી રહી હતી. હું દોડયો અને તેને ચૂમી લીધી અને તે જ સમયે કલ્મો પઢી મુસલમાન થઈ ગયો અને પાછો મારા માલિક પાસે આવી ગયો પણ મારા ઈસ્લામ લાવવાનું છુપાવી રાખ્યું. હવે દરરોજ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થતો. એક દિવસ હુઝૂર ﷺએ ફર્માવ્યું, "સલમાન ! તે યહૂદી આકાની ગુલામીમાંથી તમે પોતાને આઝાદ કરો !"

મેં મારા માલિકને આ મામલાની વાત કરી. મારા માલિકે કહ્યું, તું મારા માટે ત્રણસો ખજૂરોના છોડ લગાડે અને જ્યારે તે ફળ આપવા લાગશે અને તું ચાલીસ ઔકિયા સોનુ આપે ત્યારે તને આઝાદ કરી દઈશ.

હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને બધી વાત કહી દીધી. હુઝૂર ﷺએ સહાબાએ કિરામથી ફર્માવ્યું, આપણા આ ભાઈની મદદ કરો ! તરુંત જ સહાબાએ કિરામ દોડયા અને મારા માટે ખજૂરના ત્રણસો છોડ લાવ્યા.

હવે હુઝૂર ﷺ પોતે મારા યહૂદી માલિકના બાગમાં તશરીફ લાવ્યા અને પોતાના હાથ મુબારકથી બધા ખજૂરોના છોડ વાવ્યા પછી હુઝૂર ﷺ બધા ખજૂરના છોડની આજુબાજુ ફર્યા તો બધા છોડ ઉપર ફળો આવી ગયાં. મેં તે ખજૂરોની વાડી મારા માલિકને હવાલે કરી અને ચાલીસ ઔકિયા સોનુ આપવાનું બાકી રહી ગયું હતું.

અચાનક તે દિવસોમાં માલે ગનીમતમાં મરઘીના ઈંડા જટલો સોનાનો એક ટુકડો આવ્યો હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, અમારો તે હાજતમંદ ફારસી સલમાન ક્યાં છે ? હું દોડીને સામે પહોંચ્યો. હુઝૂર ﷺએ તે ટુકડો મને આપતાં ફર્માવ્યું, આ લઈ લો અને તમારી શરતની કિંમત આમાંથી આપી દો.

મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ શરત ચાલીસ ઔકિયા સોનાની છે આ તો ઓછુ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ લઈ લો જે કાંઈ તમારા ઉપર વાજિબ છે ખુદા તઆલા આનાથી અદા કરી દેશે.

મેં તે મરઘીના ઈંડા જેટલો સોનનો ટુકડો મારા માલિકને આપ્યો અને તેણે ત્રાજવામાં જોખ્યું જે પૂરા ચાલીસ ઔકિયા નીકળ્યું. પણ મારા માલિકે એવું કહ્યું કે બાટ (ત્રાજવામાં રાખવાનું વજનીયું) રાખવામાં

મારી ભૂલ થઈ છે. તેણે મોટુ બાટ રાખ્યું તો સોનાનું ઈંડુ વધારે વજનવાળુ થયું અને મજબૂર થઈને તેણે મને આઝાદ કરી દીધો.

હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર રહેતા હતા. હુઝૂર ﷺની સાથે જંગોમાં શરીક થતા. હુઝૂર ﷺની નિગાહોમાં તેમને મોટો મકામ અને મર્તબો મળ્યો હતો. હુઝૂર ﷺના વિસાલ પછી હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ તે જંગમાં શરીક થયા જે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં અરબો અને ઈરાનીઓની વચ્ચે થઈ.

જયારે ઈરાન ફતેહ થયું તો હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હઝરત સલમાન ફારસી رضی اللہ عنہને ત્યાંના ગવર્નર બનાવી દીધા. અને હિ.સ. ૩૩માં ત્યાં જ આપનો વિસાલ થયો. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ)
*(હવાલો : મઆરિજુન્નબુવ્વત)*

પ્રસ્તુત લેખમાં સહાબાની ઈમાન પર અડગતા તથા હુઝૂરે અકરમ ﷺના બે ત્રણ ઉઘાડા મો'જિઝા પણ વર્ણન થયા છે : એક તો મોહરે નબુવ્વત, બીજો મો'જિઝો ખજૂરનાં ઝાડોનું તાત્કાલિક ફળો આપવું, ત્રીજો મો'જિઝો સોનાનું વજન વધતુ જ ચાલ્યું ! સુબ્હાનલ્લાહ !

**અલ્લાહ કી સર તા બક઼દમ શાન હૈં યહ**
**ઈનસા નહીં ઈન્સાન વો ઈન્સાન હૈં યહ**
**કુર્આન તો ઈમાન બતાતા હૈં ઈન્હેં**
**ઈમાન યહ કહતા હે મેરી જાન હૈં યહ**

## ★ હુઝૂર મુહદ્દિષે કબીરનો દૌરએ ગુજરાત ★

ફયઝાને શાહે આલમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ (અહમદાબાદ) સંચાલિત "જશ્ને બંદાનવાઝ رحمۃ اللہ علیہ વ હુઝૂર સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ" તા. ૨–૧૦–૨૦૧૨ના રોજ મનાવાયો જેમાં મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ (ઘોસી)એ સરકાર બંદાનવાઝ رحمۃ اللہ علیہ તથા સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલીખાં رحمۃ اللہ علیہના કમાલાત પર શાનદાર બયાન હઝરત શાહેઆલમ દરગાહ શરીફ **અહમદાબાદ** પાસે કર્યું હતું. જેમાં ખલીફા તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા અહમદ રઝા સાહબ તેમજ હઝરત મુફતી અશ્રફરઝા સાહબ (રતનપુર), હાફેઝ યૂસુફ સાહબ, મૌલાના ઈસ્માઈલ અમજદી વગેરે અન્ય ઘણા ઉલમા અઈમ્મા હાજર રહ્યા હતા તેમજ બીજા દિવસે તા. ૩–૧૦–૨૦૧૨ના રોજ **દયાદરા** મુકામે તશરીફ લાવી મગરિબની નમાઝ મુખ્તારુલ મસાજિદ મસ્જિદ ઉર્ફે નૂરાની મસ્જિદ–દયાદરામાં પઢાવી હતી. ઈશા બાદ હઝરત બાબા રયહાન દરગાહ શરીફ પાસે દારુલ ઉલૂમ ગુલશને અજમેર ભરૂચના મેદાનમાં હુઝૂર મુહદ્દિષે કબીરે શાનદાર બયાન કર્યું હતું. જેમાં સદારત જનાબ હાફેઝ ઈબ્રાહીમ કાપોદ્રાવાળા સાહબની હતી તથા અન્ય દારુલ ઉલૂમ ગુલશને અજમેરના ઉલમા તેમજ ભરૂચ શહેરના ઉલમા અઈમ્માની સારી એવી હાજરી હતી. હજારોની તાદાદમાં અમદાવાદ તેમજ ભરૂચમાં લોકોએ હાજરી આપી ફયઝયાબ થયા હતા.

**અહમદાબાદ** : તા. ૨૧–૮–૨૦૧૨ (૨ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૩૩)ના રોજ હઝરત શાહ વજીહુદ્દીન અલ્વીયુલ હુસૈની ગુજરાતી رحمۃ اللہ علیہના સજ્જાદાનશીન હઝરત સૈયદ અલ્હાજ અહમદ શાહ બડાસાહબ અલ્વીયુલ હુસૈની જન્નતનશીન થયા છે. બારગાહે રબ્બે કદીરમાં દુઆ છે કે હઝરત સૈયદ અહમદ શાહ બાવાને સરકાર વજીહુદ્દીન અલ્વીયુલ હુસૈનીના તુફૈલ જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ અતા કરે. તેમના દરજ્જાને બુલંદ ફર્માવે તથા તમામ મુતઅલ્લિકીન, મુતવસ્સિલીન, મુરીદીન અને મોઅતકિદીનને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

# ગુલામી પ્રથા : સઉદી અરબ અને ઈસ્લામ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સઉદીઓની ઈસ્લામ વિરૂદ્ધ હરકતો હવે કોઈથી છુપી નથી રહી બલ્કે મિડિયાની મહેરબાનીથી ધીરે ધીરે અવામમાં જાહેર થઈ રહી છે. ગત દિવસોમાં જ્યારે તામિલનાડુના એક શાદી શુદા યુવાન પિરિયા સામીની સઉદી અરબમાં ૨૦ વર્ષીય ગુલામી તથા કૈદની તકલીફો ન્યુઝ રૂપે ઈલેક્ટ્રોનિક મિડિયામાં આવી તો સર્વ મુસ્લિમોનાં કાળજાં ધ્રુજી ઉઠયાં અને માથુ શરમથી ઝુકી ગયું. પિરિયા સામી પોતાની ઈજ્જતભરી જિંદગી તથા નવી નવેલી દુલ્હનને અલવિદા કહીને એક સારા જોબના એગ્રીમેન્ટ પર સઉદી અરબ જવા માટે નીકળ્યો ત્યારે તેની વય ૨૮ વરસની હતી. પરંતું આ એગ્રીમેન્ટ તેના માટે એક અત્યંત મોઘો સોદો સાબિત થયો જેના પરિણામે તેના તથા તેની પત્નીના આવનાર ૨૦ વરસ શારિરીક, માનસિક, આર્થિક તથા સામાજિક રીતે બેહદ દર્દનાક તથા દુઃખમય પસાર થયાં.

**આવા કેટલા મઝલૂમ સઊદીમાં હશે ?! :** આ દર્દનાક તથા ભયાનક દાસ્તાન આવા અનેક હિંદુસ્તાની ગરીબોની કપરી પરિસ્થિતિઓને રજૂ કરે છે જેમને ઉચ્ચ પગારની લાલચના બહાને અરબ દેશોમાં હાયર કરી તેમનાથી ઊંટો તથા બકરીઓ ચરાવવાનું કામ લેવામાં આવે છે. પેરિયાસામીની દાસ્તાન પણ આ પ્રમાણે જ છે. અશિક્ષિત હોવાના કારણે તે સરળતાથી આ જાળમાં ફસાઈ ગયો. અને પછી તેની સાથે ૨૦ વરસ સુધી સતત ગુલામથી પણ બદતર વર્તન કરવામાં આવ્યું. તેની પાસપોર્ટ ઝપટ કરી લેવામાં આવી. રાત દિવસ જાનવરની જેમ કામ લેવા છતાં માત્ર એક જ ટાઈમનું ભોજન આપવામાં આવતું હતું અને પગારથી પણ વંચિત રાખવામાં આવતો હતો. તેને એટલી સખત માનસિક તથા શારિરીક ત્રાસ આપવામાં આવ્યો હતો કે જ્યારે હિંદુસ્તાની કાઉન્સિલ (દૂતાવાસ)ના દબાવ હેઠળ સઉદી ગવર્નમેન્ટે તેને પરત મોકલવાની વ્યવસ્થા કરી તો તે પોતાની માનસિક્તા ગુમાવી ચૂક્યો હતો જેના કારણે તે પોતાના ગામનું નામ, સરનામું પણ ન બતાવી શક્યો. જ્યારે તેને એ જાણ થઈ કે તેની પત્ની એક લાંબા સમયગાળા સુધી ઈન્તેઝાર કર્યા બાદ તેનાથી માયૂસ થઈને બીજા ઠેકાણે શાદી કરી ચૂકી છે, તો ઘરે આવવાની ખુશીમાં ચહેરા ઉપર જે થોડીક રોનક હતી તે પણ ગાયબ થઈ ગઈ. ***(indianexpreess.com)***

**સઊદી મુફ્તીનો હકીકત વિરૂદ્ધ ફત્વો :** સઊદી અરબમાં ઈ.સ. ૧૯૬૨માં ગુલામી અંગે પ્રતિબંધ ભલે લગાડવામાં આવ્યો હતો પરંતું અમલી રીતે આ માનવતાવિહોણી રસમ હજુ પણ યથાવત છે, એટલુ જ નહીં બલ્કે ઉચ્ચ કોટીના સઊદી આલિમો તથા મઝહબી શૈખો પોતાના ફત્વાઓ દ્વારા તેની (ગુલામીની) પૃષ્ટી પણ કરે છે. જેમ કે ઈ.સ. ૨૦૦૩માં એક પ્રખ્યાત સઊદી મુફતી શૈખ સાલેહ અલ્ફવઝાને ફત્વો આપ્યો કે, "ગુલામી ઈસ્લામનો એક ભાગ છે અને જે કોઈપણ તેનો ખાત્મો કરવાની વાત કરે તે કાફિર છે." *(વર્લ્ડનેટ ડેઈલી, ૧૦ નવેમ્બર–૨૦૦૩)*

પયગમ્બરે ઈસ્લામની જન્મભૂમી તથા વહી ઉતરવાના સ્થાન હોવાની હૈસિયતથી તો એવું હોવું જાઈતુ હતું કે સઊદી અરબમાંથી ગુલામીના ખાત્મા અંગે વિશ્વવ્યાપી ચળવળ ચલાવવામાં આવે, કેમ કે એ રસૂલુલ્લાહ ﷺની પહેલેથી એ જ ખ્વાહિશ હતી. પરંતું આજે તેનાથી બિલકુલ વિરૂદ્ધ સઊદી અરબની છબી એક એવા દેશની થઈ ગઈ છે જ્યાં આજની ઘડી સુધી પુરૂષો તથા સ્ત્રીઓ બંનેને મોટી સંખ્યામાં ગુલામ બનાવવામાં આવી રહ્યાં છે.

જબરદસ્તી તેમને ઘરેલૂ કામકાજ માટે મજબૂર કરવામાં આવે છે, ત્યાં સુધી કે તેમનું શારિરીક શોષણ પણ કરવામાં આવે છે ! ખાસ કરીને ભારત, બાંગલાદેશ, પાકિસ્તાન, શ્રીલંકા, નેપાલ, ફિલીપાઈન્સ,ઈન્ડોનેશીયા, સુડાન તથા ઈથોપિયાથી સઉદી અરબમાં એક મોટી સંખ્યામાં યુવાન યુવતીઓ તથા યુવકોને હાયર કરવામાં આવે છે. મોટા મોટા પગારોની લાલચ આપીને બોલાવી તેમનાથી અત્યંત નીચ તથા દર્દનાક વર્તન કરવામાં આવે છે, તેમની પાસપોર્ટ જપ્ત કરી લેવામાં આવે છે. કામકાજથી મોઢુ ફેરવવાના પરિણામમાં તેમને સખ્ત ધમકીઓ આપવામાં આવે છે, શારીરિક તથા માનસિક તકલીફો પહોંચાડવામાં આવે છે, તેમના પગારો પણ હડપ કરી જવામાં આવે છે.

**સઊદી ઐયાશોની ટૂંકી દાસ્તાન !** : એક રિપોર્ટ મુજબ એશિયા તથા આફ્રિકાના અલગ અલગ દેશોમાંથી દર વર્ષે સઊદી અરબમાં એક મોટી સંખ્યામાં યુવાન યુવતીઓની સ્મગલિંગ થાય છે અને ધંધાકીય રીતે તેમનું શારીરિક શોષણ કરવામાં આવે છે પરિણામે આવી સ્ત્રીઓ મજબૂર થઈને વેશ્યાવૃત્તિના નીચ ધંધામાં સપડાય જાય છે. તેના સિવાય સઊદી અરબમાં નાઈજિરીયા, યમન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, સુડાનથી અસંખ્ય બાળકો ઈમ્પોર્ટ કરવામાં આવે છે અને તેમનાથી ઘરેલુ કામો લેવાની સાથે સાથે ભીખ માંગવા પર મજબૂર કરવામાં આવે છે. કેટલાક સઊદીઓ એવા પણ છે જે મિસર, યમન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ભારત તથા બાંગલાદેશનો સફર કરે છે અને ત્યાં જઈને ધંધાકીય રીતે શારીરિક શોષણના કારોબારમાં જોડાયેલા જોવા મળે છે, ત્યાં સુધી કે અમુક સઊદીઓ અન્ય દેશોમાં એક ચોક્કસ મુદ્દત સુધી ત્યાં શાદીઓ પણ રચાવે છે અને તે મુદ્દત દરમ્યાન માત્ર શારીરિક ઈચ્છાઓ પૂરી કર્યા બાદ તેણીઓને તલાક઼ આપી પોતાના દેશમાં પાછા ફરી જાય છે. એવી પણ કેટલીક નીચ ઘટનાઓ અખ્બારનાં મથાળાઓમાં જાહેર થઈ ચૂકી છે કે ખૂબ નાની વયની બાળાઓ સાથે શાદી કરીને તેમને એશોઆરામ તથા શાહી જીવનના રણિયામણા બાગ દેખાડી તેણીઓને સઊદી અરબ લઈ જવામાં આવી, પરંતું ત્યાં પહોંચીને તેમને અચાનક એ જાણ થઈ કે તેમની સ્થિતિ પોતાના પતિ સમક્ષ મજા માણવાના સામાનથી વધારે નથી. આ રીતે તે બાળાઓ કાંઈક તો ઘરની નોકરાની બનીને રહી ગઈ અથવા પછી વેશ્યાવૃત્તિના નીચ દલદલમાં ફસાઈ ગઈ.

**ગુલામી પ્રથા તથા સઉદી હુકૂમત :** યુ. એસ. સ્ટેટ ડિપાર્ટમેન્ટની તપાસ મુજબ સઊદી ગવર્મેન્ટ પોતાના દેશમાંથી ઈન્સાની સ્મગલિંગને નાબૂદ કરવા અંગે ગંભીર નથી જણાતી અને ન તો તેણે અત્યાર સુધી તેના માટે કોઈ પ્રર્યાપ્ત પ્રયત્નો કર્યા છે. આ સંબંધે કોઈ પાકી સાબિતી નથી મળી શકી કે સઊદી ગવર્નમેન્ટે માનવ સ્મગ્લિંગમાં મગ્ન લોકોને કાયદાકીય રીતે સજા આપી હોય. ધંધાકીય રીતે બાળકીઓ તથા બાળકોનું શારીરિક શોષણ કરનાર સ્મગ્લરો વિરૂદ્ધ પણ હુકૂમતે અમલી રીતે કોઈ સખત કાયદો નથી ઘડયો. શારીરિક શોષણના શિકાર બનેલા પિડીતોની સુરક્ષાને નિશ્ચિત કરવા અંગે કોઈ પગલુ પણ ભર્યુ નથી. સઊદી ગવર્મેન્ટ ઓથોરિટી આજ સુધી તે ભોગ બનેલાઓની ઓળખ માટેની કોઈ રસ્મી કાર્ય પધ્ધતિ બંધારણમાં નથી લાવી શકી જેના પરિણામે સામાન્ય રીતે પોતે ભોગ બનેલા પીડિતોને જ મુજરિમોના પાંજરામાં લાવીને ઉભા કરી દેવામાં આવે છે ! એ જ પ્રમાણે ઘરેલુ કામકાજનાં જબરદસ્તી (Servitade Involantary)ને નાબૂદ કરવા અંગે પણ સઊદી શાસને કોઈ ગંભીર ક઼ાનૂની કોશિશ પણ નથી કરી, ભલે ને ત્યાંનાં ઈમિગ્રેશને કાનૂન તથા વિઝા એન્ટ્રી સંબંધિત કાર્યવાહીઓને વધુથી વધુ સખત બનાવી આપી છે. છતાં પણ બાળકો તથા યુવતીઓની સ્મગ્લિંગ તથા શારીરિક શોષણની રોકથામ અંગે કોઈ અસરકારક પગલુ નથી ભરવામાં આવ્યું.

**ગુલામી પ્રથા તથા સલફી (વહાબી) ઉલમા** : સઊદી હુકૂમતની શરમનાક નિષ્ઠુરતાનું એક દ્રશ્ય નિહાર્યા બાદ આવો જુઓ આ વર્તમાન

ગુલામી અંગે સઊદી સલફી, વહાબી ઉલમા તથા મુફતીઓનું મંતવ્ય શું છે. સઊદી અરબના કટ્ટરવાદી વહાબી આલિમોએ શરીઅતની દષ્ટિએ ગુલામીના જાઈઝ હોવા વિશે પાયા વિનાના ખોટા ફત્વાઓ જારી કરી ત્યાં ગુલામીના પ્રચારમાં પ્રારંભિક રોલ અદા કર્યો છે. જ્યારે કે જગતભરના જમહૂર આલિમો (બહુમતિ)નું સ્પષ્ટ મંતવ્ય એ છે કે **વર્તમાન ગુલામી સરાસર ગેર ઈસ્લામી છે અને તે કુર્આનના કાયદાઓ, કુર્આની હિદાયતોથી એકદમ વિરૂદ્ધ છે.**

સઊદી આલિમોની આ રાય મીડિયામાં ત્યારે જાહેર થઈ જ્યારે ૨૦૦૩ માં ઉચ્ચ કક્ષાના સઊદી મુફતી શૈખ સાલેહ અલફવઝાને આ ફત્વો જારી કર્યો કે "ગુલામી ઈસ્લામ ધર્મનો એક ભાગ છે. આ જેહાદનું પણ એક જુઝ છે અને જેહાદ ત્યાં સુધી બાકી રહેશે જ્યાં સુધી ઈસ્લામ ઝિંદા છે. જેઓ ગુલામીને ઈસ્લામ બહાર (ઈસ્લામ વિરૂદ્ધ) માને છે તેઓ આલિમો નથી બલ્કે જાહિલો છે. અને તે દરેક વ્યક્તિ જે આ પ્રમાણેની વાત કરે તે કાફિર છે." આ ફત્વો મુફતી અલફવઝાને ત્યારે જારી કર્યો જ્યારે તે સઊદી હુકૂમતના સિનિયર ઉલમા કાઉન્સિલના એક સભ્ય હતા. કાઉન્સિલ ઓફ રિલીજિયસ એડેક્ટસ એન્ડ રિચર્સના મેમ્બર હતા. પ્રિન્સ મુત્અબ મસ્જિદ, રિયાઝના ખતીબો ઈમામ હતા અને સઊદી આલિમોનું સૌથી મોટુ કેન્દ્ર (મર્કઝ) ઈમામ મુહમ્મદ બિન સઊદ ઈસ્લામિક યુનિવર્સિટીના પ્રોફેસર હતા. *(વર્લ્ડનેટ ડેઈલી, ૧૦, નવેમ્બર–૨૦૦૩)*

**ગુલામી પ્રથા તથા ઈસ્લામ :** એ બતાવવાની બિલકુલ જરૂરત નથી કે ઈસ્લામે હમેશાં ઈન્સાની ગુલામીની જડો ઉખેડવાની કોશિશ કરી છે, ભલે ને પ્રારંભિક ઈસ્લામના અરબમાં પણ ગુલામીના રિવાજનું અસ્તિત્વ જોવા મળે છે પરંતું તેનો મતલબ હરગિઝ એ નથી કે ઈસ્લામે તેનું (ઈન્સાની ગુલામીનું) સમર્થન તથા હિમાયત કરી છે, બલ્કે ઈસ્લામે તો ગુલામ બનાવી લેવામાં આવેલ ઈન્સાનોને સૌ પ્રથમ સૌથી વધુ સંખ્યામાં આઝાદ કરીને ગુલામીના ખાત્મા તરફ પહેલ કરી છે. જેથી સઊદી આલિમોનું એ કહેવું કે ઈસ્લામી યુગમાં ગુલામી અસ્તિત્વ તેના જાઈઝ હોવા માટેનો પુરાવો છે, એ વાત માત્ર રાજકીય લાભો ખાટવાનું એક ઉદાહરણ છે.

હકીકતમાં અરબના તે સમાજમાં જ્યાં સદીઓથી ગુલામીનો રિવાજ ચાલી આવતો હતો ત્યાં અચાનક એક જ ઝટકામાં તેનો ખાત્મો એક મુશ્કેલ કામ હતું, તેમ છતાં ઈસ્લામે સૌ પ્રથમ ત્યાં ગુલામો વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો અને પોતાના પ્રાકૃતિક સ્વભાવ, નરમાશ દ્વારા ધીરે ધીરે તેનો સફાયો કરવાના પ્રયત્નો કર્યા.

**ગુલામીની નાબૂદી માટે ઈસ્લામનું તબક્કાવાર આયોજન :** "હે લોકો ! અમે તમને એક પુરૂષ તથા એક સ્ત્રીથી પેદા કર્યા અને તમારી કૌમો તથા કબીલાઓ બનાવ્યા. જેથી તમે એક બીજાને ઓળખો. અને અલ્લાહ તઆલાની નજીક સૌથી ઈજ્જતદાર તે છે જે વધારે પરહેઝગાર છે. બેશક ! અલ્લાહ બધું જ જાણનાર સર્વથી ખબરદાર છે." *(સૂ. હુજુરાત, આ. ૧૩, પા. ૨૬)*

ઉપરોક્ત આયતના તર્જુમાથી એ વાત પૂરા યકીન તથા વિશ્વાસની સાથે કહી શકાય છે કે હકીકતમાં ઈસ્લામ ધર્મમાં ગુલામીને કોઈ સ્થાન નથી. પરંતું ઈસ્લામના પ્રારંભિક દૌરમાં જંગોમાં ગિરફતાર કરવામાં આવેલ કેદીઓને ગુલામ બનાવી લેવાનો અરબોમાં આમ રિવાજ હતો જેના કારણે અરબમાં ગુલામોની સંખ્યા ખૂબ વધી ગઈ હતી, જેથી ઈસ્લામે સર્વ પ્રથમ ગુલામીના ખાત્મા અંગે ધ્યાન ન આપતાં પહેલાંથી બનાવી લેવામાં આવેલ ગુલામોની હિફાઝત તથા તેમના ઝપ્ત કરી લેવામાં આવેલ અધિકારોને પરત અપાવવા તરફ ધ્યાન આપ્યું. ગુલામો પ્રતિ સદ્વર્તન તથા નમ્ર વર્તાવની તાકીદ કરીને સૌથી પહેલાં તેમની આઝાદીની બંધ રાહો ખોલી. ખૂદ પયગમ્બરે ઈસ્લામ ﷺએ એક મોટી સંખ્યામાં ગુલામ પુરૂષો તથા સ્ત્રીઓને આઝાદ કરીને ઈન્સાની આઝાદીની રક્ષા અંગેનું ઉચ્ચતમ ઉદાહરણ કાયમ ફર્માવ્યું, અને જેમણે આ વિષયમાં આપ ﷺની

પૈરવી કરી તે સહાબીઓની આપ ﷺએ ખૂબ પ્રશંસા તથા હોંસલા અફઝાઈ પણ ફર્માવી. જે લોકો ગુલામીને ઈસ્લામી તરીકાથી જાઈઝ ઠરાવે છે તેમણે આ હદીષથી સબક હાંસલ કરવો જોઈએ અને રસૂલુલ્લાહ ﷺની આ પવિત્ર સુન્નત ઉપર અમલ કરવો જોઈએ કે આપ ﷺ ગુલામો સાથે બુરો વર્તાવ કરનારાઓને સખત રીતે સાવધાન કરતાં ફર્માવે છે : તે વ્યક્તિ જન્નતમાં હરગિઝ દાખલ નહીં થાય જે પોતાના ગુલામ સાથે બુરુ વર્તન કરે છે. સહાબાએ કિરામે અર્ઝ કરી ! યા રસૂલલ્લાહ ! ﷺ શું આપે અમને ફર્માવ્યું ન હતું કે આપના અકીદતમંદોમાં ઘણા ગુલામો તથા યતીમો હશે ? આપ ﷺએ ફર્માવ્યું, ''હા ! તો તમે તેમની સાથે પોતાની ઔલાદ જેમ મહેરબાની કરો અને તેમને ખાવા માટે તે ચીજો આપો જે તમે પોતે ખાઓ છો.''

એ જ પ્રમાણેની એક હદીષમાં આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''તમારા ગુલામો તમારા ભાઈ છે, જેથી તમારામાં જે કોઈ પણ ભાઈનું ભરણપોષણ તમારા હવાલે હોય તેને જોઈએ કે તેમને તે જ પ્રમાણે ખવડાવે પીવડાવે તથા કપડાં પહેરાવે જે રીતે પોતાની જાતને ખવડાવે પીવડાવે તથા કપડાં પહેરાવે છે, અને તેના ઉપર તેની શક્તિથી વધારે બોજ ન લાદે. જો તમે તેમનાથી કામ લેતા હોય તો તમારા ઉપર જરૂરી છે કે તમે તેમની (ગુલામ ભાઈઓની) મદદ કરો.'' *(રાવી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ, મુસ્લિમ શરીફ)*

રસૂલુલ્લાહ ﷺએ પોતાની ઉમ્મતને ગુલામો આઝાદ કરવાની ઘણી તાકીદ ફર્માવી છે, ભલે ને આઝાદ કરવા માટે ગુલામને ખરીદવા કેમ ન પડે. આ કામ અલ્લાહની બારગાહમાં ખૂબ પસંદીદા અમલ છે. ઈસ્લામી ઈતિહાસમાં એવા કેટલાયે પ્રસંગો જોવા મળે છે જેમાં આપ ﷺએ તથા આપના સહાબાએ આપ ﷺના ફર્માન મુજબ ગુલામોની એક મોટી સંખ્યાને આઝાદ કરી છે. પોતે રસૂલુલ્લાહ ﷺએ ૬૩ ગુલામોને આઝાદ ફર્માવ્યા. આપની પવિત્ર પત્ની હઝરત આઈશા رضی اللہ عنہاએ ૬૮ ગુલામો આઝાદ કર્યા છે. કુલ આપ ﷺના અહલે બૈત તથા સહાબાએ કિરામે ૩૯૨૩૭ ગુલામોને આઝાદી આપી છે. *(હ્યુમન રાઈટ્સ ઈન ઈસ્લામ, પ્રકાશક : ઈસ્લામિક ફાઉન્ડેશન ઈ.સ.૧૯૭૬, ઈંગ્લેન્ડ, પેજ–૪૫૩)*

તે આઝાદ કરવામાં આવેલ સ્ત્રી તથા પુરૂષોમાં સૌથી મશહૂર હઝરત સફિય્યા છે જેમને આપ ﷺએ આઝાદ કર્યા બાદ પોતાની પત્ની બનવાની ખુશનસીબીથી નવાજ્યાં. બીજાં હઝરત ઝૈદ ઈબ્ને હારિષા رضی اللہ عنہا છે જેમને આપ ﷺએ પોતાના દત્તક પુત્ર બનાવી લીધા. *(તબકાતુલ કુબરા)*

ઉપરોક્ત સત્ય ઘટનાઓ, હદીષોની રોશનીમાં ગુલામો પ્રતિ ઈસ્લામી રાય તથા વિચારણા તથા નબી ﷺના પવિત્ર સ્વભાવનો સારી રીતે અંદાજો કરી શકાય છે. આપ ﷺની નજરમાં સૌથી પસંદીદા કાર્ય એ હતું કે ગુલામોને આઝાદ કરવામાં આવે, ભલે આઝાદ કરવા માટે તેમને ખરીદવા કેમ ન પડે ? બીજી બાજુ આપ ﷺએ સખત તાકીદ ફર્માવી કે તે લોકો જે ગુલામો સાથે બુરો વર્તાવ કરે છે, તેમને બુરૂ ભલુ કહે છે અથવા તેમને મારપીટ કરે છે, તેવા લોકો જહન્નમની આગના ઈંધણ બનશે અને સખત અઝાબે ઈલાહીના હક્કદાર બનશે.

ગુલામીના ખાત્મા પ્રત્યે ઈસ્લામની આટલી ભરપુર કોશિશો છતાં સઊદી અરબમાં આજે ગુલામીની જાહિલાના રસમને યથાવત જોઈને કાળજુ મોઢે આવી જાય છે. પેરિયા સામીની વીસ વર્ષીય ગુલામી તથા કૈદની જિંદગીની જીવંત ખબરો તમામ ઈસ્લામી જગત માટે એક કલંકિત તથા વિચારવા પાત્ર કૃત્ય છે. જેનો પ્રસ્તાવ એ છે કે તમામ મુસ્લિમો ભેગા મળીને સઊદી ગર્વમેન્ટથી આ વાતોની જોરદાર માગણી કરે કે તેઓ મુસલમાનોના દીની મર્કઝમાં રહીને ઈસ્લામની પવિત્ર છબીને ન બગાડે, અને રસૂલુલ્લાહ ﷺના વાવેલા રહમતભર્યા દીનને જેહમત તથા મુશ્કેલીઓ, જુલ્મ, અત્યારચારનો ધર્મ બનાવીને રજૂ કરનારાઓ વિરૂદ્ધ સખત કાર્યવાહી કરે. *(જામે નૂર–દિલ્હી, ઓગસ્ટ–૨૦૧૨)*

# અમરીકી ફિલ્મ

## ક્યૂં બની ઔર હમેં ક્યા કરના ચાહિએ ?!

**અઝ** : મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા

**કમરુઝ્ઝમાંખાં આ'ઝમી**

*(જનરલ સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન–લંડન)*

*વર્તમાન સમયે અમેરિકામાં બનનારી ગુસ્તાખીપૂર્ણ ફિલ્મ જેણે સમગ્ર જગતના મુસ્લિમોને રંજાડયા છે તેના સંબંધે મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા **કમરુઝ્ઝમાંખાં આઝમી** (જનરલ સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન–લંડન)ની બ્રિટનમાં થયેલ તકરીર લેખિત રૂપે અત્રે રજૂ કરીએ છીએ. સંપૂર્ણ બયાનની CD અમારા કાર્યાલયેથી તથા Youtube પર પણ મળશે. –તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

ઈસ વકત મેરા મૌઝૂઅ (વિષય) ઈન્તેહાઈ કાબિલે એતરાઝ ઔર સાઝિશી અમરીકી ફિલ્મ હૈ જિસ્કે ખિલાફ તકરીબન પૂરી ઈસ્લામી દુન્યા સરાપા એહતેજાજ (વિરોધ પ્રદર્શન) બની હૂઈ હૈ. વો મમાલિક (દેશો) જહાં પેહલે એહતેજાજ નહીં હોતે થે, મષલન : મિસ્ર, અલ્જઝાઈર, મરાકશ. ઔર દીગર અફ્રીકી મમાલિક મષલન : લીબિયા, વહાં ભી શદીદ એહતેજાજ હો રહે હૈં. **યહ ફિલ્મ જો એક અમરીકી શખ્સને બનાઈ હૈ ઉમ્મતે મુસ્લિમા કે (લિએ) હદ દરજા ખતરનાક, તૌહીનઆમેઝ ઔર નાકાબિલે બર્દાશ્ત હૈ. ઈસ ફિલ્મમેં પયગંબરે આઝમ ﷺ, સહાબાએ કિરામ, અઝવાજે મુતહ્હરાત (હુઝૂર ﷺની પાકીઝા બીવીઓ) ઔર ઈસ્લામ કે ખિલાફ ઈજમાઈ તૌર પર જો બાતેં કહી ગઈ હૈં ઉન બાતોંકા દોહરાના ભી કિસી મુસલમાન કે લિયે નામુમ્કિન હૈ. કોઈ ભી બાગૈરત મુસલમાન ચંદ સેકંડોંકે લિએ ભી યહ ફિલ્મ દેખકર બર્દાશ્ત નહીં કર સકેગા.** યૂં તો ગુસ્તાખિયોંકા યહ સિલસિલા જો મીડિયા કે ઝરીએ દુન્યાકે સામને પેશ કિયા જા રહા હૈ, નયા નહીં હૈ. અગર આપ મુસ્તશ્રિકીન (યહૂદી–ઈસાઈ સાહિત્યકારો) કી કિતાબોંકા મુતાલેઆ કરેં તો અંદાઝા હોગા કે કઈ સો સાલસે ઈસ બાતકી કોશિશ હો રહી હૈ કે પયગંબરે આ'ઝમ કી મુકદ્દસ હયાતે તયબહ, ઉન્કે અખ્લાકે કરીમાના, ઉન્કી ફેમેલી લાઈફ, ઉન્કે સહાબા ઔર ઈસ્લામ વ કુર્આનકે ખિલાફ ઐસી બેહૂદા બાતેં કહ દી જાએં જિન્કી કોઈ તારીખી હેસિયત નહીં હૈ તા કે અવામકે ઝહનસે પયગંબરે આ'ઝમ ﷺકી અઝમત નિકલ જાએ ઔર વો લોગ જો કે મુસલમાન નહીં હૈ વો ભી ઉન્કે બારેમેં ગલત રાય કાઈમ કરેં ઔર મોડર્ન મુસલમાન ભી પયગંબરે આ'ઝમ ﷺકે બારેમેં સહીહ રાય કાઈમ ન કર સકેં. સદિયોંસે ઉન્કી કિતાબોંમેં પયગંબરે આ'ઝમ ﷺ પર એતરાઝાત કિએ જા રહે હૈં જિન્કી તા'દાદ સેંકળોંમેં હૈ, ફર્ક સિર્ફ ઈત્ના હૈ કે વકતકી રફતારકે લેહાઝસે તરીકએ કાર (કાર્ય પધ્ધતિ) તબદીલ કરી દિયા ગયા હૈ.

### ★ સબસે બળી કુવ્વત : મહબ્બતે રસૂલ ! ﷺ ★

વો જાનતે હૈં કે સરવરે કાઈનાત ﷺકી મહબ્બત હી મુસલમાનોંકી સબસે બળી કુવ્વત હૈ. વો કમઝોર હો, પસમાન્દા હો, હાલતે ગુલામીમેં હો, જબ્રકી ચક્કિયોંમેં પીસ રહ હો, લેકિન ઉસ્કે અંદર રસૂલેપાક ﷺકી મહબ્બત હૈ તો દુન્યાકી કોઈ તાકત ઉસે શિકસ્ત નહીં દે સક્તી. મુસલમાન યહ ગવારા કર સક્તા હૈ કે કોઈ ખુદાકા ઈન્કાર કરે, કોઈ ઉસ્કે જિસ્મ કે ટુકળે કર દે, કોઈ ઉન્કી આબાદિયોંકો તબાહ કર દે, મગર યહ ગવારા નહીં કર સક્તા કે નબીકી અઝમતકે ખિલાફ કોઈ આવાઝ બુલંદ કરે.

યહ મૈદાને સિયાસત (પોલિટિક્સ)મેં શિકસ્ત ખાએંગે, મૈદાને અમલમેં શિકસ્ત ખાએંગે, ઉન્કી તલ્વાર ટૂટ જાએગી મગર ઉન્કે ઈમાનકી કુવ્વત ઉન્હેં બુલંદ કરેગી ઔર ઉન્હેં હમેશા ગ઼ાલિબ રખેગી.

યહ કોશિશ સદિયોંસે કી જા રહી હૈ ઔર અબ ચૂંકે તહઝીબોંકે (સંસ્કૃતિઓના) ટકરાવકે નામસે એક મુસ્તક઼િલ જંગ શુરૂઅ હો ચૂકી હૈ. સલ્માન રુશ્દીકા આના યા ઈસ ફિલ્મકા તૈયાર હોના, અવામ (પબ્લિક) ઈસ્કો એક ઈત્તેફ઼ાક઼ી હાદષા (આકસ્મિક બનાવ) સમઝતે હૈં, હાલાં કે બાત ઐસી નહીં હૈ ! યહ એક જંગ હૈ જો બાઝાબ્તા ફિક્રી તૌર પર જારી હૈ ઔર યહ કોઈ બળી જંગકા પેશ ખેમા (પૂર્વ ભૂમિકા) ભી હો સક્તી હૈ. કઈ બાર ઐસા હુવા હૈ કે મહબ્બતે નબી કરીમ ﷺકે ટેમ્પરેચરકો નાપનેકે લિએ ઉન્હોંને કિસી ગુસ્તાખકો ખળા કિયા હૈ. ઈ.સ. ૧૪૯૨ મેં જબ યહ કોશિશ કી ગઈ કે સ્પેન પર કબ્ઝા કિયા જાએ તો વહાં એક દીવાનેકો ખળા કિયા ગયા થા કે વો પયગંબરકી શાનમેં ગુસ્તાખી કરે. વો ગુસ્તાખી કર રહા થા ઔર લોગ ગુઝર રહે થે (યહ સમઝકર) કે યહ દીવાના હૈ ! નતીઝા યહ હુવા કે ઉન્હોંને યહ સમઝ લિયા કે જો નબીકે નામકી અઝમતકો મહફૂઝ નહીં રખ સક્તે વો ખૂદકો ક્યા મેહફૂઝ રખેંગે ?! બાદમેં વો (સ્પેન) તબાહ કર દિયા ગયા. ઈરાક઼, અફઘાનિસ્તાન ઔર દુસરે મુસ્લિમ મમાલિક પર કબ્ઝા કરનેકા પ્રોગ્રામ બન ચૂકા થા ઉસકે બહુત પહલે સલ્માન રુશ્દીકો ઉભારા ગયા તા કે વો કિતાબ લિખે. ઔર જબ પૂરે અરબ મમાલિક બલ્કે દુન્યાકા હર મુસ્લિમ મુલ્કકા હુકમરાં ખામોશ રહા, અવામ ઝરૂર નિકલે, ઉન્હોંને જાનેં દીં, એહતેજાજ કિયા મગર હુકમરાં ખામોશ રહે ! તો સહૈવની (યહૂદી) તાકતોંને મહસૂસ કર લિયા કે જો અપને નબીકે નામ પર બેદાર નહીં હો સક્તે વો ભલા અપને મુલ્કોંકી હિફાઝતકે લિયે ક્યા બેદાર હોંગે ?! નતીઝા યહ હુવા કે મારા ઔર તબાહ કર દિયા ગયા. ખતરા યહ હૈ કે ઈસ ફિલ્મકે પેશ મંઝર ભી કોઈ મન્સૂબા ન હો જો આગે ચલકર અમલી શક્લ ઈખ્તિયાર કર લે, ઈસલિએ મુસલમાનોંકો ઈન્તેહાઈ સંજીદગી (અતિ ગંભીરતાપૂર્વક) ઔર ઈન્તેહાઈ હોશમંદીકે સાથ રદ્દે અમલ નહીં બલ્કે અમલકા ઈઝહાર કરના હૈ. ઈસ્લામ રીએક્શનકા નહીં એક્શનકા મઝહબ હૈ.

### ★ એહતેજાજ (વિરોધ પ્રદર્શન) પુર અમ્ન હોના ચાહિએ ★

મૈં લીબિયાકે ઉસ એહતેજાજકી મુખાલફત કરતા હૂં કે ઉન્હોંને એક સફીર (એલચી)કો ક઼ત્લ કિયા. ઈસ્લામી નુક઼્તએ નઝરસે ભી યહ શદીદ જુર્મ થા. ઈસ્લામમેં સફીરકા બળા એહતેરામ હૈ. આપકો શાયદ મઅલૂમ નહીં હૈ કે પયગંબરે ઈસ્લામ ﷺકે ઝમાનેમેં મુસૈલમા કઝ્ઝાબ (જૂઠી નબુવ્વતનો દાવેદાર)ને નબુવ્વતકા દાવા કિયા થા ઔર ઉસ્કે બાદ ઉસને મદીના મુનવ્વરામેં એક સફીર ભેજા થા. વો આયા ઔર પયગંબરે ઈસ્લામસે કહા કે, "અરબકે દો હિસ્સે કર દો, એક હિસ્સેકે આપ નબી હો જાએં ઔર એક હિસ્સાકા મુસૈલમા હોગા ! ઈત્ના ખતરનાક ઔર ઈસ ક઼દર તૌહીનઆમેઝ મન્સૂબા વો લેકર આયા થા. પયગંબરે આ'ઝમ ﷺને ઉસે ફર્માયા કે ક્યા તુમ મુસૈલમા કો નબી માનતે હો ? ઉસને કહા, હાં ! ઉસને મુસૈલમાકા કલ્મા પળ્હા. સહાબાએ કિરામને ઉસે ક઼ત્લ કરના ચાહા, મગર હુઝૂર ﷺને ફર્માયા, નહીં ! યહ સફીર હૈ, સફીર કા ક઼ત્લ નહીં હોગા." ઈસલિએ મૈં ઉસ્કી મુઝમ્મત કરતા હૂં કે કિસીકો ક઼ત્લ કિયા જાએ. لا تزر وازرة وزر اخرى એક જાન કિસી દુસ્રી જાનકા બદલ નહીં બન સક્તી, યહ કુર્આનેપાકકા હુકમ હૈ.

### ★ યહૂદિયોં કી દોરુખી પાલિસી ! ★

દુન્યામેં યહૂદી એક કરોળકે આસપાસ હૈં. એક કરોળ યહૂદિયોંકે એક તારીખી વાક઼િએ (ઐતિહાસિક બનાવ **Holocaust** જેમાં હિટલરે ઈ.સ. ૧૯૩૯–૧૯૪૫ સુધીમાં મોટી સંખ્યામાં યહૂદીઓને મારી નાખેલા એવું કહેવાય છે)કો તહફ્ફૂઝ દેનેકે

લિએ ઉન્હોંને કાનૂન બના દિયા હૈ કે દુન્યામેં કોઈ ભી 'હોલોકોસ્ટ' (**Holocaust**) કી મુખાલફત નહીં કર સક્તા. એકબાર તેરહ સાલા બચ્ચેને ફિલ્મ બનાઈ થી ઉસે સઝા દી ગઈ જિસ્ને 'હોલોકોસ્ટ' કે ખિલાફ કોઈ બાત કહી, ઉસે સઝા દી ગઈ ! ઉસકા તારીખી મુતાલેઆ કરના ચાહિયે કે યહ (વાકિઆ) કિસ હદ તક સહીહ હૈ કે ઉસે સઝા દી જા રહી હૈ. લેકિન એક અરબ (અબજ) પચાસ કરોળ મુસલમાનોંકે નબીકી તૌહીન હો રહી હૈ ઔર આઝાદીએ ઈઝહાર (વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા)કે નામસે યહ ઉસે (તૌહીન કો) સહીહ સમઝ રહે હૈં ! ઔર કોઈ કદમ ઉઠાનેકે લિએ તૈયાર નહીં હૈ ?! યહ ઝાહિર હૈ કે યહ દોરુખી પોલિસી હૈ. ઈસ તરીકેસે ફ્રાંસકે એક અખ્બારને શાહઝાદે ઔર ઉસ્કી બીવીકી ઉર્યાં (નગ્ન) તસ્વીર દિખાઈ તો ઉન્હોંને એહતેજાજ કિયા, હાલાં કે યહ ભી આઝાદીએ ઈઝહારે રાયકે તહત આતા હૈ. ન સિર્ફ યહ કે મુસ્તકબિલમેં કિસી તસ્વીરકો છાપનેકે લિએ ઉસ અખ્બારકો રોક દિયા ગયા બલ્કે જુર્માના (દંડ) ભી આયદ કિયા ગયા ઔર દુન્યાભરમેં ઉસે પાબંદ કર દિયા ગયા.

ઈ.સ. ૧૯૪૨ મેં અમરીકાને બિલ પાસ કિયા થા જિસમેં યહ થા કે કિસીકે જઝબાત (લાગણીઓ–ભાવનાઓ)કો ઠેસ લગતી હો તો યહ આઝાદીએ ઈઝહાર નહીં હૈ. કિસી કોર્ટકે ખિલાફ અગર આપ બાત કરેં તો યહ કહા જાએગા કે યહ કોર્ટકી તૌહીન હૈ, મુકદમા દાઈર હોગા. (કેસ થશે) કોઈ એક ફર્દ (વ્યક્તિ)કે ખિલાફ બાત કરેં તો વો અપની ઈઝઝતે નફસ (બદનક્ષી)કા દાવા કર સક્તા હૈ, મુકદમા કાઈમ હોગા. ક્યા યહ સારી બાતેં આઝાદીએ ઈઝહારે રાય (વિચારોના પ્રદર્શનની આઝાદી)મેં નહીં આતી ?! હ્યુમન રાઈટસ (માનવાધિકાર)મેં બાઝાબ્તા તૌર પર યહ હૈ કે આપ કિસી કે જઝબાત કે ખિલાફ કુછ નહીં કહ સક્તે. યહાં એક અરબ પચાસ કરોળ મુસલમાનોંકે જઝબાત કો ઝખ્મી કિયા જાતા (લાગણી દુભાવાય) હૈ, ઉન્હેં તકલીફ દી જા રહી હૈ, ઉન્કી તઝલીલ કી જા રહી હૈ મગર ઉસે આઝાદીએ ઈઝહારે રાય (વિચારોને વ્યક્ત કરવાની સ્વતંત્રતા)કે નામસે જાઈઝ કરાર દિયા જાતા હૈ.

### ★ ઈસ્લામ મેં કિસી ભી નબી કી તૌહીન કુફ્ર હૈ ! ★

આઝાદીએ ઈઝહાર કુર્આનને હમેં દિયા હૈ મગર તેહઝીબ ઔર ઈન્સાની અખ્લાક કે દાઈરેકે અંદર. મુસલમાન ઈસી લિએ પૂરી દુન્યામેં એહતેજાજ કર રહા હૈ કે વો પયગંબર ﷺકી તૌહીન કભી બર્દાશ્ત નહીં કર સક્તા. મુસલમાન અપને કુર્આનકી હિદાયતકે મુતાબિક અપને રસૂલેપાક ﷺકી તઅલીમાતકે મુતાબિક અંબિયાએ બની ઈસ્રાઈલ ઔર નબીયે મસીહિયત (હઝરત મૂસા તથા ઈસા علیہم السلام) કા બેપનાહ એહતેરામ કરતા હૈ. કુર્આને પાકકી દો સૂરતેં ઉન અંબિયાએ કિરામકી અઝમતોંકે હવાલેસે નાઝિલ કી ગઈ હૈં, સૂરએ મરયમ ઔર સૂરએ આલિ ઈમરાન જિસમેં હઝરત મરમય ઔર જનાબ ઈસા علیہ السلامકા તઝકેરા હૈ. અવ્વલ આલિ ઈમરાનમેં પૂરી ફેમેલીકા તઝકેરા હૈ. યહૂદિયોંને જો એતરાઝાત (વાંધાઓ) હઝરત મરયમ પર કિએ ઉસ્કા જવાબ કુર્આનને દિયા હૈ કે વો એક પાકીઝા ઔર મુકદ્દસ ખાતૂન થી. યહૂદિયોંને હઝરત ઈસા علیہ السلام કો નબી માનનેસે ઈન્કાર કિયા થા. કુર્આને અઝીમને ઉન્કી નબુવ્વતકા પુરશિકવા અંદાઝસે ઝિક્ર કિયા હૈ કે વો એક ઐસે પયગંબર થે જિન્હોંને ગહવારે (પારણા)મેં તકલ્લુમ ફર્માયા (વાત કરી), જો મુર્દોંકો ઝિંદા કરતે થે, જો બીમારોંકો અચ્છા કરતે થે. ઉન્કે બહોતસે મો'જિઝાત જો તૌરાત વ ઈન્જીલમેં મૌજૂદ નહીં હૈં ઉન્કા ભી તઝકેરા કુર્આને અઝીમને કિયા. જનાબ મૂસા علیہ السلام જો યહૂદિયોંકે પયગંબર ઔર હમારે આકા હૈં, જનાબ મૂસા علیہ السلامકા તઝકેરા કુર્આને પાકકી કમો બેશ પાંચ સૂરતોંમેં બારબાર તકરાર કે સાથ આયા હૈ. ઝાહિર હૈ કે હમેં તો હુકમ દિયા ગયા હૈ : اٰمَنْتُ بِاللّٰهِ وَمَلٰٓئِکَتِهٖ وَ کُتُبِهٖ وَرُسُلِهٖ હમ તમામ અંબિયા (નબીઓ) પર ઈમાન લાતે હૈં ઔર

કિસી ભી નબીકે ખિલાફ કોઈ બાત કહને કી જુર્અત (હિંમત) હી નહીં કર સક્તે, વરના હમારા ઈમાન ચલા જાએગા ! યહ હમારે અક઼ીદેકા હિસ્સા હૈ. આપ અંદાઝા ફર્માએં ! **હમ પૂરી યહૂદી દુન્યાસે ઔર પૂરી મસીહી (ઈસાઈ) દુન્યાસે કહના ચાહતે હૈં કે પૂરે ઈસ્લામકે લિટરેચરમેં ચૌદહસો સાલકી કરોળોં કિતાબોંમેં એક લફ્ઝ ઐસા દિખા દો જો તુમ્હારે અંબિયાકે ખિલાફ હમને કહા હો ! અગર હમારા તર્ઝે અમલ (કાર્યશૈલી) યહ હૈ તો ખુદારા તુમ ભી અપના તર્ઝે અમલ બદલો ! યહ પયહમ દુશ્મની ક્યૂં ?! યહ બારબાર પયગંબરે આઝમ ﷺકી ઝાતકો નિશાના ક્યૂં બનાયા જા રહા હૈ ?!**

(ફિર ભી તૌહીન કી ગરઝસે) ઈસી તરહ જો કોઈ ખાકા (આકૃતિ–નક્શો) ભી બનાતા હૈં તો વો મેરે નબીકા ખાકા નહીં હો સક્તા, વો કિસી ઔર કા ખાકા હોગા. પયગંબરે આ'ઝમ, સરવરે કાઈનાત ﷺ કા તો સાયા ભી મૌજૂદ નહીં થા કે ઉન્કી તસ્વીર બન સકે ! જબ ઉન્કી તસ્વીર હૈ હી નહીં તો જો ભી ખાકા બનેગા વો કિસી ઔરકા હોગા, કોઈ ફર્ઝી (બનાવટી, કાલ્પનિક) હી હોગા. તો મેરે આક઼ા ﷺકી તૌહીન તો નહીં હો સકતી હૈ ! અલ્બત્ત વો મુસલમાન કી તૌહીન કર રહે હૈં. ચૂં કે સરકાર, અઝવાજે મુતહ્હરાત ઔર સહાબાકા નામ લે રહે હૈં ઈસ લિએ દુન્યા કે એક અરબ પચાસ કરોળ મુસલમાનોં કી તૌહીન કર રહે હૈં. હમેં સોચના હૈ કે હમેશા કે લિએ યહ સિલસિલા હમ કૈસે બંદ કર સકતે હૈં. મેરી દરખાસ્ત હૈ ઉમ્મતે મુસ્લિમાસે કે એહતેજાજ ઝરૂર કરેં તા કે આપ કી ઝિંદગી કા પતા ચલ સકે કે આપ ઝિંદા હૈં. અપને નબી કે નામ પર ઈત્ને મુનઝ્ઝમ હો જાએ કે દુન્યા આઈન્દા ઈસ તરહ કા કામ કરના બંદ કર દે.

### ★ મુસ્લિમ મમાલિક કી મુજરિમાના ગફ્લત ★

અગર દુન્યા કે ૫૭ મમાલિક (મુસ્લિમ દેશો) ક઼વાનીન (ક઼ાનૂનો) બનાના ચાહેં તો બનવા સક્તે હૈં. **યહ ઉન્કી બહોત બળી મુજરિમાના ગફ્લત ઔર ગલતી હોગી કે ઈત્ના કુછ હોને કે બાવૂદ યહ અપની કુર્સિયોંસે ચિપકે રહેંગે ઔર અમરીકા ઔર યૂરોપ કે ખિલાફ બોલને કે લિએ તૈયાર નહીં હોંગે.** અસ્લમેં ઉમ્મતે મુસ્લિમા આઝાદ હૈ મગર ઉન્કે હુકમરાં ગુલામ હૈં ઔર ગુલામોં કા કોઈ ઝમીર નહીં હોતા. ખુદા કરે ગુલામિયત કી ઝંજીરસે નિકલે ઔર અપને કો આઝાદ કર કે રસૂલે પાક ﷺ કી આબરૂ કે લિએ મુત્તહિદ ઔર મુનઝ્ઝમ હો જાએં. અવામ કે દબાવસે સાત આઠ રોઝ કે બાદ પાકિસ્તાન કા હુકમરાં ભી બોલ રહા હૈ ઔર મિસ્ર કા ભી ઔર દુસરે મુલ્ક કા ભી. આપ અંદાઝા ફર્માએં ઓર ગૌર કરેં કે અલ્લાહ કે રસૂલ કી તૌહીન આમેઝ ફિલ્મ જો ઈન્તેહાઈ નાક઼ાબિલે બર્દાશ્ત હૈ, (ફિલ્મ) બનાયી હી ઈસ લિએ હૈ કે મુસલમાન દેખેં ઔર તળપેં. મૈં દુન્યાભર કે મુસલમાનોં સે અપીલ કર ચૂકા હૂં જી.ટી.વી. પર, ઉમ્મા ચેનલ પર, ડી.એન. પર ઔર દુસ્રી ચેનલોં પર. ખુદારા ! ઈસ ફિલ્મ કો મત દેખના ! બર્દાશ્ત નહીં કર પાઓગે ઔર બેક઼ાબૂ હો જાઓગે. લોગોં કો ઉસે દેખનેસે મના કરો. બલ્કે ઈસ બાત કી કોશિશ કી જાએ કે બાઝાબ્તા તૌર પર ઈન્ટરનેટકે ઝરીએસે લાખોં કી તાદાદમેં એહતેજાજ ભી હો ઔર પયગંબર કી અઝમત કે તઝકેરે ભી હોં. યહ હર નવજવાન કર સકતા હૈ, હર પળ્હા લિખા આદમી કર સકતા હૈ. (નેટ પર) ઈસ ક઼દર રસૂલુલ્લાહ ﷺ કી સીરતસે મુતઅલ્લિક મઅલૂમાત ભર દીયા જાએ કે ઉસ્કે નતીઝેમેં યહ ગુસ્તાખિયાં હમેશા કે લિએ દબ જાએં.

### ★ નબી ﷺ કી સીરત પળ્હો ઔર અપનાલો ! ★

દુસ્રા કામ જો મુસલમાન કર સકતે હૈં વો યહ હૈ કે અબ પયગંબર કી સીરતે તયબહ કો અપની ઝિંદગી કે નિસાબમેં સામિલ કર લિયા જાએ. ઉસ્કો ઉન્હોંને નહીં કિયા. કોઈ ભી બચ્ચા બાલિગ હોનેસે

પેહલે પેહલે પયગંબર કી સીરતે તયબહ મુસ્તશ્રિકીન (યહૂદી સાહિત્યકાર) કે એતરાઝાત કે ઔર ઉન્કે જવાબાતસે બાઝાબ્તા તૌર પર વાકિફ હોના ચાહિએ. ઈસ લિએ કે અગર ઐસા નહીં હોગા તો લોગ ગુમરાહ હોંગે. યહ ઈંગ્લિશ મીડિયમ કા ઝમાના હૈ, હર બચ્ચા ઈંગ્લિશ પળ્હ રહા હૈ. જિસ્કે પાસ થોળી દૌલત હૈ ઈંગ્લિશ મિડિયમ પળ્હ રહા હૈ. ઈંગ્લિશમેં જો કિતાબેં હૈ, મુસલમાનોંને લિખ્ખી હૈં, ઈબ્તેદાઈ હૈં, જો નમાઝ રોઝા વગેરાસે મુતઅલ્લિક હૈં, (લેકિન) પયગંબર કી સીરતપે જો કિતાબેં મિલ રહી હૈં (વો) મુસ્તશ્રેકીન કી હૈં ઔર વો ઝહરસે ખાલી નહીં હૈં.

ઈંગ્લિશ મીડિયમમેં, સરકારી સ્કૂલોંમેં હમારે જો ભી બચ્ચે પળ્હ રહે હૈં ઉન સબકે લિએ કોઈ ઐસા ઈન્તેઝામ કરેં કે હમારા કોઈ તાલિબે ઈલ્મ, હમારા કોઈ ભી બચ્ચા બાલિગ હોનેસે પહલે પહલે સીરતે રસૂલ પર ઉઠનેવાલે એતરાઝાત, ઉનકે જવાબાત ઔર ઉન્કી પાકીઝા સીરત કો અચ્છી તરહ પળ્હ લે ઔર ઉન્કે અંદર મહબ્બતે રસૂલ કા એક ઐસા નાકાબિલે શિકસ્ત જઝબા પેદા હો જાએ કે દુન્યા ઉન્હેં શિકસ્ત ન દે સકે. મેરી યહ અપીલ દુન્યા કે તમામ મુસલમાનોંસે હૈ ઔર મૈં કોશિશ કરુંગા કે કિતાબ ઔર મઝામીન કી શકલમેં મુખ્તલિફ ઝબાનોંમેં યહ અપીલ દુન્યામેં શાએઅ હો કે અબ ખામોશ હોને કા વક્ત ગયા, અગર હમને યહ નહીં કિયા તો ઈંગ્લિશ મીડિયમસે પળ્હનેવાલે સ્કૂલોંમેં બચ્ચે સલ્માન રૂશ્દી ઔર તસ્લીમા નસ્રીન બન સકતે હૈં મગર વફાદારે મુસ્તફા નહીં બન સકતે.

## ★ અમરીકા કા બેશર્મ રવૈયા ઔર ગંદી પાલિસિયાં ★

અમરીકા કહતા હય કે, ''યહ હાદસા હમારે મુલ્કમેં હુવા હૈ લેકિન હમસે ઉસ્કા કોઈ તઅલ્લુક નહીં હૈ !'' વઝીરે ખારજા (વિદેશ મંત્રી)ને કહા હૈ, ''હમસે ઉસ્કા તઅલ્લુક નહીં હૈ !'' (હમ પૂછતે હૈં) તુમને નહીં કિયા હૈ મગર યહ બતાઓ કે પાકિસ્તાનપે તુમ્હારા ઈલ્ઝામ યહ હૈ કે પાકિસ્તાન કે ટેરરિસ્ટ અફઘાનિસ્તામેં મુદાખિલત કર રહે હૈં, ઉસ ઝમીનસે મુદાખિલત હો રહી હૈ ઈસલિએ વહાં હમ ડ્રોન (બમ્બ) હમ્લે કર રહે હૈં. મૈં કહતા હૂં કે તુમ્હારી ઝમીનપે નબી કી તૌહીન હૂઈ હૈ ઈસલિએ ઝમીન કા હક્ક હૈ કે તુમ ઉસ તૌહીન કો રોકને કી કોશિશ કરો ઔર મુસલમાનોં કા સાથ દો. હમ કહતે હૈં કે વો પૂરે આલમે ઈસ્લામ કા મુજરિમ હૈ ઉસે (ગુસ્તાખકો) હમારે હવાલે કર દો ! લેકિન ઝાહિર હૈ કે યહ બાતેં નહીં સુની જાએગી.

આપકો માલૂમ હૈ કે ''હોલોકોસ્ટ'' કે બાદ હિટલર નામ રખના ભી જુર્મ હૈ. આસ્ટ્રિલયા, બેલ્જિયમ, ફ્રાંસ, જર્મની, ઈસ્રાઈલ, પોલેન્ડ ઔર બહુતસે મુલ્કોંમેં ઉસ્કે ખિલાફ બોલના સઝા ઔર કૈદ હૈ. યહ હૈ આઝાદીએ ઈઝહાર ! જો ઉન્કે અપને માહોલમેં હૈ, જિસકો બાઝાબ્તા તૌર પે આઝાદી કા નામ દેતે હૈં. મૈં કહતા હૂં કે મુસ્લિમ મમાલિક મુત્તહિદ હો જાએં, મગર યહ મુત્તહિદ કૈસે હો ? યહ મુકમ્મલ તૌર પે અમરીકા કે ચુંગલમેં હૈં ! અબ જો આઝાદ હો રહે હૈં મુમ્કિન હૈ કલ ઉનસે કુછ કામ હો સકે, મગર ઉન્હેં બદ્નામ કરનેકી કોશિશ કી જા રહી હૈ.

દુસ્રી વજહ અમરીકા કા ઈલેક્શન. અમરીકામેં ઈલેક્શન હોનેવાલા હૈ ઔર ઓબામા કો હટાને કે લિએ જિસ શખ્સ કો લાયા ગયા હૈ ઉસ્કા બળા ગહરા તઅલ્લુક હૈ નેતૈન યાહૂસે જો ઈસ્રાઈલ કા સદર (રાષ્ટ્ર પ્રમુખ) હૈ. ઈસ તરહ કા એક હાદસા ઔર ભી હુવા થા, અમરિકા મેં ઈરાન કે સાથ બાઝાબ્તા હંગામા હુવા. ઈરાન કે સિફારતખાને પર તલબાને કબ્ઝા કર લિયા. ચાલીસ રોઝ કબ્ઝા રખા તો ઉસ્કો કમઝોર પ્રેસિડન્ટ કરાર દેકર કે ઉસને હમ્લા નહીં કિયા બલ્કે હમ્લા કરને કા ઈરાદા ભી કિયા તો ઉસ્કા જહાઝ ગિર ગયા. અબ ઓબામા કો કમઝોર પ્રેસિડન્ટ કરાર દેકર કે ઉસે હટાને કા પ્રોગ્રામ હૈ, ઈસ લિએ લાખોં કરોળોં કી તાદાદમેં અતીયે દેકર યહ ફિલ્મ બનાઈ ગઈ હૈ.

યહ કહતે હૈં કે યહ તહઝીબોં કા ટકરાવ હૈ. ઈસ્લામ કે મુક઼ાબલેમેં કોઈ તેહઝીબ હો તો ટકરાવ હો ! ડેન્માર્કમેં બાપ કા નામ પૂછના જાઈઝ નહીં હૈ, યહ ક઼ાનૂન કે ખિલાફ હૈ ! આલમ યહ હૈ કે બાપ હી મૌજૂદ નહીં હૈ ! ઔર ઈસે તહઝીબ કા તસાદુમ (ટકરાવ) કહતે હો ?!

આપ અંદાઝા ફર્માએં કે હમ અપને બચ્ચોં કા નામ અંબિયાએ બની ઈસ્રાઈલ કે નામ પર રખતે હૈં, આયે દિન હમારે માહોલમેં કિત્ને હી મૂસા હૈં, કિત્ને હી ઈસા હૈં, કિત્ને હી ઈબ્રાહીમ હૈં. (લેકિન) એક ફર્દ ભી સરવરે કાઈનાત કે નામ પર પૂરી મસીહી ઔર યહૂદી દુન્યામેં મિલ સકતા હૈં આપકો ?!

**★ સબસે પહલે ફિલ્મ હિંદમેં બેન્ડ હૂઈ ★**

હિંદુસ્તાન કે બારેમેં હમ યહ કહેંગે કે હિંદુસ્તાન એક સેક્યુલર મુલ્ક હૈ, યહ એક જમહૂરી મુલ્ક હૈ જહાં ૨૦ કરોળ મુસલમાન બસતે હૈં ઔર મુસલમાન કે જઝબાત ઔર મહસૂસાત કા અગર ખયાલ રખ્ખા ગયા તો મુસલમાન હિંદુસ્તાન કે લિએ જાન દેને કે લિએ ભી તૈયાર હો જાએગા. મુમ્કિન હૈ કે કુછ યહૂદી યહાં બસતે હોં લેકિન ઉન્કી તાદાદ બહુત કમ હૈ. હમ ઉસે એક મુસલમાનોં કા કદરદાં મુલ્ક તસવ્વુર કરતે હૈં. યહ હમારા મિઝાજ હૈ. મગર હમેં વહાં અજનબી નિગાહોંસે નહીં દેખા ગયા, અગર હમારેં જઝબાત વ એહસાસાતપે હુકૂમતને મુઅષ્ષિર રદ્દે અમલ કા ઈઝહાર કિયા, ઔર કિયા ભી ! કે સબસે પહલે ફિલ્મ હિંદુસ્તાનમેં બંદ કી ગઈ. હમ ઈસ સિલસિલેમેં હિંદુસ્તાન કે મશ્કૂર હૈં. બાઝ મુલ્કોં મેં બાદમેં બંદ કી ગઈ હૈ, યહાં પહલે બંદ કી ગઈ હૈ. મુસલમાન ઈસ મુલ્ક કો અપની ધરતી ઔર અપના વતન તસવ્વુર કરતે હુએ ખૂદ કો અજનબી મહેસૂસ ન કરેં ઈસ લિએ મૈં હિંદુસ્તાની હુકૂમતસે મુતાલબા કરુંગા કે ઈસ સિલસિલેમેં મોઅષ્ષિર એહતેજાજ અમરીકા સે કરે કે આઈન્દા ઈસ તરહ કા કામ ન હો.

**★ મુસ્લિમ મમાલિક ઔર અવામ ક્યા કર સકતે હૈં ? ★**

શાયદ આપ કો અંદાઝા હો કે દુન્યા જો તેલ ઈસ્તેલમાલ કરતી હૈ જિસસે જહાઝ, કારખાને, ફેકટરિયાં ચલતી હૈં, યહ શહ રગ (ધોળી નસ) હૈ ઔર યહ ૭૮% મુસ્લિમ મુલ્કોંમેં પેદા હોતા હૈં. દુન્યા કી હયાત કી શહ રગ કા ૭૮% આપ કે કન્ટ્રોલમેં હૈ મગર અફસોસ કે આપ ઈસ હર્બે કો ઈસ્તેમાલ નહીં કર સકતે. તેલ કી પાબંદી અગર કિસીને લગાઈ હૈ તો ઉસે મન્ઝરસે હટા દિયા ગયા હૈ. યહ ખૌફઝદા હૈં કે હમ ઈસે ઈસ્તેમાલ નહીં કર સકતે, લેકિન મુતાલબા તો કર સકતે હૈં ! એહતેજાજ તો કર સકતે હૈં ! મિષાલ મૌજૂદ હૈ કે એક ફિલ્મ સઊદી અરબ કે ખિલાફ બનાઈ ગઈ થી. ફિલ્મ મેં યહ થા કે એક સઊદી શહઝાદીને કિસી ગૈર શહઝાદે સે યઅની જો બાદશાહોં કી ફેમેલીસે નહીં થા ઉસસે શાદી કર લી, ઈશ્ક઼ કિયા (તો) ઉસે ક઼ત્લ કર દિયા ગયા. **ઈસ પર સઊદી અરબને એહતેજાજ કિયા તો વો ફિલ્મ રોક દી ગઈ ઔર મઅઝેરત કી ગઈ (માફી માગવામાં આવી)**. મૈં સઊદી અરબસે કહુંગા કે **ક્યા મુસલમાનોં કે નબી ઔર તુમ્હારે નબી કી ઈઝ્ઝત તુમ્હારી શહઝાદીસે કમ હૈ ? તુમ અપની શહઝાદી કે લિએ તઅલ્લુક઼ાત ખત્મ કર સકતે હો, ધમકી દે સક્તે હો, સિફ઼ારતેં ખત્મ કર સક્તે હો, ઔર પયગંબરે આ'ઝમ કે લિએ તુમ્હારે પાસ એહતેજાજ કી ઝબાન ભી નહીં ?!** મૈં મુતાલબા કરુંગા (કે) ઈસ સાલ મૌસમે હજ્જમેં ખુત્બા દેનેવાલે મુઅલ્લિમ વ ઈમામસે કે બાઝાબ્તા વહાં કી સરઝમીન પર અપને ખુત્બેમેં ઈસ ફિલ્મ કી તરદીદ કરે ઔર કોઈ ઐસા મનસૂબા પેશ કરે કે જિસ કે ઝરીયે સે ઉમ્મતે મુસ્લિમા મુત્તહિદ હોકર કોઈ કામ કર સકે. યક઼ીનન ! અગર હરમ કી સરઝમીનસે આવાઝ બુલંદ હૂઈ તો દુન્યા ઈસ આવાઝ કો સુનનેકે લિએ તૈયાર હોગી. અલ્લાહ કે રસૂલ ﷺ કે હજ્જતુલ વિદાઅ કા ખુત્બા હયુમન

રાઈટસ કા ચાર્ટર હૈં, ઉસે આપને આલમે ઈન્સાની કો બેદાર કરને ઔર કાનૂન દેને કે લિએ ઈસ્તેમાલ કિયા થા. ઔર તુમ ફિક્હી મસાઈલ બયાન કરતે હો ઔર સમઝતે હો કે ફરીઝા અદા હો ગયા. દુન્યામેં મુસલમાનોં કી તાદાદ ૨૫% હૈ ઔર હમારે વસાઈલ (માધ્યમો) દુન્યામેં ૨૭% હૈં. અગર હમેં ઈન વસાઈલપે ગલબા દે દિયા જાએ ઔર હમ અપને વસાઈલ કો ઈસ્તેમાલ કરેં તો અમરીકા કી ભીક કી ઝરૂરત કભી નહીં પેશ આતી. હમ ખૂદ કફીલ ઔર આઝાદ હોંગે. અગર હમ અમરીકા કે સરમાયા કા, ઉસ્કી મસ્નૂઆત કા બાયકાત કરેં તો કલ વો હમારી બાત માન લેગા.

એક ઔર હથિયાર હૈ જો યૂરોપ કે સારે મમાલિક કર સક્તે હૈં. યહાં મુસલમાન ૨૦ લાખ (યુ.કે.મેં) હૈં, ફ્રાંસ મેં સાઠ લાખ કે કરીબ હૈં, જર્મનીમેં સાઠ લાખ કે કરીબ હૈં. યઅની એક મુઅષ્ષિર કુવ્વત હૈ વોટકી. અગર મુસલમાન વોટ ઉસે દેં જો ઉન્કે મુતાલબાત કો માનને કે લિએ તૈયાર હો તો વોટ કા હથિયાર ઈસ્તેમાલ કર કે ભી અપને મુતાલબાત પૂરે કર સક્તે હૈં. યહ તમામ ચીઝેં હૈં કે જિસ કો બાઝાબ્તા તૌર પર બતૌરે અસ્લહા, બતૌરે હર્બા મુતાલબાત કે લિએ હમ ઈસ્તેમાલ કર સક્તે હૈં. લેકિન ઈન સબમેં યકીની તૌર પર ઔર લાઝમી તૌર પર હુકૂમતોં કો સાથ દેખા હોગા.

મુસ્લિમ હુકૂમતેં અહદ કરેં કે આજ કે બાદ અમરીકા કા કોઈ માલ સઊદી અરબ, મિસ્ર વગેરા કી સરઝમીન પે નહીં દિખેગા. **અગર તુમ્હારી મઈશત (માલ સંપત્તિ) ઔર તુમ્હારી અય્યાશિયાં ઔર તુમ્હારી તફરીહ (મોજ મજા) પયગંબર કી ઈઝ્ઝતસે ઝયાદા હૈં તો કુર્આન કે ફૈંસલે કે મુતાબિક અલ્લાહ કે અઝાબ કે લિએ તૈયાર હો જાઓ** ઔર અઝાબ આયા હૈ ઔર બળી તેઝી કે સાથ બળ્હ રહા હૈ તુમ્હારી તરફ ! *(સુન્ની દુન્યા–મુંબઈ, નવેમ્બર–૨૦૧૨)*

## તલાક઼ વિશે સવાલ જવાબ

**સવાલ નં. ૧** : પત્નીને તેના પતિએ ત્રણ તલાક઼ આપી, અને ત્રણ હેઝ પસાર થઈ ગયા તો સ્ત્રી તે પતિ સાથે નિકાહમાં રહી શકે છે ? ત્યાર પછી શું બીજી અથવા ત્રીજી એ સ્ત્રીને તલાક઼ આપવાની શું જરૂરત બાકી રહેશે ?

**જવાબ નં. ૧** : ત્રણ તલાક઼ો લાગુ થઈ ગયા બાદ સ્ત્રી પતિના નિકાહથી નીકળી જાય છે અને તેણી તેના માટે અજનબી સ્ત્રીથી વધીને થઈ જાય છે. ત્યાર બાદ બંનેવ જો એક સાથે રહેવા રાજી હોય તો સ્ત્રીને ઈજાઝત છે કે તે હલાલો કરે. એટલે કે તલાક઼ પછી નવેસરથી ત્રણ વાર માસિક (હેઝ) આવીને પસાર થઈ જાય, તો તેણી બીજા શખ્સ સાથે સહીહ નિકાહ કરે, તે તેણી સાથે વતી (સંભોગ) પણ કરે, પછી જો તે તલાક઼ આપી દે તો ઈદ્દત પૂરી કરે, ત્યાર બાદ પ્રથમ પતિ સાથે નિકાહ કરી શકે છે. *(મુસલમાનો આ મસ્અલો ધ્યાનપૂર્વક વાંચી યાદ રાખી લે અને જેને ત્રણ તલાક઼ો થાય અને ફરી તે જ પતિ સાથે રહેવા ઈચ્છે તો ઉપર મુજબ હલાલો કર્યા બાદ જ રહી શકે. –તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક)*

**સવાલ નં. ૨** : શું એક તલાક઼ આપ્યા બાદ જીભ વડે કાંઈ બોલ્યા વિના સમય પસાર થવા પર બીજી તથા ત્રીજી તલાક઼ પણ લાગુ થઈ જશે ?

**જવાબ નં. ૨** : જો પતિએ પોતાની પત્નીને એક તલાક઼ આપી દીધી દા.ત. આ પ્રમાણે કહ્યું કે, "તને એક તલાક઼ આપી" પછી ખામોશ રહ્યો ત્યાં સુધી કે ઈદ્દત પસાર થઈ ગઈ, તો તે સ્ત્રી નિકાહથી નીકળી જશે, પણ એના લીધે તેના પર બીજી તથા ત્રીજી તલાક઼ લાગુ પડશે નહીં. હા ! અમુક સંજોગોમાં બીજી તથા ત્રીજી વાર વિના બોલ્યે પણ તલાક઼ પડી શકે છે, દા.ત. આ પ્રમાણે કહ્યું કે તને એક તલાક઼ આજે, પછી દરેક તહર (પાકી)માં એક એક તલાક઼. તો જેમ તહર આવશે (માસિક પીરિયડ ગુજરે) તેમ તલાક઼ આપોઆપ પડી જશે.

પણ એવું નથી કે આ તલાક઼ બોલ્યા વિના પડી રહી છે, બલ્કે તે પહેલાં જ બોલી ચૂક્યો છે એટલા માટે પડી રહી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(ખાદિમુલ ઈફતા : દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર, ૨૭–શવાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૧, તા. ૭–૧૦–૨૦૧૦)*

# ફઝાઈલે હસ્નૈન رضی اللہ عنہما

(કાર્યાલય)

### ★ જન્નતી વસ્ત્ર ★

ઈદનો ચાંદ થઈ ગયો. ઈમામ હસન અને હુસૈન رضی اللہ عنہما પોતાની પ્રિય માતા હઝરત ફાતિમા ખાતૂને જન્નત رضی اللہ عنہا ની ખિદમતમાં પધાર્યા અને વિનંતિ કરી, અમ્મી ! સવારમાં ઈદનો દિવસ છે. મદીનાનાં બાળકો નવાં કપડાં પહેરશે. શું ઈમામુલ અંબિયા અને ખાતૂને જન્નતના બાળકો નવાં કપડાં નહીં પહેરે ? બાળકોના પ્રશ્નથી માતાનું કૃપાળુ હૈયુ ધ્રુજવા લાગ્યું. બાળકોને સમજાવ્યાં કે ચિંતા કરવાની જરૂરત નથી, તમને પણ નવા કપડાં મળી જશે. જન્નતી સ્ત્રીઓની આગેવાન ખાતૂને જન્નતે નમાઝથી ફારિગ થઈ અલ્લાહની બારગાહમાં દુઆ કરી, મૌલા ! તારા મહબૂબ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસાઓએ મારી પાસે નવા કપડાંની માંગ કરી છે, મૌલા ! મેં એમને વાયદો કરી આપ્યો છે. મૌલા ! મારા ઉઠેલા હાથોની ઈજ્જત રાખી લે ! દુઆથી ફારિગ થયાં તો કોઈએ દરવાજા પર ટકોરા માર્યા. પૂછયું, કોણ છો ? જવાબ આપ્યો, અહલે બયતનો દરજી છું, બાળકો માટે નવા કપડાં લઈને આવ્યો છું. સૈયિદાએ એ કપડાં લઈ લીધાં અને સવારમાં હસનૈનને પહેરાવ્યાં. સરકારે દો આલમ પધાર્યા તો ફર્માવ્યું, બેટી! તને ખબર છે આ કપડાં ક્યાંથી આવ્યાં અને કોણ લાવ્યું ? વિનંતિ કરી, પિતા ! તમે બેહતર જાણો છો. ફર્માવ્યું, એ જિબ્રઈલે અમીન علیہ الصلوٰۃ والتسلیم હતા જે અલ્લાહ તઆલા તરફથી જન્નતથી કપડાં લઈને હાજર થયા હતા. *(રૌઝતુશ્શુહદા, ભાગ–૨, પેજ–૧૩૮)*

આનાથી જાણવા મળ્યું કે હઝરત ફાતિમાની દુઆનો મુકામ શું હતો કે આપની માંગ પર નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં અલ્લાહ તઆલા તરફથી બાળકો માટે જન્નતી વસ્ત્રો આવ્યાં અને તેઓ જે માંગે તે એમને મળી જતું પણ એમની જાતિય નમ્રતા હતી કે આપ દુનિયાની નેઅમતોથી અધિક વિશેષતા અલ્લાહ તઆલાની ખુશીમાં ખુશ રહેવાને આપતાં હતાં, અને ગરીબી હતી નહીં પણ ગરીબી તેમણે પોતે પ્રાપ્ત કરી હતી. અને આનાથી એ પણ જાણવા મળ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને હઝરાત હસનૈનથી પ્યાર હતો જેને લઈને તેઓ ખુદાની બારગાહના પ્રિય હતા.

### ★ નબીની જીભથી પાણી ★

ખસાઈસમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક દિવસ અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સફરમાં હતા. એક જગાએ હઝરત હસન અને હુસૈન رضی اللہ عنہما ના રડવાનો અવાજ સાંભળવા મળ્યો. આપે હઝરત ફાતિમાને એમના રડવાનું કારણ પૂછયું. સૈયિદાએ વિનંતિ કરી, તરસને લઈને રડી રહ્યા છે. આપે ફર્માવ્યું, કોઈની પાસે પાણી છે ? પણ કોઈની પાસે પાણી ન હતું. આપે ફર્માવ્યું, એક શેહઝાદો મને આપો એમણે પર્દા નીચેથી એમને આપ્યો. આપે એમને લઈને છાતીથી લગાડયા, તેઓ ઘણા જ રડી રહ્યા હતા અને ચૂપ ન થતા હતા. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની જીભ એમના મોઢામાં રાખી દીધી, તેઓ ચૂસવા લાગ્યા અને તૃપ્ત થઈ ગયા, પછી ન રડયા. પણ બીજા શેહઝાદા હજી રડી રહ્યા હતા. આપે ફર્માવ્યું, એમને પણ મને આપી દો ! એમણે આપી દીધા તો આપે એમના મોઢામાં પણ પોતાની જીભ આપી, તેઓ ચૂસતા રહ્યા અને તૃપ્ત થઈ ગયા અને ચૂપ થઈ ગયા. એ પછી એ બંનેના રડવાનો અવાજ ન સંભળાયો. *(ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૭૧)*

### ★ જન્નતનો આગેવાન અહીં કેમ નહીં ? ★

આનાથી જાણવા મળ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના નવાસાઓથી કેટલી મહબ્બત અને પ્યાર હતો કે એમની આંખોમાં આંસૂ આપને પસંદ ન આવતાં હતાં. રડતા નવાસાઓને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم મનાવીને રાજી કરીને જ રહેતા હતા, અને અલ્લાહની બારગાહમાં હઝરાતે હસનૈનની ઈજ્જત નબીના તેમને પ્રિય રાખવાને લઈને જ છે. એટલે કે નબીના પ્રિય હોવાને લઈને અલ્લાહ તઆલાએ પણ એમને પોતાની બારગાહના પ્રિય બનાવી લીધા, અને એવા પ્રિય કે જન્નતી યુવાનોની આગેવાનીનું પદ આ બંને કુંવરોને આપી દેવામાં આવ્યું. તો જ્યારે નબીના પ્યારા હોવાને લઈને અલ્લાહને એમનાથી આટલી મહબ્બત છે તો પછી નબીની મહબ્બતમાં આપણે હઝરાતે હસનૈનને પ્રિય કેમ ન રાખીએ ? અને એમને આપણા ઈમામ અને આગેવાન કેમ ન સમજીએ ? એટલે જ દુનિયાભરના મુસલમાનો હઝરત હસન અને હુસૈન બંનેને ઈમામ કહે છે અને જ્યારે પણ અને જ્યાં પણ એમનાં નામો લેવામાં આવે છે તો નામોની સાથે ઈમામનો શબ્દ અવશ્ય બોલવામાં આવે છે. દુનિયાની એક દેખાવ પૂરતી ઈમામતથી રોકવા આપને શહાદત સુધી પહોંચાડનાર શું જન્નતની એમની આગેવાની પડાવી શકે છે ? નાશવંત જગતની નહીં એમને તો અનાશવંત હમેશાંની આખેરતની ઈમામત અલ્લાહ તઆલા તરફથી પ્રાપ્ત છે. અને દુનિયામાં ભલે ગમે તે થયું પણ ત્યારથી લઈને આજ સુધી દિલોમાં ઈમામ હસન અને હુસૈન જ છે. વિજય પ્રાપ્ત કરનાર વાસ્તવમાં દિલો પર વિજય મેળવનાર છે.

*–(હવાલો : તહોફાએ નજાત, ભાગ : ૧૧)*

## બરકાતે ખ્વાજાની ટપાલ...કાર્યાલય

**જંબુસર** :મૌલાના અખ્તર સાહબ અશરફી તથા મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ લખી જણાવે છે કે અલ્લાહ તઆલાના ફઝલો કરમ અને હુઝૂર ﷺની નઝરે ઈનાયત તથા ઔલિયાએ કિરામના ફૈઝાનથી જંબુસરની ધરતી પર એક દીની ઈદારો "દારુલ ઉલૂમ ફૈઝાને ઔલિયા"ના નામથી તા. ૭–૯–૨૦૧૨ જુમ્આના રોજ એક ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવ્યો છે, જેમાં હિફઝ તથા તજવીદની તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે.

જે ભાઈઓ પોતાનાં બાળકોનો દાખલો કરાવવા ઈચ્છતા હોય તેઓ કોન્ટેક કરે. દારુલ ઉલૂમ ફૈઝાને ઔલિયા માટે એક વિશાળ જમીનની જરૂરત છે એટલા માટે સખી દાતાઓથી અપીલ છે કે સહાયકરી કરાવીને સવાબના હક્કદાર બને. હઝરત મૌલાના અખ્તર સાહબ, હાફિઝ નૌશાદઆલમ સાહબ, હાફિઝ આસિફ સાહબ, મૌલાના ઝહીર સાહબનો કોન્ટેક કરી સવાબના હક્કદાર બનશો.

દારુલ ઉલૂમ ફૈઝાને ઔલિયા, ડાભા ચોકડી, હઝરત ચાંદપીર દરગાહ પાસે, જંબુસર, જિ. ભરૂચ

**જુનાગઢ** : ખાનકાહે રઝવિય્યહ્ નૂરિય્યહ તરફથી તા. ૧૨–૯–૨૦૧૨, બુધવારે સૌરાષ્ટ્રના મશહૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત પીર મૌલાના નૂર મુહમ્મદબાપુ મારફાની સાહબ رحمۃ اللہ علیہના ૧૪મા વાર્ષિક ઉર્સ શરીફનું શાનદાર આયોજન કરવામાં આવેલ જેમાં મગરિબની નમાઝ બાદ મસ્જિદે રઝાથી એક શાનદાર જુલૂસ નીકળી હઝરતના આસ્તાના ઉપર સંદલ શરીફ તથા ચાદરપોશી બાદ શજરા શરીફ, સલાતો સલામ તથા દુઆએ ખૈરનું શાનદાર આયોજન કરવામાં આવેલ અને રાત્રે ઈશાની નમાઝ બાદ મસ્જિદે રઝામાં શહેઝાદાએ ખાનવાદાએ ગૌષે આ'ઝમ પીરે તરીકત હઝરત અલ્લામા સૈયદ મુખ્તાર અહમદ સાહબ કાદરી બગદાદીની સદારતમાં તથા જાનશીને હુઝૂર અમીરે અહલે સુન્નત પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરીની સરપરસ્તીમાં શાનદાર તકરીરનું આયોજન કરવામાં આવેલ જેમાં માહિરે ઉલૂમે શરીઅત હઝરત મૌલાના મુફતી હસીબુર્રહમાન સાહબ કિબ્લા તથા શૈખુલ હદીષ હઝરત મૌલાના કારી અકબરઅલી સાહબ મિસ્બાહી તથા મૌલાના રોનકઅલી સાહબ મિસ્બાહી તથા હઝરત મૌલાના મુફતી મુનવ્વર રઝા સાહબ ધોરાજી વગેરે આલિમોએ હુઝૂર અમીરે અહલે સુન્નતની ઈલ્મી શખ્સિયત તથા આપના જદીદ કારનામા ઉપર રોશની નાખી શાનદાર તકરીરો કરી હતી. *(રજૂકર્તા : હાજી મુહમ્મદ હનીફ નૂરી રઝવી)*

**માંડવી** : (જિ. સૂરત)ના મશ્હૂર તથા મઅરૂફ બુઝુર્ગ હઝરત કુત્બુલ અકતાબ બાલાપીર બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક તા. ૩૦–૮–૨૦૧૨ના રોજ ગુરૂવારે હતો. સંદલ શરીફ હઝરત પીરે તરીકત સૈયદ કમરુદ્દીનબાવા સાહબ કારંટવી દરિયાઈના મુબારક હાથે ચઢાવવામાં આવ્યું. હઝરતે વલીઅલ્લાહની શાનમાં વલવલા અંગેઝ તકરીર ફર્માવી અહલે સુન્નત વલ જમાઅતનાં દિલ ડોલાવી દીધાં હતાં. *(રજૂકર્તા : આસિફ મુહમ્મદ દરિયાઈ)*

### ★ જન્નતી મહેલનું એડવાન્સ બુકીંગ ! ★

મહોલ્લા ખાનજીવાડા, ધંધુકામાં આવેલ મસ્જિદનો વહીવટી ખર્ચ હાલ તો મહોલ્લાના તથા ગામના અમુક રહીશો તથા સખીદાતાઓ પાસેથી ઉઘરાવીને કરવામાં આવે છે. જેથી મસ્જિદની બાજુમાં પડતર જમીનમાં દુકાનો બનાવી તથા મસ્જિદના મકાનોમાં જાજરૂ, બાથરૂમ બનાવી જરૂરી સુધારા વધારા કરવામાં આવે તો મસ્જિદની એક કાયમી આવક ઊભી થઈ જાય અને મસ્જિદનું વહીવટ સરળતાથી ચાલી શકે. જેથી દરેક બિરાદરોને દિલ ખોલીને ડોનેશન આપવા નમ્ર વિનંતિ છે.

**સંપર્ક કરો** : રબ્બાનીમિયાં એ. સૈયદ (પ્રમુખ : મુહદ્દિષે આ'ઝમ મિશન) ગુજરાત પ્રદેશ ધંધુકા બ્રાન્ચ, **Mob. : 9924034286, 9228244793**

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : ખાતે તા. ૩૦–૯–૨૦૧૨ રવિવારે ઝુલેખાબેન મુહમ્મદ દિવાનનો ઈન્તેકાલ થયો છે. તથા તા. ૬–૧૦–૨૦૧૨ના રોજ સખીનાબેન ઈબ્રાહીમ મોટાજી (મૂળ : સોખડા)નો ઈન્તેકાલ થયો છે. તથા તા. ૧૩–૧૦–૨૦૧૨ શનિવારના રોજ રાબીયાબેન અબ્દુલ્લાહ બોરડીવાલાનો ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

**ભરૂચ** : ખાતે અ. લતીફભાઈ કોન્ટ્રાકટરના અહલિયા હજીયાણી બરકતબાનુ તા. ૧૦–૧૦–૨૦૧૨ બુધવારના રોજ ગુજરી ગયાં છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

## :: મદદની અપીલ ::

અમો ભદારી મસ્જિદ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ લખી જણાવીએ છીએ કે અમારી ભદારી મસ્જિદ (ટ્રસ્ટ રજી. નં. બી–૩૬૩, વડોદરા)નું નવેસરથી બાંધકામ કરવાનું હોય **અંદાજીત ખર્ચ રૂા. ૩૦ લાખ** થાય તેમ છે જેથી તમામ સુન્ની મુસ્લિમ બિરાદરોને અપીલ કરવામાં આવે છે કે મસ્જિદના તામીરી કામ (બાંધકામ)માં દામે દિરમે સુખને કદમે સાથ સહકાર આપી અપાવી અલ્લાહનું ઘર બનાવી આપવા મદદરૂપ થશો. રોકડ રકમ, રેતી, કપચી, ઈંટ, સ્ટીલ, સિમેન્ટ, સ્ટાઈલ, ફર્નિચર વગેરે માલ સામાન આપી અપાવી મદદ કરવા વિનંતી. (સરનામુ : મસ્જિદ ટ્રસ્ટ–ભદારી, મુ. ભદારી, પિન : ૩૯૧૪૪૫, પો. ભદારા, તા. પાદરા, જિ. વડોદરા) ટ્રસ્ટીઓ : ★ મહેબૂબખાન જારૂરખાન પઠાણ (Mob. 99130 66040), ★ મુબારકખાં અબ્બાસખાં (Mob. 93286 98339) ★ સિકંદરખાં ઈબ્રાહીમખાં, (Ph. : 02662 281293)

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. પટેલ યુવાન** : ઉંમર : ૨૭ વર્ષ, ૮ મી પાસ, હાફિઝે કુર્આન, (પાલેજ તરફ) સુન્ની આલિમા પસંદગીને પાત્ર. (મો. ૯૭૩૭૮ ૮૮૬૭૧)

**૨. શેખ યુવાન** : ઉંમર : ૨૫ વર્ષ, ઊંચાઈ : ૫.૬', હાફિઝ, કારી, આલિમ, ૧૨ પાસ, વાર્ષિક આવક : એક લાખ ઉપર, ખતીબો ઈમામ (મહેસાણા તરફ) (મો. ૯૭૨૨૨ ૧૦૯૪૯)

**૩. સૈયદ યુવાન** : ઉંમર : ૨૫ વર્ષ, સૈયદ આલિમ, માસિક આવક : રૂા. ૭૦૦૦/– ખતીબો ઈમામ, (ખેડા–બીરપુર તરફ) સૈયદા આલિમા પસંદગીને પાત્ર. (મો. ૯૭૩૭૯ ૮૭૭૯૦, ૯૭૨૪૧ ૪૭૮૫૯)

**૪. મેમન યુવાન** : જન્મ તા. ૨૩–૮–૧૯૮૨, ઉંચાઈ : ૬.૩', કુંવારો, એજ્યુ. : ઈંગ્લિશ મિડિયમ હાઈ સ્કૂલ, જોબ : મોબાઈલ શોપ (મો. ૯૮૨૩૧ ૪૭૬૧૩, ૯૬૬૫૬ ૧૨૭૮૬)

**૫. કુરૈશી વિધુર** : ઉમર : ૪૮ વર્ષ, ત્રણ પુત્રીઓ, ઉમર : ૧૭, ૧૫, ૧૩ની તથા એક પુત્ર : ૧૯ વર્ષનો છે. ધંધો મીટ મર્ચન્ટ, ઘર : દુકાન પોતાનું છે. (મો. ૯૮૨૫૯ ૧૯૭૯૫, ૮૧૪૧૭ ૮૬૯૮૯, સૂરત તરફ)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## યૌમે આશૂરાની ઈબાદતો

કાર્યાલય

જે કોઈ મોહર્રમના પ્રથમ જુમ્આનો રોઝો રાખે તો તેના પાછલા ગુનાહો માફ થઈ જાય છે. *(રાવી : હઝરત અનસ رضی اللہ عنہ)* જે કોઈ મોહર્રમના ત્રણ રોઝા રાખે તો તેના માટે ૯૦૦ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.

### ★ આશૂરાની રાતના નવાફિલ ★

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** પચાસ વખત પઢે. **ફઝીલત :** પઢનારાના પચાસ વર્ષ આગળના અને પચાસ વર્ષ પાછળના ગુનાહ (સગીરા) બખ્શી દેવામાં આવે છે.

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"આયતુલ કુર્સી"** એક વખત અને **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે. નમાઝ પઢી લીધા બાદ ૧૦૦ વખત "કુલ્હુવલ્લાહ શરીફ" પઢે પછી દુઆ માંગે.

**ફઝીલત :** આ પઢનાર ગુનાહોથી પાક થઈ જશે અને તેને જન્નતમાં અગણિત નેઅમતો પ્રાપ્ત થશે.

**બે રકાત નફલ નમાઝ : "અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે.

**ફઝીલત :** હક્ક તઆલા તેની મહેરબાનીથી કયામત સુધી આ પઢનારની કબ્રને રોશન અને મુનવ્વર રાખશે.

હદીષે પાકમાં આશૂરાના રોઝાથી ઘણી ફઝીલત આવી છે. રમઝાન શરીફ પછી બેહતર રોઝા મુર્હરમના આશૂરાના રોઝા છે. ૯, ૧૦, અથવા ૧૦, ૧૧ એમ બે દિવસે રોઝા રાખી યહૂદીઓની મુખાલેફત કરો.

### ★ આશૂરાના દિવસના નવાફિલ ★

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ફાતિમાતુઝ્ઝોહરાની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈનની રૂહે મુબારકને પહોંચાડે.

**૬ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી જે સૂરત યાદ હોય તે ક્રમશઃ (તરતીબથી) પઢે અથવા ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. આ છ રકાત પૂરી થાય ત્યારે સજદામાં જઈ સાત વખત **"કુલ યા અય્યહુલ્ કાફેરૂન"**ની સૂરત પઢે અને તેનો સવાબ તમામ શોહદાએ કરબલાની રૂહ મુબારકને પહોંચાડે.

### ★ દુઆએ આશૂરા ★

આશૂરાના દિવસે ફજરની નમાઝ બાદ સૂર્ય ઊંચે ચઢયા બાદ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં **સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)** પછી કોઈ પણ સૂરત પઢે અને સલામ બાદ એક વાર આ દુઆ પઢો :–

*બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ. યા કાબિલ તૌબતિ આદમ યૌમ આશૂરાઅ, યા ફારિજ કર્બિ ઝીન્નૂનિ યૌમ આશૂરાઅ, યા જામિઅ શમ્લિ યઅ્કૂબ યૌમ આશૂરાઅ, યા સામિઅ દઅ્વતિ મૂસા વ હારૂન યૌમ આશૂરાઅ, યા મુગીષ ઈબ્રાહીમ મિન્નારિ યૌમ આશૂરાઅ, યા રાફિઅ ઈદ્રીસ ઈલસ્સમાઈ યૌમ આશૂરાઅ, યા મુજીબ દઅ્વતિ સાલિહિન્ ફિન્નાકતિ યૌમ આશૂરાઅ. યા નાસિર સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ યૌમ આશૂરાઅ. યા રહ્માન દુન્યા વલ્આખિરતિ વ રહીમહુમા સલ્લલ્લાહુ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિંવ્ વ સલ્લિઅલા જમીઈલ્ અંબિયાઈ*

વધુ ટાઈટલ નં. 3....પર

*વલ્મુર્સલીન વકૂદિ હાજાતિના ફીદુન્યા વલ્આખિરતિ વ અતિલ્ ઉમ્રના ફી તાઅતિક વ મહબ્બતિક વ રિદ્દાક વ અહ્યિના હયાતન્ તૈયિબતંવ્ વતવફ્ફના અલલ્ ઈમાનિ વલ્ઈસ્લામિ બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. અલ્લાહુમ્મ બિઈઝ્ઝિલ્ હસનિ વઅખીહિ વઉમ્મિહી વ અબીહિ વજદ્દિહી વ બનીહિ ફર્રિજ અન્ના મા નહ્નુ ફીહિ.*

પછી સાત વાર પઢે :–

*સુબ્હાનલ્લાહિ મિલ્અલ્મીઝાનિ વ મુન્તહલ્ઈલ્મિ વલ્મબ્લગર્રિદ્દા વઝિનતલ્ અર્શિ લામલ્જાઅ વલા મન્જાઅ મિનલ્લાહિ ઈલ્લા ઈલૈહ. સુબ્હાનલ્લાહિ અદદ શ્શફઈ વલ્વત્રિ વ અદદ કલિમા તિલ્લાહિત્તામ્માતિ કુલ્લિહા નસ્અલુકસ્સલામત બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. વહુવ હસ્બુના વ નિઅ્મલ્ વકીલ. નિઅ્મલ્ મૌલા વ નિઅ્મન્નસીર. વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ્ અઝીમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સહ્બિહી વ અલલ્ મુઅ્મિનીન વલ્મુઅ્મિનાતિ વલ્મુસ્લિમીન વલ્મુસ્લિમાતિ અદદ ઝર્રાતિલ્વુજૂદિ વ અદદ મઅ્લુમાતિલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.*

આ અમલ કરનારને અગણિત ઈબાદતનો સવાબ મળશે.

આશૂરાના દિવસે કોઈપણ સમયે બાવુઝૂ થઈને ૭૦ વાર પઢે : **હસ્બિયલ્લાહ વ નિઅ્મલ્વકીલ.** ગુનાહોની માફી માટે આ વઝીફો અફઝલ છે.

**આશૂરાના દિવસના મુસ્તહબ કામો : (૧)** રોઝો રાખવો **(૨)** સદકો કરવો **(૩)** નફલ નમાઝ પઢવી **(૪)** ૧૦૦ વખત કુલ્હુવલ્લાહ શરીફ પઢવું **(૫)** આલિમોની ઝિયારત કરવી **(૬)** યતીમોના માથા ઉપર હાથ ફેરવવો **(૭)** પોતાના બાલ–બચ્ચાંની ખાધા ખોરાકીમાં વધારો કરવો **(૮)** ગુસ્લ કરવું **(૯)** સુરમો લગાડવો **(૧૦)** નખ કાપવા **(૧૧)** બીમારોની ખબર કાઢવી **(૧૨)** દુશ્મનોથી મેળાપ કરવો **(૧૩)** આશૂરાની દુઆ પઢવી.

**★ ૫ રૂા.ની ટપાલ ટિકીટ મોકલી મંગાવો ★**

(૧) તૌબા (૨) સુનહરી બાતેં (૩) હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ તથા હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا (૪) ડો. તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં (૫) હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہ

**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની, ૨૮–એ, ત્રણ માળ પાસે, મુ. હાપા, જિ. જામનગર

**★ ૧ રૂા. ટપાલ ટિકીટ મોકલી મંગાવો ★**

કિતાબ : **નૂરાની જૌહર** રજૂકર્તા : **રબ્બાનીમિયાં એ. સૈયદ**

પ્રકાશક : **MAMGP** ધંધુકા બ્રાન્ચ, ધંધુકા, પિન : ૩૮૨૪૬૦

**પ્રાપ્તિસ્થાન : આર. એ સૈયદ,** ૯/હૈદર નગર કો.ઓ. હા.સો., જુહાપુરા અમદાવાદ–૩૮૦૦૫૫

**★ ૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★**

**કિતાબ : મુહર્રમમાં શું જાઇઝ શું નાજાઈઝ ?** મુહર્રમમાં થતી વર્તમાન તાઝીયાદારીની ખરાબીઓના નિર્દેશ સાથે અહલે સુન્નતના ચોટીના ઉલમાના ફત્વા તથા માર્ગદર્શન હેઠળ મુહર્રમમાં કઈ રસ્મો જાઈઝ છે, કઈ નાજાઈઝ તેને દર્શાવતી કિતાબ મંગાવો, લોકોમાં વહેંચો, વાંચો વંચાવો અને સાચા હુસૈની બનો.

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા,** મા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)